[illegible]-ગ્રન્થમાળા

# જગત્પ્રેરણા

નાનાલાલ દલપતરામ કવિ

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ વિભાગ
૨૪૨૯૮

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
| ગૂજરાતી કૉપીરાઈટ વિભાગ |

અનુક્રમાંક ૨૪૨૯૮ કિંમત ૨-૮-૦

ગ્રંથનામ જગતપ્રેરણા

વર્ગાંક ૨-:૨

# પ્રેમભક્તિ-ગ્રન્થમાળા

| | પ્રથમાવૃત્તિની સાલ |
|---|---|
| ૭૧, કુરુક્ષેત્ર, અર્પણ અને પ્રસ્તાવના | ૧૯૪૦ |
| ૭૨, કવીશ્વર દલપતરામ, ભાગ ૩ જો | ૧૯૪૧ |
| ૭૩, પાનેતર | ૧૯૪૧ |
| ૭૪, હરિદર્શન | ૧૯૪૨ |
| ૭૫, વેણુવિહાર | ૧૯૪૨ |
| ૭૬, પ્રજ્ઞાચક્ષુનાં પ્રજ્ઞાબિન્દુ | ૧૯૪૩ |
| ૭૭, જગત્પ્રેરણા | ૧૯૪૩ |

## હવે પછી છપાશે

૧, દ્વારિકાપ્રલય
૨, શ્રી હર્ષદેવ
૩, સાગરમન્થન
૪, ચન્દ્ર અને ચન્દ્રિકા
૫, વિચારણા, ભાગ ૧ લો
૬, વિચારણા, ભાગ ૨ જો
૭, ધર્મમન્થન, ભાગ ૧ લો
૮, ધર્મમન્થન, ભાગ ૨ જો
૯, મહેરામણનાં મોતી, બીજી સેર
૧૦, મહાકાવ્યઅભિનન્દનોત્સવ
૧૧, ગીતમંજરી, ભાગ ૨ જો
૧૨, કેટલાંક કાવ્યો, ભાગ ૪ થો
૧૩, નવાં ઉપનિષદો
૧૪, રાસ, ભાગ ૪. થો
૧૫, હરિસંહિતાનાં મંડળો

| | પ્રથમાવૃત્તિની સાલ |
|---|---|
| ૪૮, કવીશ્વર દલપતરામ, ભાગ ૨ જો, પૂર્વાર્ધ | ૧૯૩૪ |
| ૪૯, આપણાં સાક્ષરરત્નો, ભાગ ૨ જો | ૧૯૩૫ |
| ૫૦, ગોપિકા | ૧૯૩૫ |
| ૫૧, કેટલાંક કાવ્યો, ભાગ ૩ જો | ૧૯૩૫ |
| ૫૨, ગુરુદક્ષિણા | ૧૯૩૫ |
| ૫૩, પુણ્યકન્થા | ૧૯૩૭ |
| ૫૪, સ્નાતિકાપર્વની શિક્ષાવલ્લી | ૧૯૩૭ |
| ૫૫, ન્હાના ન્હાના રાસ, ભાગ ૩ જો | ૧૯૩૭ |
| ૫૬, મણિમહોત્સવના સાહિત્યબોલ, ભાગ ૧ લો | ૧૯૩૭ |
| ૫૭, મણિમહોત્સવના સાહિત્યબોલ, ભાગ ૨ જો | ૧૯૩૭ |
| ૫૮, સારથી | ૧૯૩૮ |
| ૫૯, હોલીંગરાજ | ૧૯૩૯ |
| ૬૦, મુંબઈમાંનો મહોત્સવ | ૧૯૩૯ |
| ૬૧, કુરુક્ષેત્ર, અષ્ટમ કાંડ, માયાવી સન્ધ્યા | ૧૯૩૯ |
| ૬૨, મહેરામણનાં મોતી | ૧૯૩૯ |
| ૬૩, કુરુક્ષેત્ર, તૃતીય કાંડ, નિર્ધાર | ૧૯૪૦ |
| ૬૪, કુરુક્ષેત્ર, સપ્તમ કાંડ, ચક્રવ્યૂહ | ૧૯૪૦ |
| ૬૫, કવીશ્વર દલપતરામ, ભાગ ૨ જો, ઉત્તરાર્ધ | ૧૯૪૦ |
| ૬૬, કર્ણાવતી | ૧૯૪૦ |
| ૬૭, સોહાગણ | ૧૯૪૦ |
| ૬૮, કુરુક્ષેત્ર, છઠ્ઠો કાંડ, આયુષ્યનાં દાન | ૧૯૪૦ |
| ૬૯, કુરુક્ષેત્ર, નવમો કાંડ, સહોદરનાં બાણ | ૧૯૪૦ |
| ૭૦, કુરુક્ષેત્ર, સમન્તપંચક અને મહાપ્રસ્થાન | ૧૯૪૦ |

પ્રથમાવૃત્તિની સાલ

૨૩, સંસારમન્થન ( ૨ જી આવૃત્તિ ) ૧૯૨૭
૨૪, વિશ્વગીતા ( ૨ જી આવૃત્તિ ) ૧૯૨૭
૨૫, ઇન્દુકુમાર, અંક ૨ જો ( ૨ જી આવૃત્તિ ) ૧૯૨૭
૨૬, ન્હાના ન્હાના રાસ, ભાગ ૨ જો ( ૨ જી આવૃત્તિ ) ૧૯૨૮
૨૭, ગીતમંજરી ૧૯૨૮
૨૮, જહાંગીર-નૂરજહાન ( ૨ જી આવૃત્તિ ) ૧૯૨૮
૨૯, કુરુક્ષેત્ર, ચતુર્થ કાંડ, યોધપર્વણી ૧૯૨૮
૩૦, કુરુક્ષેત્ર, પંચમ કાંડ, પ્રતિજ્ઞાદ્વન્દ્વ ૧૯૨૮
૩૧, કુરુક્ષેત્ર, એકાદશ કાંડ, શરશય્યા ૧૯૨૯
૩૨, કુરુક્ષેત્ર, દ્વિતીય કાંડ, હસ્તિનાપુરના નિર્ઘોષ ૧૯૩૦
૩૩, શાહાનશાહ અકબરશાહ ૧૯૩૦
૩૪, પાંખડીઓ ૧૯૩૦
૩૫, કુરુક્ષેત્ર, દશમ કાંડ, કાળનો ડંકો ૧૯૩૦
૩૬, સંબોધન ૧૯૩૦
૩૭, દામ્પત્યસ્તોત્રો ૧૯૩૧
૩૮, શિક્ષાપત્રી, સમશ્લોકી ૧૯૩૧
૩૯, બાળકાવ્યો ૧૯૩૧
૪૦, ઉપનિષત્પંચક ૧૯૩૧
૪૧, સંઘમિત્રા ૧૯૩૧
૪૨, પ્રસ્તાવમાળા ૧૯૩૨
૪૩, ઇન્દુકુમાર, અંક ૩ જો ૧૯૩૨
૪૪, કવીશ્વર દલપતરામ, ભાગ ૧ લો ૧૯૩૩
૪૫, ઓજ અને અગર ૧૯૩૩
૪૬, જગતકાદમ્બરીઓમાં સરસ્વતીચન્દ્ર ૧૯૩૩
૪૭, આપણાં સાક્ષરરત્નો, ભાગ ૧ લો ૧૯૩૪

# પ્રેમભક્તિ-ગ્રન્થમાળા

——:•:——

પ્રથમાવૃત્તિની સાલ

૧, કેટલાંક કાવ્યો, ભાગ ૧ લો (૨ જી આવૃત્તિ) ૧૯૦૩
૨, રાજસૂત્રોની કાવ્યત્રિપુટિ (૩ જી આવૃત્તિ) ૧૯૦૩-૦૫-૧૧
૩, વસન્તોત્સવ (૪ થી આવૃત્તિ) ૧૯૦૫
૪, કેટલાંક કાવ્યો, ભાગ ૨ જો (૨ જી આવૃત્તિ) ૧૯૦૮
૫, ઇન્દુકુમાર, અંક ૧ લો (૫ મી આવૃત્તિ) ૧૯૦૯
૬, ન્હાના ન્હાના રાસ, ભાગ ૧ લો (૭મી આવૃત્તિ) ૧૯૧૦
૭, ભગવદ્‌ગીતા, સમશ્લોકી (૩ જી આવૃત્તિ) ૧૯૧૦
૮, જયા-જયન્ત (૫ મી આવૃત્તિ) ૧૯૧૪
૯, મેઘદૂત, સમશ્લોકી (૩ જી આવૃત્તિ) ૧૯૧૭
૧૦, ઉષા (૫ મી આવૃત્તિ) ૧૯૧૮
૧૧, ચિત્રદર્શનો ૧૯૨૧
૧૨, રાજર્ષિ ભરત (૨ જી આવૃત્તિ) ૧૯૨૨
૧૩, પ્રેમકુંજ (૨ જી આવૃત્તિ) ૧૯૨૨
૧૪, પ્રેમભક્તિ-ભજનાવલિ (૨ જી આવૃત્તિ) ૧૯૨૪
૧૫, સાહિત્યમન્થન ૧૯૨૪
૧૬, વૈષ્ણવી ષોડશ ગ્રન્થો, સમશ્લોકી (૨જી આવૃત્તિ) ૧૯૨૫
૧૭, અમર પન્થનો યાત્રાળુ (૨ જી આવૃત્તિ) ૧૯૨૫
૧૮, શકુન્તલાનું સંભારણું (૨ જી આવૃત્તિ) ૧૯૨૬
૧૯, કુરુક્ષેત્ર, પ્રથમ કાંડ, યુગપલટો ૧૯૨૬
૨૦, કુરુક્ષેત્ર, દ્વાદશ કાંડ, મહાસુદર્શન (૨ જી આવૃત્તિ) ૧૯૨૭
૨૧, ઉદ્‌બોધન (૨ જી આવૃત્તિ) ૧૯૨૭
૨૨, અર્ધશતાબ્દીના અનુભવબોલ (૨ જી આવૃત્તિ) ૧૯૨૭

પ્રેમભક્તિ-ગ્રન્થમાલા

# જગત્પ્રેરણા

ન્હાનાલાલ દલપતરામ કવિ

આ આવૃત્તિના સોલ એજન્ટ
શ્રી એન. એમ. ત્રિપાઠી, લી.
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૨

[વિ. સં. ૧૯૯૯ ] [ ઈ. સ. ૧૯૪૩

કીંમત અઢી રૂપીઆ

૪૪૨૯૮

કર્તાને માટે રજીસ્ટર્ડ

પ્રકાશક : ન્હાનાલાલ દલપતરામ કવિ,
એલિસ બ્રીજ, અમદાવાદ.

પહેલી આવૃત્તિ પ્રત ૫૦૦

૧૯૨૭ પછી પ્રેમભક્તિ–ગ્રન્થમાળાના પ્રત્યેક ગ્રન્થની પ્રત્યેક નકલ ઉપર કર્તાની ટૂંકી સહી હોય છે.

સ્થળ : ગિરિવર ગિરનાર

કાળ : એક માસ ( વદ બીજથી વદ પડવે )

પાત્રો

| | |
|---|---|
| અગમ્યનાથ | |
| ગોરખનાથ | |
| ઓઘડનાથ | |
| નરસિંહ મહેતા | ભવાની |
| રા'ખેંગાર | માણેક મહેતી |
| કુમાર માણેરો | રાણકદેવડી |
| પરાક્રમ | મેનકા |
| વ્યોમેશ | જ્યોતિકા |
| માર્તંડ | મેઘમાળા |
| નટવર | પ્રભા |
| આચાર્ય | બંસરી |

ઉપરાન્ત : જોગીઓ, ચારણિયાણીઓ, સખીઓ, સંઘજનો, બાળકો વિ.

મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ
મુદ્રણસ્થાન : નવપ્રભાત પ્રિ. પ્રેસ
ઘીકાંટા, નૉવેલ્ટી ટોકીઝ પાસે–અમદાવાદ

# ગિરનારને ચરણે

ઉગ્યું સ્હવાર સુખરૂપ સખી ! અમારૂં:
યાત્રા હજો શુભ હવે અમ ઉર્ધ્વગામી.
માંડી સિંહાસન રવિ ગિરનારશૃંગે
યાત્રાળુને કનકઅંગુલિથી નિમન્ત્રે.

આકાશમાંથી ઉડુમંડળ સંચર્યું'તું,
આતિથ્યઅર્ધ્ય રવિ એક જ અર્પતો'તો;
તે લેઇ લેઈ નમણું ઉર નામતું'તું:
લીલાવિમુગ્ધ પડતું ઢળી દેવપાદે.

પ્રાચીઉરે વિચરતા અમ સૂર્યદેશે,
જ્યહાં સૂર્યનાં કિરણુ કોટિક ફૂટતાં'તાં;
ત્યહાં ઉડતા અમિત ભર્ગ તણા ફૂવારા:
આત્મનતૃષા છીપવવા લીધ પન્થ ત્યહાંના.

ન્હોતી સીમા ગગનની ય રચન્તી બાધા,
ન્હોતી સીમા જગત કે જગબન્ધનોની;
ન્હોતાં જ સંકલન કો સ્થલકાલનાં ત્યહાં:
નિર્બન્ધ એમ વહતા પ્રભુના પ્રવાહે.

લેતા વિરાટપગલાં સખી! વિશ્વગોળે,
વર્ષો સહસ્ર કૂદતા મૃગલાની ફાળે;
આત્મા પુરાણુતીર, લોચન વર્તમાન:
એવું હતું બળ પ્રિયે! નવપ્રેરણાનું.

હા ! કાળરાશિ સરિખા ગિરિ રાજતા'તા,
ને એક ભૂતકણુ ત્યહાં ચરણે પડ્યો'તો;
રાજેન્દ્ર કો થઇ ગયા સખી ! ધર્મગોસા,
તે કુળચન્દ્રની કથા ગુણુવન્તી ગાતો.

શું સ્થૂલસૂક્ષ્મલહરી નથી એક પૂરે ?
શું સ્થૂલ નેત્ર નવ ચેતનમન્ત્ર વાંચે ?
શું સૂક્ષ્મની ન વસી સુન્દરતા સ્થૂલોમાં ?
શું સ્થૂલમાં ન ઉભરાય અદૃશ્ય સૂક્ષ્મ ?

જોયું અમે ગિરિકણું, સ્થૂલની શિલામાં,
જોયું અમે જ ઉંડું, અદ્‌ભુત માંહિ દીઠું;
એ એક શૈલકણનું ઉર ભેદી જોતાં
ઇતિહાસવાહી કીધ દર્શન ત્ય્હાં પ્રભુનાં.

આદ્યન્ત સૌ જીવન આ જગનું ભરીને
ઘોરે અઘોરનીર સાગર કાળ કેરો;
તે સિન્ધુનાં જળ તણી દળપાંદડીમાં
મોંઘો સખો ! પરમ બ્રહ્મપરાગ ઉંડે.

મારી છલંગ સખી ! એક સમુદ્ર કુદ્યા,
નિહાળ્યું ભારત સુસાત્ત્વિક વન્દનીય;
નિહાળી શ્વેત ગિરિમાળની હિમભૂમિ,
ને સાધુસાધ્વીની દીઠી મંહી શિવરેખા.

ઓળંગી એ હિમભૂમિ, જલધિની ઝાડી,
આહ્લાદિની વિચરતી દીઠી ધર્મધેનુ;
ત્ય્હાં નિરખી સુભગરાઘવપાદ લંકા,
ને વીર વીરી મળી તે મંહી સ્તોત્ર ગાતાં.

સિદ્ધાર્થદેવ દીધ ભારતી એક વત્સા,
પોષી સહર્ષ સુરનન્દિની ચન્દ્રગુપ્તે;
દે ખંડખંડ દૂધ રાજર્ષિ અશોક:
સૌ એક શૈલકણમાં ગૂઢ એવું દીઠું.

ગાલે ઢળે નમણી પાંપણ અર્ધમીંચી,
ઢાંકે વળી વળી જ પાલવ ઉરદેશ;

સંકોરી કોર સરતી કરવેલડીઓ:
ત્હેના નથી રસિક શાસ્ત્રીય ભાષ્યકારો?

દીઠી શિલા મંહી ય સાગરની સમૃદ્ધિ,
દીઠો સ્થૂલે મહત ચેતનઓઘ વ્હેતો;
તો શૈલને જડ પછી વદવું પ્રિયે! શે?
તો શૈલને જડ કહી સખી! નીન્દવું કાં?

જ્યોતિ ઝીલી પરમભાવ દિનેશ કેરી,
સત્કારી સપ્રભ વિશાળ કૃપાની ધારા,
ચાલ્યા અમે પછી પીતા જ વરેણ્ય ભર્ગ
આતિથ્ય દેવકુળનું પ્રિય! માણવાને.

## પ્રસ્તાવના

આ પણ વળી એક છે 'છે' 'હતું' અને 'હશે'ની મુજ નિત્યની સમન્વયશૈલીનું નવનાટક. કોક આમાં 'આજ' વાંચશે; કોક આમાં 'ગઈ કાલ' વાંચશે; કોક આમાં 'આવતી કાલ' વાંચશે. મ્હેં તો લખ્યા છે આમાં આપણા સંસારના બોલ.

જગત્પ્રેરણા ક્યહાંથી સ્ફુરે છે? એ છે આ નાટકનો પ્રશ્ન; અને ગિરિવર ગિરનાર આપે છે એનો ઉત્તર.

કોક કહેશે કવિએ ગિરનારને બોલતો કીધો. ત્યહારે ગિરનાર શું મુંગો હતો આજ સુધી? યુગના યુગથી ગિરનાર તો બોલે છે: શિખરો બોલે છે, શિલાઓ બોલે છે, ગુફાઓ બોલે છે, વન બોલે છે, નિર્ઝરણીઓ બોલે છે; કૃષ્ણચન્દ્ર ત્યહાં બોલે છે, ગાંડીવધન્વા બોલે છે, મહારથી અભિમન્યુની માતા સુભદ્રા બોલે છે, નેમીનાથ ને રાજેમતી બોલે છે; કર્પુરકાન્તિ દત્તાત્રેય બોલે છે, અખંડઅવધૂત ગોરખનાથ બોલે છે, અણઘડજોગન્દર ઓઘડનાથ બોલે છે; મહાબાહુ ચન્દ્રગુપ્ત ને દેવોને પ્રિય અશોકવર્ધન બોલે છે પાટલીપુત્રના બોલ; રા'ખેંગાર બોલે છે, રાણકદેવડી બોલે છે, હરિવરનો લાડીલો નરસિંહ બોલે છે, નરસિંહની રંક ગૃહલક્ષ્મી માણેક મહેતી જગત્લક્ષ્મી સમું બોલે છે, દેવીપુત્રી નાગમતી બોલે છે; જોગન્દરો બોલે છે ને જોગન્દરીઓ બોલે છે, સિંહો બોલે છે ને સિંહણો બોલે છે: અને કાન હોય ત્હેમને

સંભળાવે છે ગિરિસન્દેશ. ગિરનારની શિલાશિલા ઇતિહાસો બોલે છે; ત્‍હાં મ્હારે ગિરનારને બોલતો કરવાનો હોય ક્‍યહાં? ગિરિવર ગિરનારે તો મ્હને બોલતો કીધો.

ગિરનાર એટલે ઇતિહાસ, ફિલસુફી, ને કવિતાનો મહાભંડાર.

ગિરનાર મનભર માણ્યો છે: આનન્દની ઉર્મિએ માણ્યો છે, પુણ્યની પગલીએ માણ્યો છે. શિખરો માણ્યાં છે, ગુફાઓ માણી છે, ગિરિઝરૂખા જેવી અગાસીઓ માણી છે; વનો માણ્યાં છે, કુંડો માણ્યા છે, સાતપૂડાની ઝરણી માણી છે, સોનરેખ ગંગા માણી છે, ભવનાથનો સરોવરવિશાળો ચોક માણ્યો છે. શિલાઓનાં ઓશીકાં ને આસન કીધાં છે. આતમભર પીધી છે ગિરનારની પ્રેરણા.

ગિરનારને ચરણે; અમે જોગીઓનાં બાળ; જગની જોગણો!

અહાલેક: આ નાટકમાં ગૂંથાયેલી એ કાવ્યત્રિપુટિ ગિરનારની પ્રસાદી છે, ને તેથી આમાં ગૂંથી છે. અન્યત્ર છપાઈ ગયેલાં છે છતાં આમાં વળી ગૂંથ્યાં છે: કેમ જાણે પ્રેમભક્તિ–ગ્રન્થમાળામાંથી વાંચીને પરાક્રમનું મંડળ ગાતું ન હોય. ત્રીજા ગીતનો ઇતિહાસ એવો છે કે ૧૯૦૪નો મે બેસતાં ગિરનારશિખરે સ્ફુરેલા એ ભાવોએ, પાંચ વર્ષો મનોદેશે ઘૂંટાઈ ઘૂંટાઈને, ૧૯૦૯ના મેમાં સિંહલદ્વીપમાં પેડ્રાતાલા-ગલ્લાની ગિરિછાયામાં ન્યૂરેલિયાની સરોવરપાળે કાવ્યરૂપ લીધું.

ગિરનારનાં આકર્ષણ મ્હને ગુરુત્વાકર્ષણ સમાં આવતાં. અમારા રાજકોટવાસમાં ત્‍હાંની ઘોડદોડની પગથિયાંપાયરીએથી ગિરનાર દેખાતો ને બોલાવતો. દલપતદીધી મુજ Puritanismને પછી ગિરનારે કંઈક જોગરંગે રંગી છે.

એક તિથિનો યે ગિરનારનો અતિથિ હું થતો. શનીવારે બપ્પોરે રાજાણેથી નીકળી સ્‍હાંજે જૂનાગઢ રેલ્વે સ્ટેશનેથી પરબારો તળેટીમાં જૈન ધર્મશાળાએ જતો. એકદા અમદાવાદની શ્રી આણંદજી કલ્યાણજીની જૈન પેઢીની કંઈક શરતચૂક થઈ ગઈ; અને આ સદીના પ્રથમ યૂરોપી વિગ્રહપ્રસંગનું મોંઘવારીભથ્થુ જૂનાગઢવાસી નોકરિયાતમંડળને આપ્યું, જેમને વિશેષ જરૂર એ શિખરવાસીઓને આપવું રહી ગયું. કોકની ઉઘાડી શરતચૂક હતી. ગિરિવાસીઓએ મ્હારે કાને

૨૪૨૫૯


વાત મૂકી; મ્હેં અમદાવાદ લખ્યું; પરિણામે ગિરિવાસીઓને એ મોંઘવારીભથ્થુ મળ્યું. એટલે, ચિન્તવ્યો કે અણચિન્તવ્યો, સ્હવારે સ્હાંજે કે રાત્રે, જ્ય્હારે જ્ય્હારે હું ગિરનાર જતો ત્ય્હારે દહેરાવાસીઓ ભાવથી મ્હારો આદરસત્કાર કરતા. છએક વાગતાં તળેટીમાંથી ગિરનાર અમે ચ્હડવા માંડતા–સિપાઈ મજૂર અને હું; ને રાત્રિએ નવેક વાગતાં ગઢમાં જઈને નાંગરતા. શનીરવિની રાત્રિઓ ને રવિની એક તિથિ ગિરિવાસ કરતો. ગિરિરાજની ભેખડભમ્મરે ઉભેલી, જૈનધર્મશાળાની અગાસીને આરે મન્દિરછોગલાં જેવી, એકલવાસી, ન્હાનકડી, એક ઓરડી છે–આભને ને ભવનાથના વનવિશાળા ચોકને નિહાળતી, ગરૂડના માળા સમી : ત્ય્હાં થતો મ્હારો ગિરિનિવાસ. સોમવારનો પહો ફાટતાં તો ગિરનારનો આ યાત્રિક ઉતરવા માંડતો, નવની મુંબઇમેઇલ પકડી મધ્યાહ્નને રાજકોટમાં ને પ્રવૃતિધર્મમાં પાછો પરોવાઈ જતો. એવા અણધાર્યા ને એક જ તિથિના અતિથિને ગિરનાર ભાવથી સત્કારતો ને આત્મતૃપ્ત કરતો.

સેવાદાસજીની જાયગામાંની એક ગોખજાળીસૂની ગુફામાં મહિનો-માસ અમે રહ્યાં હતાં. અગાસીનો ચોક, જાયગામાંનું જોગીઝુંડ, ને કનેનો ભૈરવજપ અમારાં પડોશી હતાં. પડતી રાત્રે ચન્દ્રિકાનું, મધરાતે ગાઢ અન્ધકારનું, પ્રભાતે ધુમ્મસધ્રમસાણનું–ગિરનારની મહાખીણના એક જ રાત્રિમાંના એ ત્રણ સ્વરૂપપલટાઓ ૧૯૦૪ના એપ્રિલઆખરમાં ગઢદરવાજાના ગોખેથી દીઠા હતા. મે બેસતાંમાં ગિરનારેથી ઉતરી જૂનાગઢમાં ન્હાના ત્ર્યંબકને નરસિંહ મહેતો ભજવતો નિહાળ્યો. જૂનાગઢમાં તો નરસૈયો પ્રત્યક્ષ થાય જ ને ?

એ પ્રથમ ગિરનારયાત્રામાં સંગાથનો સત્સંગ હતો પેલા શિવાજી-ગોત્રી ને મહારાષ્ટ્રના આજના ગૃહસ્થસંન્યાસી શ્રી વિઠ્ઠલ રામજી શીંદેનો. સૌરાષ્ટ્રે અમે સંગાથે ત્ય્હારે વિચરતા.

જેતલસરે આગગાડીમાંથી અમે ગિરનારદર્શન કીધાં. ચોટીલાના ડુંગર જેવડો ભાસ્યો. And is this Yarrow ? સહજ ભાવે એવો વર્ડ્ઝવર્થી ઉદ્‌ગાર ખરી પડ્યો કે આ ગિરનાર ? આભઆડો કેળપાન જેવડો ઉભો હતો. ૨૭ની વયે એ મ્હારૂં પ્રથમ ગિરનારદર્શન.

પછી ગગનસોપાન સરખી ગુરુ દત્તાત્રેયની હાથસાંકડી સ્હીડી ચ્હડયા; પડતી સન્ધ્યા આછા અન્ધકાર ઢોળતી હતી ત્ય્હારે અમે દત્તશિખરે ઉભા; કર્પુરકાન્તિ દેવનાં દર્શન કરીને અન્તરિક્ષલટકતી દેવઘંટાએ ધાયા; બાળકભાવે-અમે યે શ્રી દત્ત પ્રભુનાં બાળકડાં જ હતા ને?-શિખરવિરાજતો મન્દિરઘંટ વગાડી વગાડીને, ને વળી વગાડીને, સાયંકાળનું ભસ્મધારી મહાઅન્તરિક્ષ ઘંટાનાદથી ભરી દીધું; ત્ય્હારે, સારા સોરઠમાં પડતાઢોળાતા ગિરનારપડઘા સાંભળ્યા ત્ય્હારે, ગિરિવરનો મહિમા સ્હમજાયો. વર્ષે વર્ષે પછી, વય વધે એમ, ગિરનારમહિમા વધતો ગયો. આજે સરોવરનો સાગર થયેલો આ નાટકમાં એ નિરખાશે.

ઈન્દ્રેશ્વરની ઘંટા વગાડી છે; ભવનાથના મેળામાં ભમ્યો છું. મહાશિવરાત્રિની મધરાતે, મહામેદનીમાં એકલવિહારી, ભેખધારીઓનાં ભજનો ને સોરઠિયાણીઓના રાસડા સાંભળતો સાંભળતો, ભવનાથનાં ને પ્રગટપુરીજીનાં દર્શન કરીને ભવનાથના ચોકમાં સ્વયંસેવકોની સેના-પર્ણકુટીમાં સૂતો છું. એ પણ હતી જીવનની એક રસભર લ્હાણ.

'૨૯માં જૂનાગઢની કોલેજે એમના સ્નેહસંમેલનમાં મ્હને ન્હોતર્યો હતો. સોરઠી તવારીખનાં થર ઉખેળતાં ઉખેળતાં જૂનાગઢના કોલેજ-મંડળને ને સજ્જનમંડળને ત્ય્હારે કહ્યું હતું કે ગિરનારની શિલાશિલા કાળના મહામન્ત્રો બોલે છે.

છેલ્લો ગિરનાર દીઠો હતો '૩૯ની વર્ષામાં : ઝીણું ઝીણું ઝરમરતો ને સૂકાયેલી હરિયાળીથી ઝઝૂમતો. સૌરાષ્ટ્રમાં એ હતી સાવ આછોતરી વર્ષા. શ્રાવણ માસે તળ જૂનાગઢમાં પાણી ગાડાં ભરીને નરનારીઓને વ્હેંચાતું જોયું. વર્તમાન યૂરોપી સંગ્રામની ત્ય્હારે બેસતી તિથિઓ હતી. જીર્ણગઢના સ્વામીમન્દિરે સૌ. મણિબાને જન્માષ્ટમીએ કૃષ્ણ-જન્મનાં દર્શન કરવાં હતાં. પ્રફુલ્લેલાં ફૂલડાંઓમાં ને ઝૂલતા વેલી-મંડપોમાં જૂનાગઢના બગીચાશાસ્ત્રીના બાગબંગલે અમ ઉતારો હતો. ફૂલની બિછાવેલી ચાદર સરિખડી ત્ય્હાં ફૂલક્યારીઓ હતી. ત્રણેક માઇલ લાંબું ને અઢીયેક માઇલ પ્હોળું, ગિરનારતળેટીમાંનું નિજનું નવસર્જેલું, વન સમોવડું, દૂધેશ્વરનું મહાઉદ્યાન (Park) બગીચા-શાસ્ત્રીએ અમને દાખવ્યું. દસ હજાર આંબાઓનું એ આંબાવાડિયું;

અને કેટલાકની તો ધમડાછાના જેવડી નાળિયેરી ફેરીઓ. ઝરણીઓ, આમ્રપૂલો, પુષ્કરણીઓ, આંબાવાડિયાં, ગિરિવરની પદાંગુલિઓ ઉપર ઝુલતી ઝાલર જેવી વનમાળાઓઃ બરફનું નહિ; એ તો છે લીલમલીલી હરિયાળીનું ગુજરાતનું કાશ્મીર. પણ ન દીઠા ત્ય્હાં બાદશાહો, બાદશાહણો, જોગન્દરો, કે જોગન્દરીઓને. કુંજો ને ઉદ્યાનો જાણે વાટ જોતાં હતાં વનઉત્સવિયાંઓની.

આ નાટકનો આરંભ થયો વડોદરે દેશરત્ન પ્રો. માણેકરાવજીના અખાડામાં. પહેલા અંકનાં પાણી ત્ય્હાં ઝીલાયાં છે. હું ત્ય્હાં ગયો હતો મ્હારા હૃદયરોગના ઉપચારાર્થે. કાવ્યઝડીઓ ઈન્દ્રાધારે વરસતી: ઝીલતાં ઝીલનારો યે થાકે. એક અઠવાડિયાની કવિતાની હેલી જામી હતી.

જગત્પ્રેરણા કઈ છે ? સોનું, કે સ્ત્રી, કે સંસાર, કે જોગ, કે લોકસેવા, કે સૂર્ય, કે કલ્યાણભાવના ? કે એ સહુનો સમન્વય ? ન્હાનીમ્હોટી એ સહુ છે જગત્પ્રેરણાઓ. પણ એક ઘંટા વગાડયે હજાર ઘંટાઓ વાગે એ જગત્પ્રેરણા કઈ ?- પરાક્રમ શોધતો હતો એ ? પેલા સહસ્રલિંગ સરોવરની ઘંટાઓના જેવી ?

અમદાવાદના કાંપની સડકે વર્ષો પૂર્વે સ્હાંજને પ્હોરે એકદા હું ટહેલતો હતો. ત્ય્હાં મળ્યા એક મહાજન.' બે પેઢીનો અમ કુટુંબ-પરિચય. વર્તમાન દેશવાર્તા ઉકેલતાં ઉકેલતાં સદાસ્થિરબુદ્ધિ એ મહાજનના મુખમાંથી સહજ ભાવે યુગમહિમા સરી પડયો કે 'ત્હમારા જેવા Fire Brand—.' પડયા તે જ ક્ષણે શબ્દો થંભી ગયા. મ્હેં પૂછ્યું 'મુંબઈ ક્ય્હારે જવું છે ?' એમણે ધાર્યું ઠીક થયું; કવિએ વાત વિસારી. બોલ્યા 'પરમ દિવસે.' પૂછ્યું કે 'આગગાડીને બધા પહેલા વર્ગના જ ડબ્બા જોડાવાના છે ? કે અંજીન હશે જોડેલું ?— જશો ત્ય્હારે ?' એમણે પ્રત્યુત્તર પૂછ્યો કે 'હસો છો કે હસાવો છો ?' પછી મ્હારા પ્રશ્નમર્મનો ભાષ્યવિસ્તાર મ્હેં વિસ્તાર્યો કે 'પહેલા જ વર્ગના ડબ્બા બધા જોડાશે તો આગગાડી નહિ હાલે કે નહિ ચાલે : સ્ટેશનમાં જ પડી રહેશે. એકાદું યે હૈયાહોળીવન્તુ અંજીન હશે તો મુંબઈ પહોચાડશે.' સાંભળીને એ મહાજનની સુજનતા હસી પડી.

ત્ય્હારે જગતની જગત્પ્રેરણા કઈ છે ? મહર્ષિઓ એ પ્રશ્ન પૂછતા ને આજે યે પૂછાય છે એ મહાપ્રશ્ન.

केनेषितं पतति प्रेषितं मनः ? એ મહાપ્રશ્ન ઉપનિષત યુગથી પૂછાતો આવ્યો છે; અને એ મહામન્ત્રનો ઉત્તર ઉચ્ચારતાં મહર્ષિએ કેનોપનિષદ ઉચ્ચાર્યું હતું. મહર્ષિએ એ ઉપનિષદમાં વર્ણવેલું છે The Primal Cause, the Cause of all causes. નિઃસન્દેહ પરબ્રહ્મ તો છે જ બ્રહ્માંડની પરમ પ્રેરણા.

ત્ય્હારે માનવઇતિહાસમાંની જગત્પ્રેરણા કઈ ? ભીષ્મ ને પાર્થની, એકિલીઝ ને સિકન્દરની પ્રાણપ્રેરણા કઈ હતી ?

યૂરોપની ને એશિયાની આર્યમહાપ્રજાઓની પ્રેરણા હતી યજ્ઞવેદિ. યજ્ઞ યજીને આર્યો મહાપ્રવૃત્તિમાં પ્રવર્તતા. સ્કોટલાંડવાસીઓ ને મરાઠાઓ ડુંગરશિખરો સળગાવતા ને Bon Fires પ્રગટાવતા.

માનવઇતિહાસ કહે છે કે યજ્ઞાગ્નિ છે બ્રહ્માગ્નિ. અને યજ્ઞાગ્નિ પ્રગટાવે જોગી ય તે ને ગૃહસ્થી ય તે.

ગિરનાર બોલે છે જોગ ને સંસારનો સમન્વય.

વસ્તુતઃ આ નાટક છે નવનરસૈયાનું—સંન્યસ્ત ને સંસારના સમન્વયનું.

નરસિંહને ને માણેક મહેતીને અને રાણક–રા' ખેંગારના ઉપરકોટને સંભાર્યા વિનાનો ગિરનારગ્રન્થ અધૂરો જ લેખાય. ઉપલક દૃષ્ટિએ જોનારને નાટકના એ પ્રવેશો કદાચ છૂટા પડી જતી મણકા લાગશે. પણ એ છે હારના ઝૂમતાં. કલાની ઝીણવટદૃષ્ટિએ નિરખનારને જણાશે કે આચાર્યના ભેદમયી પાત્રદ્વારા એ પ્રવેશો પ્રધાન વાર્તાવસ્તુની માળામાં ગૂંથાયેલા છે.

૧૯૧૨માં સરસ્વતીચન્દ્ર ભજવાયો ત્ય્હારે જયા–જયન્ત લખાયું. ૧૯૩૫માં જયા–જયન્ત ભજવાયું ત્ય્હારે ગોપિકા લખાઈ. ૧૯૪૧માં ગોપિકા ભજવાયું ત્ય્હારે જગત્પ્રેરણા લખાઈ. એમ દુનિયામાં દીવો દીવાને પ્રગટાવે છે.

ચિ. અનુભાઈએ જયા–જયન્તને શણગાર્યાં તો ગોપિકા આવી; અને ગોપિકાને શણગારી તો જગત્પ્રેરણા આવી. ગુજરાત એટલું રસસમૃદ્ધ થયું.

૨૭ જૂલાઈ ૧૯૪૧ ન્હાનાલાલ દલપતરામ કવિ

# જગત્પ્રેરણા; અંક પહેલો

## પ્રવેશક

( ગિરનારના એક શિખરચોકની વચ્ચે સિંહને ને સિંહણને રમાડતાં અગમ્યનાથ ને ભવાની સન્ધ્યાના પડછાયાઓમાં પડેલો વિશાળો પૃથ્વીવિસ્તાર નિહાળતાં ઉભાં છે. )

**અગમ્યનાથ** : ભવનો કિયો પ્રવર્તે છે આ યુગ ?
ભરતીનો ? કે ઓટનો ?
પેખો તો છો ને ? ભવાની !

**ભવાની** : પેખું યે છું ને વિમાસું યે છું.
અગમ્ય છે એ અગમ્યનાથથી
કે ભવાનીને પૂછે છે ભવનો યુગ ?
ભવના સૌ ભેદો સુગમ છે મ્હને.

**અગમ્યનાથ** : ભવાની ભવાનીને નહિ
તો કોને પૂછું ભવના ભેદો ?
ભવની ! તું છો ભવેશ્વરી.

**ભવાની** : અને તું છો અગમનિગમનો અગ્નિ.
અગમ્ય રહ્યા મ્હમે, અગમ્યનાથ !
ને અગમ્ય રહ્યો ભવનો યુગ.
યોગેન્દ્ર ! યોગનાં જતન કરજો.
( જગતને નિહાળતો સિંહ ઘૂરકે છે. એ સિંહનાદે ગિરનારની ગુફાઓ ગાજે છે, ને વન ડોલે છે. )

**અગમ્યનાથ** : શાન્ત થા, ગોરખ ! સજ્જન થા.
સિંહ છે સજ્જન, ને સજ્જન છે સિંહ.
( ભવાની ઉપર દૃષ્ટિઝરમર વરસાવીને )
યોગેશ્વર જતન કરશે યોગનાં,
ને ભવનાં જતન કરશે ભવાની.

પણ પેલો હતાશ પરાક્રમ
જગતમાં શોધે છે જગત્પ્રેરણા;
એને કેમ નથી પ્રગટાવતી આતમજ્યોત?
ખૂટી ગઈ જગતની વિદ્યુત્વેલો?
ભવાની ઓસરી ભવ સરજીને?
હાથી ડોલે છે, વાજી દોડે છે;
પંખી ઉડે છે, બાણુ ઝડપે છે;
આભમાં ઘૂમે છે વિમાનો
પૃથ્વી પગથારેથી ઉછળતાં.
ધરતીને ધણધણાવે છે ચળદુર્ગો,
સાગરને મન્થે છે જળસંચારિણીઓ.
ઝંખવાયેલો ઝબકે છે દીવડો ય તે.
ભવાની! ભેદભરેલા છે ભવના ખેલ.
પરાક્રમનો નહિ પ્રગટે પ્રદીપ?
ઝાંખો છે એનો આતમદીવડો:
અન્ધકારના યુગ જેવો.

**ભવાની** : (ગગનમંડળની પાછળ જોતી)
તું યે જાણુ છ ને હું યે જાણું છું,
અગમ્યવિહારી અગમ્યનાથ!
કે પ્રગટશે–નિઃસન્દેશ પ્રગટશે
પરાક્રમનો ઝંખવાયેલો દિલદીપક.
પણ પાંખે નથી પ્રસોરતો પરાક્રમ.
પાંખ પ્રસારે તો પ્રેરણા પૂરૂંને?

**અગમ્યનાથ** : તો શાં છે ભવનાં ભાવી?

( ચાલતો વાદળીપડછાયો નિરખીને સિંહણ ઘૂરકે છે.
એ સિંહણનાદે ગગનનો ઘુમ્મટ ગાજે છે, ને પૃથ્વી
ડોલે છે. અગમ્યનાથની આંખડીઓ તેજસ્વી થાય છે.)

**ભવાની** : સાંભળ આ સિંહણની હાકલ;
પૃથ્વી કમ્પે છે સિંહણહાકલે.
આનન્દો, અગમ્યનાથ ! આનન્દો.
વિશ્વપડઘો બોલે છે કે
બ્રહ્મતેજ છે જગતદૃષ્ટિ
ને યજ્ઞાગ્નિ છે જગત્પ્રેરણા;
સત્સંગ છે પારસમણિ
ને ચિન્તામણિ છે પ્રવૃત્તિચાખડીઓ.
પ્રવૃત્તિ ખેલશે તે પુરુષ નીવડશે;
ને પરાક્રમપુરુષ નીવડશે
એ પામશે પૃથ્વીનાં પુણ્યોફળો.
પુરુષો ! પુરુષ થાવ પૃથ્વીપડમાં,
ને સ્ત્રીઓ ! પ્રફુલ્લાવો સ્ત્રીત્વ;
તો સંસાર થશે સ્વર્ગમૂલો,
તો પ્રભુતા પાંગરશે પ્રારબ્ધવેલડે,
સૌન્દર્ય સોહાશે સૃજનવનોમાં.

**અગમ્યનાથ** : સૌન્દર્ય શી ચીજ છે ? ભવાની !

**ભવાની** : અગમ્યથી યે અગમ્ય છે સૌન્દર્ય.
તો સાંભળ ને શીખ, જાણુન્દા ને પૂછન્દા !
સૌન્દર્ય એટલે, અગમ્યનાથ !
માનવફૂલડાંનાં સુગન્ધ ને તેજ.
સૌન્દર્ય છે સૃજનનો સોહાગ.
ત્ય્હાં વસે છે જગતજયિની જગત્પ્રેરણા.

**અગમ્યનાથ** : તો તો જ્યોતિકા છે સૌન્દર્યજ્યોત:
જાણે યજ્ઞાગ્નિની સાત્ત્વિક જ્વાળા.
જ્યોતિકા પ્રસરાવશે પરાક્રમની પાંખો.
જા, ભવાની ! જા જગતમાં;
ને સોહામણું કર જ્યોતિકાના સૌન્દર્યને.

**ભવાની** : જ્યોતિકા સોહામણી છે સદાની.
સૌન્દર્ય હોલવાતું નથી કદી યે.
સાચ્ચું સૌન્દર્ય છે સનાતન.

**અગમ્યનાથ** : શું ? જગતમાં છે હજી સૌન્દર્ય ?

**ભવાની** : (અગમ્યનાથનું હૈયુંસંશોધતાં દૃષ્ટિશર નાંખતી નાંખતી)
શું ? દીઠું નથી સૌન્દર્ય ત્હેં ?
સૌએ દીઠાં છે સૌન્દર્યનાં ફૂલડાં
પૃથ્વીની કોક વેલીવેલીએ પ્રફુલ્લતાં.
હા; સૌન્દર્ય છે હજી જગતમાં.
જગતે જીવત્વ છે સનાતન,
એટલું સૌન્દર્ય છે સનાતન.
પણ સૌન્દર્ય છે વીરત્વની ઝેલડીએ.
પ્રેરણા, સંકલ્પશક્તિ, વ્રતદીક્ષા, મહાવિજયો:
એ છે ઉત્તરોત્તર પગથિયાં
વસન્તવેલને ચ્હડવાનાં વિશ્વસોપાનનાં.

(નયનો ચમકાવતાં સિંહ ને સિંહણ કાન માંડી એ જનવાર્તા સાંભળે છે.)

**અગમ્યનાથ** : ભવાની ! ભૂલીશ મા ભવના ઇતિહાસો.

**ભવાની** : ભૂલી નથી હું બ્રહ્માંડની ગાથા.
વીરત્વ ઓસરે ત્ય્હારે સૌન્દર્ય ઓસરે;
વીરત્વ પાંગરે ત્ય્હારે સૌન્દર્ય પાંગરે:

એ છે સૃજનજૂનાં સત્યો.
જો, સાંભળ, અગમ્યનાથ !

( અન્તરિક્ષેથી વહતી વાદળી ચન્દરવો આચ્છાદે છે, દિશાઓની કુંજો શબ્દ ઝીલે છે, ને શિખરો ઝીલી ઝીલીને નિર્ઝરે છે એ શબ્દધારા જગતમાં. ભવાની ભવનું ગીત ગાય છે ને પૃથ્વીને પ્રશ્ન પૂછે છે. )

**ભવાની** : પ્રારબ્ધની ડાળીએ ફૂલ્યું એક ફૂલ;
સજન હો ! મૂલવશે એહનાં કો મૂલ ?
વણદીઠા પરિમળો પાથરે જીવનપન્થે,
વણદીઠા નવવાયુ વાય;
વણદીઠ વિધાત્રીની પાંખડી શી આંખડી
અગમ્યને લ્હેરખે લહરાય:
સજન હો ! મૂલવશે એહનાં કો મૂલ ?
પ્રારબ્ધની ડાળીએ ફૂલ્યું એક ફૂલ;
સજન હો ! મૂલવશે એહનાં કો મૂલ ?

**અગમ્યનાથ** : ( ઊંડાં ઊંડાં વહતાં અન્તર્જળને વાળીને )
જો, પે–એ–લો આવે પરાક્રમ:
જાણે ઝંખવાયેલો સ્હાંજનો સૂરજ.
જા, ને કહે જ્યોતિકાને કે
ચમકાવે ચેતનની ચિનગારી.
ને ગોરખને દે આદેશ
આગમયજ્ઞની જગાવવાને જ્યોત.
ભવનાથના ભૂતેશ્વર પૂજારી
છે ત્હારા સેનાનાયક.
ધૂણાવ ગિરનારનાં શિખરોને
ને બોલાવ કાળના બોલ.
સિંહ ને સિંહણની થા ગોવાળણ.

**ભવાની** : હા, પૃથ્વીના હતાશ પરાક્રમની
જ્યોતિકા પ્રગટાવશે પાંખો
ને ગોરખ પૂરશે મ્હીં જગત્પ્રેરણા.
જગઅણુઓમાં જાગશે બ્રહ્મચેતના.
ચાલો, જઈએ જગત જગાડવાને;
ને સંકોરીએ જ્યોતિકાંની જ્યોત
અને અખંડઅવધૂતની યજ્ઞજ્વાળા.
જોગીઓને જોઈને બ્હીએ છે
સિંહ ને સિંહણ પણ.
દોર ત્હારા સિંહને.
હાલી આવશે પડખે પડખે
મ્હારી મતવાલી સિંહણ.
શીખવ સંસારીઓને જોગ
ને જોગીને સંસાર.
( સિંહને પડખે સિંહણ સમાં અગમ્યનાથ ને ભવાની
જગત ઘૂમવાને ને જગત જગાડવાને જાય છે. )

---

## પ્રવેશ પહેલો : ગિરિવરને ઝરૂખે

( ભવનાથનો યોજનવિશાળો વનચોક નીચે વિસ્તરેલો છે, ને ઉપર ગિરનારશિખરે અંબાજીના ઝરૂખામાં પરાક્રમ વિચારસમાધિમાં ડૂબેલો ઉભો છે. સ્હવારનાં તેજ ઢોળાતાં હોય છે, ને મ્હીં ગરૂડગરૂડિણીઓ ઉડે છે.

ધીરે ધીરે, ફૂલની પાંખડીઓ ઉઘડે એમ, પરાક્રમની પોપચાંની પાંખડીઓ ઉઘડે છે, સમાધિસ્થ જેવો પરાક્રમ જાગૃત થાય છે. ઝરૂખામાંથી આવતાં સ્હવારનાં સૂર્યકિરણો માથે તેજમુગટ રચે છે. )

**પરાક્રમ** : વાયુને ઝાલું ? કે વીજળીને ?
જગત્પ્રેરણા વાયુ છે કે વીજળી ?

(ભવનાથનો ચોક નિહાળતો મન્દ પગલે ઝરૂખામાં ટહેલે છે.)

સરિતા સમાં વહે છે
ઘનઘોર જગનાં પૂર :
મહાજળનાં જાણે ઘૂંચળાં.
જગતની સનાતન અસ્થિરતામાં
અસ્થિરતા એક જ ભાસે છે સ્થિરતા.
સાચું હતું સિદ્ધાર્થનું વિશ્વદર્શન :
**क्षणिकं क्षणिकं; दुःखं दुःखम्; शून्यं शून्यम्.**
ઉત્સાહનાં ઢળી પડ્યાં શઢસૂકાન;
અને હુતાશ ઉભો છું
ભાગેલા જહાજના જેવો.
આ તો છે પરાક્રમનાં ખંડેર.

(આત્માને થાક ચ્હડ્યો હોય એમ થંભે છે; આકાશ ભેદતી દૃષ્ટિએ આભમાં નિરખી રહે છે.)

ત્રણ ત્રણ સાગરો દીઠા
ગિરનાર ભરતા ગઇ રાત્રિમાં:
ગિરનારીનો કિયો સાગર સાચો ?
પડતી રજનીએ હતો ચન્દ્રિકાસાગર
ગિરનારની મહાખીણુમાં છલકાતો.
આભઉંચા ઉભરાઇ જતા'તા કાંઠાઓ.
ચન્દની ચન્દની ને ચન્દની—
ચન્દનીનો એક હતો પારાવાર :
જાણે સુભાગ્યની ભરતી.
સરોવરો સમાં આંબાવાડિયાં
ઉછાળતાં'તાં ચન્દનીના મહામોજ;

પર્વતમાળ હતી આરસછાટો;
અન્તરિક્ષ હતું આનન્દનગરી.
પછી પ્રહર પલટાયો
ને પડી ગાઢ મધરાત.
ભૂંસાયું સમગ્ર દિશાદર્શન;
કોકની જાણે હાથેળી ફરી,
ને ભૂંસાઈ પૃથ્વીની પાટી.
એક ઉભરાતો 'તો અન્ધારસાગર :
ભવ ભરીને ઉભો જાણે મહાભૈરવજપ.
તારલાઓ જોતા ને હસતા
અવનીના એ અન્ધારપછેડાને.
શિખરો થયાં શૂન્યના સ્તંભો.
પગની આંગળીઓ યે
પેખાતી નહિ આંખડીઓને—
એવા ડૂબ્યા'તા પાય તિમિરજળમાં.
નાવડી શી કાળી કીકીઓ
હેલિયાં ખાતી 'તી અન્ધારતરંગોમાં.
પછી તો આછાં તેજે ભૂંસાયાં
ઘેરી ઘેરી પાછલી રાતનાં :
જાણે મહર્ષિઓસૂની ધરતી.
પછી પથરાયો ધુમ્મસસાગર :
જાણે નિહારિકાની વિરાટવ્યાપી અઘોરતા.
રત્નાકરનાં મહારત્નો સમા
હોલવાયા તગતગતા તારલાઓ.
નહિ જ્ઞાન, નહિ અજ્ઞાન :

અશ્રદ્ધાની ઉડતી જાણે વાદળીઓ.
પર્વતધારો પડી પડદા પાછળ.
વનવૃક્ષો, જળધોધો, મન્દિરશિખરો,
સુવર્ણરેખાની સોનલખીણ—
સહુ ડૂબ્યાં અદૃશ્યતામાં.
ગિરિવર ગિરનારે લોપાયો દૃષ્ટિદેશેથી.
ગગનઝાલરોની પાછળ જોવાય,
તો જોવાય એ ધુમ્મસઝાલરોની પાછળ :
એવા પડ્યા'તા ધુમ્મસના અભેદ્ય પડદાઓ.
અદર્શન એક હતું દર્શન.
જગત લોપાયું ને બુદ્ધિ યે લોપાઈ.
(હતાશના અતિમન્દ પગલે ગિરિઝરૂખામાં ટહેલે છે.
આઘેથી આકાશભરતો ગીતટહુકો સંભળાય છે.)
એવા આછેરા ભાગ્યના ભણકાર
માનવી ! માનીશ મા.
(એક ગરૂડરાજ આવી ઝરૂખાની સ્ફટિકડાળે બેસે છે.)
ગિરિવર ગિરનાર !
ત્રિગુણના મહાસાગરો સમાં
વિશ્વભરતી એક જ રાત્રિમાંનાં
એ ત્હારાં ત્રણ વિરાટસ્વરૂપો.
(પરાક્રમ ક્ષિતિજની પાળ શોધે છે.)
પેલો ન્હાળા ઉછંગનો ઉપરકોટ :
જાણે પૃથ્વીની ઉછાળેલી હાથેળી.
કાળી ગોરમ્ભતી એની ભમ્મરલેખડ
ને વાદળવીંટ્યા એના કાંગરાઓ.

ત્ય્હાં રમતાં રાણક ને રા' ખેંગાર :
પૃથ્વીનાં જાણે દેવ ને દેવકન્યા.
મ્હણે દામાકુંડે નરસૈયો નાચતો :
આજે કેમ ત્ય્હાં થનગનતું નથી કોઇ ?
ને પાસે સુદર્શન સરોવરની પાળે
છે અશોકદેવના ધર્મજ્યોત આદેશો
આજને યે સદ્ધર્મ સદ્બોધતા.
અને આ શિખરમાળા—
અદ્ભુત ને ઇતિહાસસોહામણી !
કૃષ્ણચન્દ્ર ત્ય્હાં સંચરતા;
પાર્થ ત્ય્હાં પ્રફુલ્લતો;
સુભદ્રા બોલતી ત્ય્હાં વિશ્વભદ્રો.
ગિરનાર એટલે ઇતિહાસના ઢગલા
ને મંહી પડેલી કાળની પગલીઓ.
( ગિરિવરપથરાતાં નયનો પાથરી આભઝરૂખામાં ટહેલે છે.)
યોગીઓ નીંદરે છે સમાધિમાં.
મહાધોધ સૂકાઇને થયા ઝરણાં.
કરમાઇ ગયાં વેલીઓ ને વૃક્ષરાજો.
ગુફાઓ છે જોગીઓસૂની,
મન્દિરો છે નરસૈયાસૂનાં.
વિખેરાઇ ગયાં સાવજનાં ધણ
ને ભમે છે હવે એ એકલવીર.
ગરવો ને ગગનભરતો ગિરનાર
ન્હાનકડો ભાસે છે આજ.
(જગતનો પાથર્યો પટ આંખડીએ ઓળંગતો ઓળંગતો)

અમે જોગી મહાવરવા સ્મશાનો ઢૂંઢનારાઓ;
ઝમીં ને આસમાનોના હડા ઉડાવનારાઓ. (કલાપી)

હતાશ હૈયા ! ત્હેં જગત ત્યાગ્યું
જોગી થવાને
ને જગત્પ્રેરણા શોધવાને.
બૂઝાઇ ગઇ એ જોગીની ધૂણીઓ.
નિર્ધાર નથી; વ્રત નથી;
દુનિયાંને નથી આજ દિશાદર્શન.
( મન્દિરઘુમ્મટછલકાતો ગીતબોલ ઢોળાય છે. )
એવા આતમઘેરાતા અન્ધાર
માનવી ! માણીશ મા.
સાગરજળ શાં સૌ છે ડામાડોળ.
સ્થિરતા ક્ય્હાં છે ગિરિવરની ?
ઉછળે છે ને ભાગે છે મહામોજ.
યૂરોપ અમેરિકા ભમ્યો; જાપાન જોયું;
બધ્ધે યે છે અન્ધકારના ઓળા,
બ્રહ્મતેજના ને માનવતાના મહાઓટ.
બ્રહ્મર્ષિઓનો ભારતવર્ષ
એક છે માનવવંશની આશા.
જગત છે સદાયનું ક્ષણભંગુર;
આજનું જગત છે ભંગારભૂક્કો.
આવો ને ઘડો કો મહામૂર્તિઓ
આ ભંગારના ઢગલાઓમાંથી.
આંસુ ઝરે છે જગતને જોઇ જોઇને;
હૈયું ભાગે છે, ઉલ્લાસ ઉપટે છે.

અને પછી થયું ભગિનીનું પતિપતન;
વીરીની કપાઈ પ્રેરણાની પાંખ.
જોબનનાં મૃત્યુ શાને છે જગતમાં?
વીરીનો આત્મા ફૂટ્યો ત્‍હારે
વીરનો યે ફૂટી ગયો આત્મન્.
ગિરનાર સાંધશે અમ ફૂટેલા આત્માઓને?
જોગી કો સધાવશે જોગસન્ધાન.
(લોલ લોચનમાંથી જ્વાળાઓ નાંખતો નાંખતો)
Dynamics of Humanity!
ક્‍હાં જડશે જગત્સંચારતી એ મહાશક્તિ?
ભૈરવજપ ખાંઉ કે
ઈચ્છેલું પામું આવતા ભવમાં?
(પડતો ધોધ થંભતો ભાસે એવું ક્ષણેક થંભે છે.)
આવ, ઓ જગત્પ્રેરણા!
આવ ને જગાડ જગતના હુતાશને.
જંજાળ ઝબૂકે છે; મનવાર ધસમસે છે;
તિથિઓ ઉડે છે પાંખો ફડફડાવતી.
શિલાઓ થઈ નીન્દરશે
માનવીનાં અણુપરમાણુઓ?
(ઝરૂખે બેઠો ગરૂડ પાંખો ફડફડાવતો ઉડી જાય છે.)
પંખીરાજ ઉડ્યા ગગન માપવાને.
હું યે ઉડીશ આભમાં
ને ઝડપીશ ઝબકતી વીજળીને.
જાગ, ઓ હૃદયસ્થ જગન્નાથ!
ને પ્રગટાવ જગત્પ્રેરણા.

(થાંભલાને અઢેલી બીજા સ્તંભ શો ઉભે છે, વિચારે છે.)
સાચું કહેતા'તા એ સોરઠના સાધુ:
'બન્દા ચક્કમ ? કે દુનિયાં દિવાની ?'
(જાણે ગિરનાર બોલતો હોય એવો અદસ્ય માનવબોલ સંભળાય છે.)
'બન્દા ચક્કમ છો–બન્દા;
કે જગત છોડી આવ્યા છો જડતામાં.'
(નિદ્રામાંથી જાગ્યા જેવો પરાક્રમ ચમકે છે; આસપાસ નિરખી અંબાજીના ગોખમાં નિહાળે છે. ઘુમ્મટના પડછાયા ત્‍હાં પથરાયેલા છે.)
ગિરનાર બોલ્યો ? કે માનવી કો ?
માનવબાળ હો તો પ્રત્યક્ષ થાવ.
દાઝયાને ડ્હામો મા,
દુભાયાને દુભવો મા.
(મન્દિરઘુમ્મટમાંથી મન્દિરદ્વાર ભણી, ને મન્દિરદ્વારમાંથી પછી જગત્ચોકમાં, ગીતધારાઓ વરસે છે.)
એવા આછેરા ભાગ્યના ભણકાર
માનવી ! માનીશ મા;
એવા આતમઘેરાતા અન્ધાર
માનવી ! માણીશ મા.
વંટોળ વાશે, ને આંધી અન્ધારશે,
ઉખડશે આભના અંકોર રે;
રમતું રમો તે જોઇ રમજો, ગરૂડરાજ !
વાગે ના વાયુના ઝકોર :
માનવી ! માનીશ મા.
ઉગમતલ સૂર્ય અને આથમતલ ચન્દ્રમા
કાળનાં પલ્લાં બે, વીર રે !

નર ને નારાયણ ઝાલીને નેતરાં
મન્થે છે સાયરનાં નીર '
માનવી! માણીશ મા.
એવા આછેરા ભાગ્યના ભણકાર.
માનવી! માનીશ મા.
એવા આતમઘેરાતા અન્ધાર—
(ચતુર્દિશામાંથી ઉતર્યા સમી ચાર તેજમૂર્તિઓ ઝરૂખાનું દ્વારમંડળ ભરતી આવી ઉભે છેઃ જાણે દિશાઓનાં દેવદેવી.)

બાળા : વીજળીને ઝાલજે તું;
ગરૂડને તો ઝડપ્યો છે અમે
ઢૂંઢી વળ્યાં વનવન ને ગુફાગુફા;
ત્હારે ઝરૂખે ઉભા છે વીરદેવ
—જાણે જગતને ઝરૂખે.
છ–છ માસની વીતી વરષો
સન્તાયેલાને શોધતાં શોધતાં.
પધાર્યા છો સંસાર ત્યાગી શિલાઓમાં!
ખડવો ન્હાસે એમ નાઠો 'તો.

પરાક્રમ : (આશ્ચર્યની આંખ માંડીને)
કોણ–મેઘમાળા? અંહી ક્યાંથી?

મેઘમાળા: હા, હું મેઘમાળા:
શિખરોનાં યે શિખરે બેસું.
આ છે વ્યોમેશ ને માર્તંડ:
નરનારાયણની બેલડી.
અને આ ઉભો નટવર:
(નયનો નચાવતો નટવર આગળ આવે છે: જાણે શ્રમનો જય નાચતો ન હોય.)

વાંસળી વગાડશે
—વાંસળી ત્હારી જગતમાં.
સંસાર ઢૂંઢયો, જોગીરાજ!
ને આવ્યાં છીએ ગિરનાર ઢૂંઢવાને.

**પરાક્રમ** : (પકડાયેલા ગુનેહગારની દીનતાથી)
મ્હારે શોધવી છે જગત્પ્રેરણા.

(અંબાજી સ્વયં બોલતાં હોય એવો મન્દિરદ્વારમાંથી શબ્દ ગાજે છે: )

**મેઘમાળા**: જોગીને આવી છું પૂછવાને
કે જગત્પ્રેરણા જગતમાં હશે
કે જગત બહાર?
સંસાર ત્યાગી ઉદ્ધારવો છે સંસાર?

**વ્યોમેશ** : જગતમાં છે જગતના Dynamics.
જા, ઉઘાડ, ને ખોજ
પડે પડ જગત્‌ના રત્નાકરના.

**પરાક્રમ** : ગિરનારશિખરે યે નથી એકાન્ત
જગતના ભાગેડુઓને.
દુનિયાં ન્હાની છે—ખાબોચિયા જેવડી.

**માર્તંડ** : ના; નહિ સંઘરે ગિરનારની ગુફાઓ યે
જગતના ભાગેડુઓને.
ગિરનાર છે જોગીઓનો ગઢ:
આવજે જોગ જાગે ત્યહારે;
ગોરખનાથ લેશે ગોદમાં.
કંઈકે અજવાળાં જગતમાં છે હજી.

**નટવર** : તું ગયો તે જાણે
અમારી તો પાંખ કપાઈ.

**મેઘમાળા:** સ્વામી જેવો સ્વામી ગયો
જગતના પડદાઓની પાછળ,
ત્ય્હારે ભાગ્યો 'તો મ્હારો આત્મા.
જ્ય્હારે માડીજાયો ગયો માડીઘરમાંથી,
ત્ય્હારે દવમાં દહાઈ ગયો આત્મા,
અને ભસ્મના અણુઅણુ થઈ
પડ્યો પૃથ્વીમાં:
જાણે કુલાત્મા ગયો પિતૃકુંજમાંથી.
ત્હને ઝાલી જવાને આવી છું.
ચાલ જગતનાં ઝુંડોમાં;
જગત બોલાવે છે ત્હને.
પરાક્રમ! પરાક્રમી થા.

**પરાક્રમ :** વિધવા એટલે જ અડધી જોગણ:
જગતની સેવિકા.
મેઘમાળા! તું છે જોગણ
ને મ્હને ઓઢાઢ છ સંસાર?

**મેઘમાળા:** આજે છે અન્ધારી બીજ:
બીજની કરીશ હું પૂર્ણિમા.

**પરાક્રમ :** (એની એ જ દીનની દીનતાથી)
જગતમાં આવવું એટલે
પરણીને પરવશ પડવું.
કોક કહે છે દારૂ પી;
પ્રેરણા પ્રગટશે.

**નટવર :** જગત છે જગતઘેલાઓની જમાત;
ને બોલે યે કો એવું ઘેલું ઘેલું.

**વ્યોમેશ :** વગડા ખૂંદે કંઈ વાઘ થવાય?

**નટવર :** બંસી વાગે તો વન બોલે.

**મેઘમાળા:** પરણીને પરવશે થાય છે કો;
પરણીની પાંખે યે ઉડે છે કો.
જો જગતની રેખારેખામાં
ને વાંચ પરબ્રહ્મના પરમ મન્ત્રો.
ગરૂડો ઉડે છે ગરૂડિણીઓની સંગાથે.
આ ગિરનાર; સાભળ ગિરનારના શબ્દ.
નેમીનાથે સંયમ સાધ્યો ગિરનારશિખરે;
એકલપંડે? કે રાજુલ્લબેલડીએ?
પાર્થ-યોગી થયેલો જગત્ધુરન્ધર પાર્થ
અંહી પરણ્યો ભદ્રદા સુભદ્રાને,
તો જન્મ્યો ત્હારો નામેરી
પરાક્રમમૂર્તિ મહારથી અભિમન્યુ;
ને અમર રહી પાંડવવંશની અમરવેલ.
ગિરનાર જોગનો છે કે સંસારનો?

**પરાક્રમ :** ગિરનાર છે જોગસંસારનો સમન્વય.

**મેઘમાળા:** મ્હારા પિતૃગોત્રની પાંખડી!
અખંડ પાંખડીઓ વરસાવ
પૃથ્વીમાં મ્હારા પિતૃગોત્રની.
નિર્વંશ નહિ જાય મ્હારો પિતૃવંશ.
સહજે સંસાર સજીવન થશે
ત્હારા સમોવડા સો પ્રગટયે.
પુત્ર એટલે પિતાનો પ્રતાપ.

**પરાક્રમ** : ને પુત્રી એટલે માતાની મીઠપ
**નટવર** : ગિરનાર જોગીઓનો છે
એથી અધિકો–અધિકો છે
ગાંડીવધન્વાનો ને સુદર્શનધારીનો.
**પરાક્રમ** : ગાંડીવ મ્હારૂં સરી પડ્યું
ને સુદર્શન આથમી ગયું આભમાં.
એ તો છે અસ્તાચળનો પરાક્રમ.
નવલાં શોધું છું ગાંડીવ ને સુદર્શન
ગિરનારની ગુફાઓમાં.
**મેઘમાળા**: ચાલ જગતના ચોકમાં;
ખંડેરમાં યે પ્રાણ ફૂંકશે સંસાર:
બંસીધરે બંસીમાં ફૂંક્યો હતો,
શંખબજવૈયાએ પાંચજન્યમાં ફૂંક્યો હતો,
—એવો: એવો મધુરો, એવો ઘેરગંભીર.
એવી છે નારીઓની બંસરી,
એવા છે નરના પાંચજન્યો:
ઉભયમાં પ્રાણ પૂરે છે પરમાત્મન્.
(પ્રાણને વ્હલોવી નાંખતી, ધા નાંખે એમ ગાજે છે.)
સાગર ગયો; મ્હારો પરાક્રમે જશે?
(શ્વાસ લેવાને ઘડીક થંભીને)
ઉઠ; જાગ; અને જ્યોતિ જલાવ.
પરાક્રમ પાંગળો ન હોય;
પરાક્રમ હોય ગગનપંખાળો.
ત્હને હું સન્માનું છું પિતૃભાવે—
**પરાક્રમ** : ને હું ત્હને વન્દું છું માતૃમહિમાએ.

મેઘમાળા !—મેઘમાળા !
ત્હારા છે સંજીવનના શબ્દો:
માતાની હાકલ સમા.
તું બોલ છ, મેઘમાળા !
તે જાણે જગદંબા બોલે છે.
અડધેરાંક ઓસર્યાં મ્હારાં અચેતન.
જઈશું–જઇશું જગત જીતવાને
મનના મુહૂર્તની ધન્ય ક્ષણે.
અધીરપે આંબા પાકશે ?
સ્વામીથી ચે વીરને કીધો વ્હાલો ત્હેં;
એ વીર નહિ માને વીરીનાં વેણ ?
આજે છે યુગનો મહાયોગ.
(મન્દિરમાંથી બોલાવતો મહામાયાનો શબ્દ ગાજે છે.)
' આવો–આવો, મ્હારાં સન્તાનો !
આદેશ દઉં જગત જીતવાનો.'

(જગદંબાના બોલાવ્યાં ઝરૂખેથી સહુ માતામન્દિરમાં જાય છે. પાછળ રહે છે ગિરનારનો મહાસુનકાર. )

---

## પ્રવેશ બીજો : શેષાવનની કુંપળોમાં

આંબાના મ્હોર, પેલા આંબાના મ્હોર,
વાતો વસન્તની કૂહે આંબાના મ્હોર.

**પ્રભા** : (શેષાવનની ઘટાઓમાં ગાતી ને ઘૂમતી)
આંબાના મ્હોર કહે છે વાતો;
બંસરી ! સાંભળ છ ?

બંસરી : સાંભળો ને થાવ સોહાગિયાં.
હજી મ્હારે તો ખરા
ત્હમારા આંબામ્હોર;
કે ફૂટતી રેખાને માન છ સાખ ?

પ્રભા : ત્ય્હારે તું થજે જોગણ.
બંસરી બોલી, પણ બસૂરી.

બંસરી : (શેષાવનની કુંજની પાળને નિરખતી)
આડમાર્ગે મા જતી આઘેરી, પ્રભા !
વનમાં હોય વનરાજ.

પ્રભા : (કુંજને કાંઠેથી આવતી)
વનમાં વનરાજ મળશે
તો આંખો આંજીશ પ્રભાથી.
વન વનરાજનાં છે
ને નથી વનરાણીનાં ?
બંસરી ! તું બોલ છ
ત્ય્હારે તો ઉડ છ વનની પાર.

બંસરી : તો જાત્ર વનની ઘટાઓ વીંધતાં.
પ્રભા તો પરવરે પૃથ્વીભરમાં.
(આંબાની મુખમલિયા લાલ કુંપળ ચૂંટી કુંપળપાને
મુખડું પંપાળતી પંપાળતી પ્રભા આવે છે.)
આંબાના મ્હોર, મીઠા આંબાના મ્હોર,
કોકિલાના કંઠમાં આંબાના મ્હોર.

બંસરી : મુખડે ભૂંસતી હઇશ
ગિરનારનો ગેરુ.

**પ્રભા** : બંસરી બોલે છે ગિરનારમાં:
જોગની કે સંસારની ?
—ને જો ! વનનાં વનદેવી આવે પેલાં:
કાળી વાદળીમાં જાણે ચન્દ્રમા.
(ઊંડાં વનતોરણો નીચેથી વનદેવીને પગલે મેઘમાળા આવે છે; ધ્યાનડૂબેલી ધરતીમૂર્તિ જેવી સેવાદાસજીનાં પગથિયાંની દિશે જાય છે.)

**બંસરી** : (નિરખીને ને ઓળખીને)
અરે ! આ તો મેઘમાળા:
પેલી સંસારી સંન્યાસિની.
સાગર ગયો ત્ય્હારથી મેઘમાળા સૂકાણી.
સાગર ભરતો'તો મેઘમાળાને.
(બોલાવે છે.) મેઘમાળા !
(શેષાવનનો શબ્દ બોલાવતો હોય એમ ચમકીને પારદર્શક નયનકિરણો નાંખી બંસરીને નિહાળતી મેઘમાળા થંભે છે.)

**મેઘમાળા** : કોણ એ ? – બંસરી !
બંસરી ! તું ક્ય્હાંથી અંહી ? – વનમાં ?
અને આ તો – માર્તંડની પ્રભા.
(કરમાયેલી વેલી સમી સખીઓ કને જાય છે.)

**બંસરી** : બંસરી તો બોલે વનશિખરોમાં યે.
આવ્યો છે ગિરનારનો સંઘ
ને ઉતર્યો છે ગૌમુખીના મુખદ્વારે.
વાછડીઓ આવી છે માની ગોદમાં.

**મેઘમાળા** : જગત ન્હાનું છે—ન્હાનું, ગોળી જેવડું.

આઘે–આઘે, ત્હો યે કને છે બધું.
ક્‌્‌હાં ગિરનારનાં વનશિખરો
ને ક્‌્‌હાં તું ને પ્રભા–નગરશોભનાઓ ?
હું આવી છું મ્હારા વીરની શોધમાં.
પરાક્રમ થયો છે ગુફાવાસી;
ને સેવાદાસજીની જાયગામાં શીખે છે
સેવાના ને સંન્યાસના પાઠ.
બીજું છે કો તમ સંગાથે ?

**પ્રભા** : હા, છે પેલી જ્યોતિકા:
તું હસતી 'જગતની જ્યોત' કહીને તે.

**મેઘમાળા** : તો તો શિખરોને ગજાવશો ત્હમે.
પાયના પાડશો પડછન્દવા,
એના આભમાં પડશે પડઘા.
ત્રણ છો ત્રિલોકને ય ભારે.

**બંસરી** : ને વ્યોમેશ આવ્યો છે ?

**મેઘમાળા** : વ્યોમેશને નથી જાણતી તું ?

**બંસરી** : મેઘમાળાનો પડછાયો.
પાંખડી–પાંખડી ઓળખું છું વ્યોમેશને.
પરાક્રમનો મિત્ર, પણ મેઘમાળાનો ભક્ત:
બિયેટ્રિસને ડાન્ટે હતો ત્હેવો.

**પ્રભા** : અમે ભજવવાનાં છીએ અંહી
પાર્થસુભદ્રાનું પ્રેમલગ્ન.
જ્યોતિકા થશે જયજ્યોત પાર્થ;
હું સુભદ્રા, ને બલભદ્ર આ પ્રભા.
તું થઇશ કૃષ્ણચન્દ્ર ?

**મેઘમાળા** : કૃષ્ણચન્દ્ર છે અગમ્યના અવતાર.
કય્હારે ભજવવાનાં છો ?

**પ્રભા** : હજી તો ગૂંથાય છે વસ્તુગૂંથણી.
જ્યોતિકા ગૂંથે છે વાર્તાગજરો;
અમે ગોઠવિયે છીએ ફૂલડાં.
કવિતા મઘમઘશે દ્વારિકા ને હસ્તિનાપુરની.

**મેઘમાળા** : કારમાંક છે કારસ્તાનો ત્હમારાં.
જોગન્દર ગિરનારને યે
ભણાવશો પ્રેમના પાઠ.
પરાક્રમ હા ભણશે તો
ભજવીશ કૃષ્ણદેવનો સ્વાંગ.

**પ્રભા** : ફૂલેલા ફૂલ જેવો સુકુમાર
થવા નીકળ્યો છે જોગી.

**બંસરી** : બ્હેન છે વીરની વાંસળી.
પણ એ શોધે છે શું ?

**મેઘમાળા** : જગત્પ્રેરણા; Dynamics of Humanity.
શિથિલ છે; ઝંખવાણું છે જગત.
જગતને વર્ચસ્વી–ઓજસ્વી કરનારી
શોધે છે એ જગત્પ્રેરણા.

**પ્રભા** : જગતમાં ? કે જગત બહાર ?
જગત્પ્રેરણા ખૂટી ગઈ છે જગતેથી ?

**મેઘમાળા** : ખૂટી નથી ગઈ; ઓસરી ગઈ છે.
બધે ઘૂમી–વાંચી પરાક્રમ કહે છે:
ભરતી નથી ચ્હડતી જગતે આજ;
ઓટનો છે પાછોતરો જુવાળ.

**બંસરી** : ઝરણાં ઝરે છે, નદીઓ વહે છે;
મેઘ વરસે છે, વીજળી ઉડે છે:
જગત થંભી નથી ગયું કાંઇ.

**મેઘમાળા** : બંસરી બોલે છે, પ્રભા પ્રકાશે છે:
વિવેકે વિસરાવી ત્હેને બોલતાં એ.
જગત થંભ્યું નથી – ગિરનાર જેવું;
જગત સૂકાયું છે – શેષાવન સમું.
જગતમાં વાય છે હેમાળાના વાયરા.
જગત વહે છે; પણ ઓટનો છે યુગ.

**પ્રભા** : તો વાદળીઓ વરસાવો પરાક્રમની
કે હૈયાલીલાં થાય જગતનાં વનો.
ગિરિવરમાં સન્તાયે પૃથ્વી પાંગરશે ?

**મેઘમાળા** : સન્તાતો નથી મ્હારો વીર.
સૌરભ સંભરે છે – સૌરભ
સંસારની હવેલીઓમાં વહાવવાને.
પ્રભાસ જઇ આવ્યો જ્યોતિર્દેવનાં દર્શને.
સાગરયાત્રાએ ગયા'તા એ મેઘરાજ
અમૃતજળથી હૈયું ભરવાને.

**બંસરી** : ત્હમે ય છો સોનરેખગંગા:
વહ્યાં જ કરો, વહ્યાં જ કરો.
એકદા બાળકો રમતાં'તાં ચોકમાં.
કહ્યું, વઢશો મા, ગભરૂઓ !
બોલ્યાં, લ્હડતા નથી અમે;
અમથી અમથી લ્હડિયે છીએ લ્હડાઈ.

**પ્રભા** : Children were playing at War!

**મેઘમાળા** : પરાક્રમને એવું ભાસે છે જગતઃ
જાણે Children playing at War.

**પ્રભા** : પ્રત્યેક સુન્દરી થશે સૌન્દર્યજ્યોત,
ને પ્રત્યેક પુરુષ થશે પરાક્રમજવાળા;
જનતાને હૈયેહૈયે જાગશે જગત્પ્રેરણાઃ
ત્હારે પૂરાશે પરાક્રમના મનોરથો.
મનોરથો છે મ્હોટા એના
—વિશ્વવિશાળા.

**મેઘમાળા**: વેલડે વેલડે ફૂલડાં
ને પત્થરે પત્થરે શિલાજીત
પેખવાં છે પરાક્રમને પૃથ્વીમાં.

**બંસરી** : (ગહન લહરીએ ડોલતી ને લહેરાતી)
વનવન અગર ન નીપજે, હો બહુચરી!
જળજળ કમળ ન હોય. (પ્રાચીન)

**મેઘમાળા**: આશાવાદીલાં ત્હમે છો નિરાશાવાદી;
ને નિરાશાવાદનાં નિશાન ફરકાવતો
મુજ વીર છે પરમ આશાવાદી.
વિશ્વંભર પૂરશે સૌના કોડ.
ચાલ; ચ્હડીશું ગિરનાર?

**બંસરી** : એ છે અમારો યે મારગ.
પણ પેલું ગીત તો ગા પૂરૂં, પ્રભા!
ઝૂલાવ ત્હારા આંબાના મ્હોરને.

(લહરીઓમાં લહેરાતી સહિયરો શિખરપાયરી ભણી વળે છે. આભભરતી બંસરી જેવી બંસરી ને પ્રભા ગીતચરણો ટહુકારે છે.)

પ્રભા }
બંસરી } : પાંચ–પાંચ આંબાનાં કીધાં'તાં ખામણાં;
સરખી સાહેલીઓ રમતાં રિસામણાં;
આનન્દે આપતાં વિશ્વને વધામણાં :
આંબાના મ્હોર, જગત્‌આંબાના મ્હોર,
મનમનની મંજરી આંબાના મોર.
આંબાના મ્હોર, ઝૂલે આંબાના મ્હોર,
મધુરા મનોહરા આંબાના મ્હોર;
કવિતા વસન્તની ફુહે આંબાના મ્હોર.
મેઘમાળા : બંસરી તો ઘૂમે છે જાણે
ફૂલપાંખડીઓની પૂતળી ઘૂમી.
ફૂલ વીણી લે–ફૂલ બધાં પૃથ્વીનાં.
બંસરી : ગિરિવર ગિરનારમાં તો
પાથરી છે ફૂલની વાદળીઓ.
વાદળીઓનાં જગકણુ વીણાય
તો વીણાય જગની ફૂલવાદળીનાં ફૂલ.
(હસતીરમતી સખીઓ ગગનપાયરીની વેલડે ચ્હડે છે.)

---

## પ્રવેશ ત્રીજો : ગિરિશિખરોના મન્ત્રોચ્ચાર

( માવઠાના ઇન્દ્રાધાર વરસાદની ઝડીઓ વરસી રહી છે. આકાશ વીંધતી વીજળીઓ ઉડે છે. વિશ્વગાજન્તા કાટકા ગાજે છે. ગિરનારની શિલાઓ કમ્પે છે. વર્ષાભીષણુ તોફાન વાય છે. એ ઝંઝાનિલોમાં બીજા ઝંઝાનિલો સમાં ગિરિવર ગિરનારનાં શિખરો વાતો કરે છે : જાણે જોગેશ્વરો બોલ્યા. )

ઓઘડનાથ: જય દત્તાત્રેય, ગોરખ !

**ગોરખનાથ:** ઓઘડ ! જય ગુરુ દત્ત.
સાવધાન; હેલી છે સાત તિથિઓની.
જાણે છે ને કિયો છે યુગ
પૃથ્વીમાં પ્રવર્તમાન આજ ?
આ તો છે માવઠાની હેલી.

**ઓઘડનાથ:** ભીષણભાવ પ્રવર્તે છે આજે,
કલિનો પેલો પાપપગલીનો પેટાયુગ.
(ગગનથરથરાવતી ઘોર ગર્જના ગાજે છે.)
ભારે છે ભય જગતને
અધૂરા હૈયાના આ યુગનો.

**ગોરખનાથ:** જોગીનો નહિ; અઘોરીનો છે યુગ.
કારમો ઉગ્યો છે એ યુગસૂર્ય
ને કારમી આથમશે એની યુગસન્ધ્યા.

**ઓઘડનાથ:** ગોરખનાથ ને ઓઘડનાથ
ખડા છે જગત્પહેરે ત્‍હો પણ ?

**ગોરખનાથ:** જાગૃત છે જોગીઓનો અખાડો.
દ્વારિકાથી હસ્તિનાપુર જતાં માર્ગે
ઉજ્જયન્તની આવતી ’તી ચોકી.
કૃષ્ણચન્દ્રે સ્થાપ્યું અંહી થાણું
ગીરના સાવજોને ઘેરવાને.
પછી ઉભા પાટલીપુત્રના સૂબાઓ
સોરઠને છત્ર ધારીને.
ને પછી પધાર્યા યોગેશ્વર દત્તાત્રેય.
મહાપદ્મ સમું વાળ્યું પદ્માસન
ગિરનારના મુગટમણિમાં,

ને જગાવ્યો જોગ ગરવા ગિરનારીએ.
ગિરનારીની જોગહાકલ છે
ગીરદેશની આતમરખેવાળી.
ગોરખઓઘડ તો ગિરનારીના સામન્તો.
આભ નિરખ્યો; ક્ષિતિજ પાળવિયે;
આદેશ છે ગિરનારીનો.

**ઓઘડનાથ:** જોગનો નથી આ જુગ જગતે;
જુગ છે સુખાળવાઓની પ્રમત્તતાનો.
ભાખી ગયો છે ઉજ્જયિનીનો જોગન્દર
યુગનાં યુગએંધાણ:
**पीत्वा मोहमयी प्रमादमदिरा**
**उन्मत्तभूतं जगत्.** ( ભર્તૃહરિ )

**ગોરખનાથ:** ધરણી ધ્રૂજે છે.
પૃથ્વીમાં ચ્હડી છે મોહભરતી.
સુખવેલો પાંગરી છે,
ત્હો યે સુખી નથી સંસાર.

**ઓઘડનાથ:** સુખની સોમવલ્લી નહિ;
સુખની મદિરા પીધી છે જગતે.

**ગોરખનાથ:** સુખ વાધ્યાં વમ જેવડાં;
મનોરથો વાધ્યા ગિરનાર જેવડા.
ગિરનારને અડધેરોક ભરે મહાવનો;
અને આભ છે એથી યેં ઉંચેરાં.
ઓઘડ! સુખ ફૂલ્યે-ફાલ્યે યે
દુનિયાં છે દુ:ખી.

**ઓઘડનાથ:** ત્યાગ વૈરાગ્ય જોગ સંયમ સેવા

—શબ્દો છે આજ વાક્સોહાગના.
મર્યાદા માંડો મનોરથોને;
નહિ તો મરણોન્મુખ છે માનવવંશ.
(શિખરો એ શબ્દો સાંભળે છે.)

**ગોરખનાથ:** ત્રિયારાજ્યની મહારાણીના મોહપાશેથી
છોડાવ્યા ગુરુ મછંદરને,
પછી ઉગ્યો નથી આવો મોહયુગ.
યુગ છે દુનિયાંના દુર્ભાગ્યનો.
દામણું દીસે છે જગત;
જાણે વિરાટો ગયા ને વામનો રહ્યા.
માયાનટડીની ઘૂમે છે સેનાઓ;
જોગને સંહારે છે
ને પુરુષત્વને પાડે છે જગતમાંથી.
ખાખીઓ ખાખ શોધે છે,
યજ્ઞકુંડમાં નહિ, સ્મશાનમાં;
ને જોગીઓ શોધે છે જોગ
જગતની ઝાળમાં.
પ્રજાપ્રજા થઈ છે પરભૃત.

**ઓઘડનાથ:** ત્ય્હારે જગતતપેશ્વરનાં તપ—

**ગોરખનાથ:** શિખર સમોવડા છે તપસ્વી દત્તાત્રેય.
હેમાળુ વાય કે ઘામ ધખે,
કે ઝડીઓ પડે મુસળધાર:
એકાસને ઝીલે છે સૌ મસ્તકે.
અન્ય તપસ્યા આથમી ગઈ
જગતની તપોભૂમિમાંથી.

**ઓઘડનાથ:** તપની ત્રીપગલીઓ ભરશે,
એ તપેશ્વરીઓ વગાડશે
ગગનગાજન્તી ગગનઘંટા
દિશાદેવેશ્વર દત્તાત્રેયની.

**ગોરખનાથ:** જગતને કહો સુખી થાવ,
સુખલોલુપ મા થાવ.
મનોરથોને પાળવો, માનવલોક!
પૃથ્વીને ને સંસારને છે સીમાઓ.

**ઓઘડનાથ:** જોગનાં સિંહાસનો યે શિલાઓનાં.
જોગી સૂવે શિલાની શય્યાએ.

**ગોરખનાથ:** શિલામાં, પણ સિંહવાસમાં.
ભાલાની શય્યામાં જોગી સૂશે
ત્હારે જગતમાં જાગશે જોગ હવે.
અવનીને પાવ, ઓઘડનાથ!
આતમઆરોગ્યના પ્યાલાઓ.
ગિરિવર ગિરનાર ઝરે છે નીર
ત્હારે મ્હોરે છે અવનીનાં આંબાવાડિયાં.

**ઓઘડનાથ:** ધોધને ધપાવે છે, ઝડીઓને ઝૂઝાવે છે,
એ વિશ્વંભર ભરે છે સંસારસરોવરોને.

**ગોરખનાથ:** અવની આક્રન્દ કરે છે—આક્રન્દ આજ.
ઉડવું છે પંખીપેરે, ઉડાતું નથી;
ઝાલવો છે ચન્દ્રમાને, ઝલાતો નથી;
માટે ઝૂરે છે માનવલોક.
સમસ્ત માનવકુળ થયું છે
રજનીઉપાસી ને ચન્દ્રલોકસોગી.

જીરવાતા નથી સૂર્યના ભર્ગ.

(વાદળમાંથી વીજળી પડે છે.)

**ઓઘડનાથ:** આભને ન્હાળું છું સળગતો.
સાવધાન, ગોરખ! સાવધાન.
કાળ છે સન્ધ્યાકાળનો.
આ છે જગતનો સાવધાનયુગ.
જોગન્દર! જતન કરજે જોગનાં.

**ગોરખનાથ:** જાગશે એ જીવશે.
કાળ છે વિશાળ ને આભ છે ઉદાર.
શુભનો છે સન્કેત સૌનો;
પણ ઉંઘશે એ આથમશે.
પૃથ્વી થશે પુણ્યાળુ ને પરાક્રમી.
આભલાંને સીમાડે, અનન્તને દ્વારે
અવધૂતોના છે પહેરા.
કાળ પણ સાંભળશે અવધૂતોની આણ.
ઓઘડ! તું જા આથમતલ દેશોમાં
ને દાખવ ત્હાં જડને યે જીવાડે છે તે.
પૃથ્વી ખોજતાં ખણતાં
આભને ભૂલ્યા છે એ.
હું જાઉં છું ઉગમતલ દેશોમાં
ને ઉગાડું છું નવસૂર્યોને.
પયઘમ્બરોની પરંપરા પ્રગટી
એ દેશમાં આજ છે અન્ધારાં.
મધરાતે મધરાતે અગમ્યનાથ આદેશે છે કે
અગમ્યને કરો સર્વસુગમ્ય.

તપોવૃદ્ધ ગિરનાર છે તપોભૂમિ
ને ભરશે જગત તપેશ્વરોથી.
જોગી ! ઉચ્ચાર જોગમન્ત્રો
કે જગત્પ્રેરણા પ્રગટે પાછી.
હિમાલય ડોલશે, ગગનો ઠલવાશે,
ને સાગરો ઉછળશે કાલે.
આગમ યજ્ઞની જાગશે જ્વાળા.
અહાલેક ગિરનારી !

**ઓઘડનાથ:** જય દત્તાત્રેયનો, જય જોગન્દરોનો.

( જગતઘંટી જેવા ઘેરા રવે ગોરખનાથ ને ઓઘડનાથ ગગન થરથરાવે છે.)

**ગોરખનાથ:** અવધૂત ! આવજો હો !
ગજવશું ગઢ ગરવો ગિરનાર.

ધૂણી ધખવશું, ભભૂત સુહવશું,
ભવ્ય જગવશું જોગ;
જગતના જન્તરો પીશું ને પાશું,
મીટવશું જગતના રોગ:
અવધૂત ! આવજો હો !
પૃથ્વિ પ્રજળશે, શિખર સળગશે,
જળશે જગજંજાળ;
આભ ને અવનીમાં ધમકતી ઘૂમશે
જોગીના જગનની ઝાળ:
અવધૂત ! આવજો હો !
ગજવશું ગઢ ગરવો ગિરનાર.

( મહાવાયુ ગગનગોરમ્ભતો શંખ ઘોરાવે છે. વર્ષાઝડીઓ ઔર જોરથી ગર્જે છે. જોગન્દરના જોગ જેવા જળધોધ ગડગડે છે. વિશ્વભીષણ રૂપ ગિરનાર ધારે છે. )

## પ્રવેશ ચોથો : સેવાદાસજીની અગાસીમાં

(હૈયા જેવડી ન્હાનકડી સેવાદાસજીની ગુફાને દ્વારે પ્રભાતવાયુને પગલે પરાક્રમ ગિરનારમાંથી આવે છે ને પુકારે છે)

**પરાક્રમ** : **भिक्षां देहि, भगवति !**

(ચન્દનીના જેવાં હાસ્યે હસતી હસતી, દૂધનો ભર્યોભર્યો કટોરો લેઈને, ગુફાભીતરમાંથી મેઘમાળા આવે છે.)

**મેઘમાળા** : (વીરને લ્હેરખડે લહરાતી લહરાતી)

ગિરનાર તો ત્હારે જાણે ઘરની નીસરણી.
કેટકેટલી વાર ચ્હડે છે
ને ઉતરે છે ? પરાક્રમ !
નથી જોતો દિવસ કે રાત.
લે આ સેવાદાસજીની ગાયનાં દૂધ.

**પરાક્રમ:** : (દૂધનો કટોરો લઈ પીતાં પીતાં)

સિંહ ચ્હડે છે એટલી વાર.
એને દિન શો ? ને રાત શી ?
ગોરખનાથને ચ્હડતા દીઠા છે ત્હેં ?
ગિરનારનો ધોધ પડે–
શિલાછાટેથી શિલાછાટે ને શિલાછાટે,
એવા ભરે છે સિંહપગલાં
પાથરેલી શિલાપાંખડીઓમાં;
જાણે વાયુ કે વિમાનની છલંગો.
આમ બ્હેનડ દૂધ પાય
તો જગત દૂધમલ થાય.

**મેઘમાળા:** ભરજે તું યે ગિરનારે સિંહછલંગો.

પરાક્રમ : તું કેવી ઉડ છ—પતંગ જેવી—
વાદળીને ઝાલવાને ?
ચાલ, ચ્હડીશું અગાસીએ ?
આવે તો ઝાલજે વાદળીઓને.
સેવાદાસજીની અગાસી તો
છે ગિરનારનો ગોખ.

( જોગીના ખપ્પર જેવો કટોરો લઈ ગુફામાં મૂકી આવે છે. )

મેઘમાળા : ( અગાસીએ ચ્હડતાં ચ્હડતાં )
આજે તો ખૂબ ખીણો ઢૂંઢી કંઈ ?

પરાક્રમ : હા; ખીણો ખોળી ગિરનારની.
ગિરનારની ખીણો છે રત્નખાણો.
સોનગંગામાં છે સોનું;
ગુફાઓમાં છે જોગન્દરો;
ને વનમાં છે વનફળો અમરેશનાં.

મેઘમાળા: નવઉત્સાહમાં છે તું, પરાક્રમ !
વનમાં મળી કો વૈજ્યન્તી માળા ?
સાગર ગાળ્યો હરિવરે
ત્ય્હારે શિલાઓનો સરજ્યો આ ગિરનાર:
એટલે શિલાશિલાએ ઝબકે છે
રત્નાકરનાં રત્નો.

પરાક્રમ : સ્ત્રીરત્નો, નરરત્નો, ને વનરત્નો:
ગિરનાર છે વિશ્વરત્નોનો ગિરિવર.

મેઘમાળા: ચન્દ્રિકા શી સુભદ્રા, જગતજોગણુ રાજુલ,
સતીશિરોમણિ રાણક ને નાગમતી,
ને દેહધારિણી પતિભક્તિ સમોવડી

નરસૈયાની માણેક મહેતી:
એ સુન્દરીરત્નોનો છે ગિરનાર.

**પરાક્રમ :** ને મ્હેં દીઠું છ્હું રત્ન આજ
ગિરનારનાં મહાવનોમાં—
ત્હારી સહિયર, જગતની જ્યોતિકા:
જાણે સૌન્દર્યની જ્યોત !
જાણે વનવિચરતી દીપમાળા !

**મેઘમાળા:** વીજળી ઝબકી ત્ય્હારે.

**પરાક્રમ :** એણે પૂછ્યું: ગિરિવાસી લાગો છો ?
કહ્યું: સેવાદાસજીને સેવું છું;
મંહી ગુફા છે, ગુફામાં રહું છું.
ક્હે: સહિયર છું મેઘમાળાની.
શિલાઓમાં નાંખતી 'તી એ તેજજ્વાળાઓ.

( ભર્યોપાથર્યો ગિરિવર નિહાળતાં ભાઇબ્હેન અગાસીના કઠેરાને અઢેળી ઉભે છે: જાણે જગતનાં પ્રફુલ્લેલાં બે ફૂલડાં. )

**મેઘમાળા:** જ્યોતિકા ! જ્યોતિકા ક્ય્હાંથી ગિરિવનોમાં ?
હા—આ; આવી છે—

**પરાક્રમ :** ગૌમુખીની જળઝરણી જોતી
કૂદતી હતી શિલાછીપરોને.
ને પછી ભૂલી પડી—દિશાભૂલી જેવી.
વનલતા શી ભમતી 'તી વનલતાઓમાં.
ગિરનારના સંઘમાં આવી છે.
જ્યોતિકા યે ઢૂંઢતી 'તી કંઇક ગિરનારમાં.

**મેઘમાળા:** ત્ય્હાં તું જડ્યો—પરાક્રમ.
પછી ?—પછી ત્હેં માર્ગ વાળી ?

પરાક્રમ : એ મ્હને માર્ગે વાળે તો છે.
જ્યોતિકા તો છે શિખરજ્યોત:
દુનિયાંની જાણે દીવાદાંડી.
મેઘમાળા: એ નથી પૂર્ણીઓની પૂતળી.
સુન્દરી છે સન્માર્ગનો ભોમિયો.
પાર્થને સુભદ્રા પ્રેરતી,
ને દ્રૌપદી દોરતી પાંડવોને
સંસારના સન્માર્ગોમાં:
વનમાં કે રાજસિંહાસને.
ત્હને શોધવાને તો
આવી ન્હોતીને જ્યોતિકા ?
પરાક્રમ : હૈયાજોષી જાણે એના હૈયાની વાત.
કેડી ભૂલી 'તી–કેડી;
તે ગઈ 'તી ગૌમુખીએથી સોનગંગામાં.
મેઘમાળા: સોનવેલમાં ભૂલી પડી 'તી જ્યોતિકા
તે વાળી ત્હેં પરાક્રમપન્થે.
પરાક્રમ : એ મ્હને સંભરે એવી છે
પરાક્રમનાં પાણીથી.
તું છો ત્હેવી જ છે
મ્હારી સહિયરનિર્ઝરણી.
એ સરિતા છે–પૂરે મ્હડેલી સરિતા.
ત્હમે સહુ સહિયરો છો
ગંગા ને જમના, નર્મદા ને બ્રહ્મપુત્રા.
તીર્થને યે કરો તીર્થવાસી;
પહાડને યે વહાવો પૂરમાં.

પછી અમે શિખર ચ્હડ્યાં
નિર્ઝરણીની શિલાસોપાનને આરેઆરે.
ત્ય્હાં દીઠો સોનાતરસ્યો એક
હરિયાળીના તંબૂઓમાં.

**મેઘમાળા:** સોનાતરસ્યો ?–ને ગિરનારમાં ?
અંહી તો આવે જોગતરસ્યાઓ.

**પરાક્રમ :** હા; સોનાતરસ્યો ને ગિરનારમાં.
ક્હે: સોનું છે જગત્પ્રેરણા :
છેલ્લી ચારેક સદીઓથી,
યૂરોપ અને અમેરિકાની.
ક્હે: સોનું એટલે સંસારની સુગન્ધ.
ક્હે: નગરી એટલે નગરનો ચોક;
અને નગરીનો નગરચોક એટલે
સોનૈયા ને રૂપૈયા.
ક્હે: સંસાર ઉભો છે સોનામાથે.

**મેઘમાળા:** તો નગરચોકમાં શોધવું'તુંને સોનું.
સંસાર તો ઉભો છે શેષમાથે.

**પરાક્રમ :** ક્હે: રાણકનાં નયનો પળ્યાં છે
ને નરસૈયાનાં પગલાં ઢળ્યાં છે,
ત્ય્હાં ત્ય્હાં સોનગંગામાં ઉગે છે સોનવેલો :
સૂર્યે વેરલાં કિરણો જેવી.
સોનું છે લક્ષ્મીજીનું સ્વરૂપ.

**મેઘમાળા:** અર્ધસત્યોનાં અન્ધારિયાંમાં
એ યે હતો કોક દિશાભૂલ્યો.
વાળ્યોને એને યે વનમાંથી ?

**પરાક્રમ :** એ ઉતર્યો, ચ્હડ્યો નહીં;
અડધે રસ્તે આવી ઉતરી ગયો.

**મેઘમાળા:** ને તું ચ્હડ્યો શિખરે—
તું ને જગતની જ્યોતિકા;
અને આવ્યાં સૌભાગ્યપગલે
સેવાદાસજીની ગુફામાં ગુફાવાસીઓ.

**પરાક્રમ :** ના; એ ઉપર ચ્હડી–ગૌમુખીએ
—મેઘમાળા ! અદ્દ્ભુત બોલે છે આ ગુફા.
ગુફા બોલે છે ? કે તું બોલે છે ?
જાણે ગિરનાર ગાજ્યો.

**મેઘમાળા:** તું અદ્દ્ભુત દેખ છ
ને અદ્દ્ભુત સાંભળ છ.
સેવાદાસજી ભણાવે છે ત્હને
સેવાના પરમ પાઠ.
ગુફાવાસી થયો મ્હારો વીર:
જોગીઓનો યે જોગન્દર.

**પરાક્રમ :** ગિરનારના યે ગોખ જેવી
આ અગાસી છે ઝૂલતો ઝરૂખો :
જગતજોતું ગિરનારનું જાણે નયન.

**મેઘમાળા:** અને એ નયનમાંથી નિર્ઝરે છે
સંસારના સરવા સન્દેશ.

**પરાક્રમ :** ગિરનારનાં ઝરણાંઓ જેવા.
જગત પડ્યું છે એના પગમાં જાણે.

**મેઘમાળા:** અને જો ! કને જ છે ભૈરવજપ;
ભવની ભેખડ સમોવડો.
સેવામાં ભૂલે એ ભૈરવજપ ખાય.

**પરાક્રમ :** સાચ્ચું કહું ? મેઘમાળા !
હૈયે ઉગે છે ને ઝીલે નિર્ઝર છે તે ?
માનીશ તું ?

**મેઘમાળા:** પડતો બોલ ઝીલીશ મ્હારા વીરનો.
પરાક્રમ ! બોલ ત્હારો હૈયાબોલ.

**પરાક્રમ :** પરાક્રમનો હૈયાબોલ છે
માનવવંશનો હૈયાબોલઃ કે
સંસારમાં બ્હેન છે સેવામૂર્તિ.

(મેઘમાળાને પરાક્રમ સેવાદાસજીની મન્દિરધજા દાખવે છે.)

**મેઘમાળા:** લાજ–લાજ જરા, પરાક્રમ !
બ્હેનની પ્રશસ્તિ બહેનમોઢે બોલતાં.
ગિરનાર હસશે–સાંભળશે તો.
તું છે દત્તાત્રેય ને હું છું અંબાજી:
ત્હારૂં શિખર ઉંચું એટલું ઉંચું.
જો આ પાથર્યા પૃથ્વીપગથાર:
જાણે ગિરનારની વિસ્તારેલી ઝાલરો.
જા, અને ઉડ એ મહાવનોમાં.
વડાં વિશાળ જગનાં આભ
પડ્યાં વીર ! ત્હારે ઉડવા;
વીર ! ત્હારે ઉડવા.
તુજ આત્મવિભૂતિથી વધાવવા,
વીર ! ત્હારે ઉડવા,
વીર ! ત્હારે ઉડવા, અહો વીર ! ત્હારે ઉડવા:
વડાં વિશાળ.

પેલા ભુલભુલામણીના પાળા;
ગૂઢ ગાઢ ઝૂકી વનમાળા;
  એ સહુ છે ત્હારે સુહાવવા:
    વીર! ત્હારે ઉડવા. વડાં.
ભવકુરુક્ષેત્ર એ ત્હારૂં;
મ્હારા પાર્થ વીરને પ્યારૂં;
  ત્હારે સંજીવનપૂર વહાવવા:
    વીર! ત્હારે ઉડવા. વડાં.
સુરકવચ ધરી, વર વીરત્વ પી,
  શૂર! જયડંકે ગ.ઢ જગાવવા:
    વીર! ત્હારે ઉડવા.
વડાં વિશાળ જગનાં આભ
  પડ્યાં વીર! ત્હારે ઉડવા.
    તુજ આત્મવિભૂતિથી વધાવવા—

---

## પ્રવેશ પાંચમો: ભવનાથનાં દર્શને

(આજે લઘુશિવરાત્રિ છે, ને ભવનાથને ન્હાની દીપમાળા ધરાવી છે. ભવનાથનું ગીત ગાતું ગાતું જ્યોતિકાનું યાત્રીમંડળ દર્શને આવે છે. ગીતશબ્દે ભવનાથનો ચોક ને ગિરનારનો ઘુમ્મટ ગાજે છે. ભવાનીની કુંવરી સમી, સૌન્દર્યની વેલી જેવી, મોખરે જ્યોતિકા ચાલે છેઃ જાણે દેવની દીવડીઓ આવી.)

**જ્યોતિકા અને સંઘબાળાઓ**: જગની વાડીમાં અમે રમવાને ચ્હાં'તાં;
ભવના ભુવન માંહી ભમવાને ચ્હાં'તાં:
જગની વાડીમાં અમે.

(હાથે ડોલતી ફૂલછાબોમાંથી બિલિપત્રો લેઈ લેઈ શિવજીને ચ્હડાવે છે.)

રમતાં રમતાં જડિયું રતન રૂપાળું;
ઝબકે નયનમાં ને હૃદયે મમાળું:
જગની વાડીમાં અમે.

( ભવનાથના પૂજારી સહુને નમણ આપે છે, કરતલ ઉપર ભસ્મચન્દ્રક કરે છે.)

રમતાં રમતાં મ્હારો પડી ગયો હારલો;
મોતીડાં વીણી વીણી ચરતો'તો મોરલો:
જગની વાડીમાં અમે.
જગતના ચોકમાં ફરતાં'તાં હરણાં;
ધસતાં-ઉછળતાં: કહો કોની એ પ્રેરણા?
જગની વાડીમાં અમે.

બંસરી : જ્યોતિકા તો આગળની આગળ.

પ્રભા : બંસરી છેડ ત્હારી ને ઉડ આગળ
મન્દિરભરતા શબ્દોચ્ચારે.

પૂજારી : જ્યોતિકાબા! તીરથે આવ્યાં છો?
તીરથદેવ કલ્યાણ કરશે.

જ્યોતિકા: ગરવા ગિરનારીનાં ચરણોમાં,
ભવનાથના ભવમન્દિરે.
એકએક બિલિપત્ર આપો તરપાંખડિયાળું
કે તીર્થયાત્રીઓ જીતે ત્રિલોકને.
ભાવિ તો વાંચતા હશો સૌનાં ય તે.

પૂજારી : જેવાં ત્હમારે પોથીપાનાં,
એવા અમારે લલાટદેશ:
વિધિએ ત્ય્હાં લખ્યાં છે વિધિમન્ત્રો.

( જ્યોતિર્દેવનું એકએક બિલિપત્ર પૂજારી સૌને આપે છે.)

ભવને જીતાડશે ભવનાથ.
જય છે આનો જીવનમાં.
ક્ય્હાંનાં છે કુંવરી ?

પ્રભા : કુંવરી નથી, કુંવારી છે.
જ્યોતિકા થશે જગત્પ્રેરણા.
જ્યોતિકા તો છે જગત્વીજળી.

બંસરી : જ્યોતિકા છે વ્રજની બંસી.
ભરશે વિશ્વનું વ્રજ
એના મનમીઠડા મધુરવથી.
એની જ્યોત છે જગત્મોહના.

પ્રભા : જગત્મોહના ? કે જગત્શોભના ?

જ્યોતિકા: કાલે શું ગાજતું હતું
ગિરનારમાં, આચાર્ય !

આચાર્ય : ગિરનારના યે આત્માને સાંભળો છો !
અગમ્યનાથની એ તો લીલા.
શિખરો બોલ્યાં ગિરનારનાં.
ઉતરશે હવે ઓટનો યુગ.
યુગપલટે યુગપલટે બોલે છે ગિરનાર.

(પૂજારી શંખ વગાડે છે; ગિરનારની ગિરિછાટોમાં ઘોષણા ઘોરાય છેઃ જાણે સકલ ગિરનારને આમન્ત્રણ દીધું.)

બંસરી : આ ગિરનાર થાપ્યો કોણે ?

પૂજારી : ગિરનાર સ્થાપ્યો ગિરનારીએ.

(સંઘનાં નયનોમાં પ્રશ્નાવલિ વાંચીને)

હિરણ્યકાંઠે દેહોત્સર્ગ કીધો
ને વનમાં વિસર્જ્યાં આયુધોને,

ત્‍હારથી અંહી છે ભવનાથમાં
શ્રી કૃષ્ણચન્દ્રનો પાંચજન્ય;
ને જગાડે છે ગિરનારની ગુફાઓને.
જ્યોતિકાબા થશે બંસરી
ને એમના વર થશે જગતના પાંચજન્ય.

( સહુ હસી પડે છે; ગહનતામાં નિહાળતા પૂજારી ઓર તેજસ્વી થાય છે. )

**પ્રભા** : ( પૂજારીને ) કહ્યુંને જ્યોતિકાબા છે કુંવારાં.
કુંવારાંને વર કેવા ?

**પૂજારી** : ત્‍હારે પરણેલાં પરણતાં હશે ?
દામાકુંડે નહાજો; દામોદર વરશે.
વરશે-વરશે, જ્યોતિકાબાને તો વરશે
પૃથ્વીપરવરતા સ્વયં જ્યોતિર્દેવ.

**બંસરી** : દામાકુંડે તો ન્હાઇને આવ્યાં;
ને પૂજી નરસયાની પગલીઓને.
દામોદરને તો ન દીઠા ત્‍હાં ?

**પૂજારી** : નરસૈયાને દીઠો ને ન દીઠા દામોદરને ?
અખંડ વિરાજે છે ત્‍હાં
નીરમાં નારાયણ.
નરસૈયાની આંખે જોજો-નરસૈયાની.

(પૂજારી આરતી પૂરે છે, મન્ત્રો ભણતા ઘુમ્મટમાં તર્જનીનિર્દેશ કરે છે.)

**બંસરી** : ( સહિયરો પરસ્પર વાર્તાગુંજારવ કરતાં કરતાં )
આચાર્ય છે શક્તિપન્થી;
તન્ત્રવિદ્યાના તાંત્રિક;

ગહનતાની પાંખના વનવિહારી.
આટલામાં હાક વાગે છે એમની.

**પ્રભા** : વેદ તો ચારે ય છે મુખપાઠે:
બોલે ત્ય્હારે ઘોષ ગડગડે–ઘોષ.
કંઠ છે મેઘ સમોવડો ગગનનાદી.
ગુફાઓ વાતો કરે છે એમની સંગાથે.

**જ્યોતિકા**: કહે છે કે મન્ત્રશાસ્ત્રી છે–મન્ત્રશાસ્ત્રી.
મોરલી બોલાવે ને નાગ ડોલાવે.
અમથાં રહેવાતાં હશે વનવગડામાં.
સિંહની કેસર પીળે છે,
સિંહણની આંખો આંજે છે.
ભણ્યા છે વશીકરણનો વેદ.
મધરાતે ખેલાવે છે ભૂતાવળ;
અડદનાં નચાવે છે પૂતળાં.
મધરાત એટલે એમને મધ્યાહ્‌ન.

( દૂરદૂરનો ગીતરણકો સંભળાય છે: જાણે ઘંટડીઓ વાગી. )

ઝીણાં ઝીણાં ઝરમર વરસે નીર,
ઝીણાં ઝીણાં ઝરમર વરસે નીર;
ભીંજે મ્હારાં આછાં અમુલખ ચીર.

**પૂજારી** : આવ્યો ગીરનો સંઘ
ગિરિગાજન્તો ને ગગનગોરમ્ભતો.
પાંચ છે પણ વન ગજાવે છે.
આજે છે લઘુશિવરાત્રિનું પર્વ.
શિવરાત્રિએ શિવરાત્રિએ પધારે છે
ગીરની ગુણગર્વી ચારણિયાણીઓ

ભવેશ્વર ભવનાથનાં દર્શને.
ગીરનાં વન હજી છે શ્રદ્ધાળુ.
જ્યોતિકાઃ જુગજુગથી જગત જીવે છે શ્રદ્ધાતાંતણે.
માને ધાવે છે ધાવણુ,
ત્ય્હારથી તે પુત્રીઓળે પોઢે છે
અખંડાનન્દની સમાધિમાં,
આયુષ્યનાં ડગલે ને પગલે,
ત્ય્હાં સૂધી માનવી છે શ્રદ્ધાછલતો
ને જીવે છે શ્રદ્ધાજીવન.
પૂજારી : ભોળાં છે ભવનાથનાં સાવજડાં.
દૂધદંહીએ પોષાય છે દેવીપુત્રીઓ.
( ગીતરણુકા સમીપે આવે છેઃ જાણે દેવીનો થાળીરણુકો રણુક્યો.)
નીચે નેહ સોહામણો, કાંઈઉપર વડલાની ડાળ;
વનમાં સાવજડાં રમે, રમે ઘરમાં દૂધમલ બાળ;
મનની મહેમાનીએ આવજો ત્ય્હાં પાતાળિયાની પાળ.
( પાંચ દેવીપુત્રીઓ મન્દિરમાં આવે છે; ગીત ગાતાં ભવનાથની પ્રદક્ષિણા ફરે છે. )
ઝીણા ઝીણા ઝરમર વરસે મેહ,
ભીંજે મ્હારા નયનનમણા નેહ.
ભીંજે મ્હારા—
પૂજારી : લ્યો આ યજ્ઞભસ્મ.
છાંટજો સાવજડાંને મસ્તકકુંભે.
સાવજડાં જશે વન શોધવાને.
( પૂજારી ભવેશ્વરની ભસ્મ અર્પે છે. )
જ્યોતિકા : ( છલકાતા–ઢળી જતા હૈયે વન્દન વન્દતી )
વન્દન હો વનદેવીઓને.

એક ચારણિયાણી : વનદેવીઓ નથી અમે.
તમ રોખાં છીએ માનવી.
આ સ્હામે ઉભા વનદેવ.

જ્યોતિકા: માનવીમાં છો મહેરામણ.
મોતિયું પાકે છે—મોતિયું
તમ નેહમાં ને ઉદરોમાં.
સાવજડાં ગેલે છે તમ ગોંદરે
ને ન્હાય છે નેહના ધરાઓમાં.
ત્હમે છો સાવજડાંની ગોવાળણો.

પૂજારી : ગીરને વાવ્યું છે કૃષ્ણચન્દ્રે
ને અર્પ્યું છે દેવીપુત્રોને.
પાર્થે પીધાં'તાં દૂધ વડલાનાં
ને સુભદ્રાએ વાવી'તી વેલીઓ ત્ય્હાં.
ગીર છે ગિરનારનું ઘટામંડળ.
મંહી વસે છે દેવીપુત્રીઓ.

બંસરી : સાંભળ્યા છે યશડંકા
આઘે—આઘેના અમ ગુર્જરચોકમાં.

પ્રભા : એમને બોલાવ્યે સિંહ આવે,
એમના હાકોટે સિંહ ભાગે.
નાગમતીની કુંવરીઓ છે
જગતની જોગમાયાઓ :
પૃથ્વીનાં ઉથલાવે પડ.

બીજી ચારણિયાણી : અમે તો વનનાં વનેરૂઓ.
ગોરમ્ભતા ગીરને દુહાઈયે

ને ધરાવિયે ગરવા ગિરનારને.
સિંહણુ અમારે આંગણે ઉભે
ને સિંહ અમારે નેહડે નીંદરે.
દરિયો ડોલે છે પ્રભાસનો
એવાં ડોલે છે અમ ગીરનાં ઝાડવાં:
જાણે હરિયાળીનો મહેરામણ.

**બંસરી** : બાળુડાં વાય બંસરી
એવી ડોલે છે ગીરની વનવેલીઓ.
કૃષ્ણચન્દ્રનાં ગોત્રજ છો–કૃષ્ણચન્દ્રનાં.

**પૂજારી** : હા સ્તો, જ્યોતિકાબા!
(પૂજારીના અગમ્ય દેશમાં સહુ છે જ્યોતિકાઓ.)
કૃષ્ણદેવ ખેલાવતા 'તા સાવજોને
કુરુક્ષેત્રના ધર્મક્ષેત્રમાં.
મહાભારત બોલે છે સાગરબોલે.

(ગિરનારના શબ્દ જેવી વનમાંથી સિંહગર્જના ગાજે છે.)

**પ્રભા** : ગુફાઓ ગાજી જોગન્દરની.

**ચારણિયાણી**: ના, ના; એ તો વનરાજો ગાજ્યા.
ઓ આવે આંગણુમાં
ભવનાથ દાદાનાં દર્શને.

**પ્રભા** : હેં ! સિંહોનો સંઘ?–અંહી?
સિંહ રંજાડતા નથી દાદાને?

**પૂજારી** : સિંહ ને માનવી; દાદાનાં સહુ સન્તાનો.
મન્દિરમાં ન રંજાડે સિંહસિંહણુ.
ગિરનારીની આણુ છે એમને.
સિંહો છે દેવોના દાસ.

ન્હાનકડી દીપમાળા જેટલા
ઝગમગશે નયનદીવડા.

**ચારણિયાણી:** શૂર છો ને શૂર થાવ; ઘણુ નથી.
એ તો આવે છે સજોડલે
ને સપરિવાર—દાદાનાં દિદારે.
ઝાંખી કરીને વળી જશે:
જાણે સાગરની વેળ.
આજે છે શિવરાત્રિની કાળરાત્રિ.
ઝરૂખે જાવ; અમે ઉભશું પહેરે.

**મેઘમાળા:** ના, ના; અમે ઉભીશું દ્વારમંડળમાં,
જ્યોતિર્દેવના મસ્તકે.
દાદા ન ભૂલે દીકરીઓને.

(યાત્રિકો ઝરૂખામાં જાય છે; સહિયરમંડળ દેવમસ્તકે ઉભે છે; જાણે ભવનાથની માનવદીવડીઓ. તેજસ્તંભ સમી જ્યોતિકા તેજસ્તંભને અઢેળીને ઉભે છે. સહિયરમંડળનો નિર્ધાર નિરખી ચારણિયાણીઓની નયનકીકીઓમાં આનન્દજ્યોતની ઝલક ઝબકે છે.)

**બંસરી :** જ્યોતિકા! આવ અંહી.

**જ્યોતિકા:** ઉભી છું આયુષ્યને થંભે—
દેવીપુત્રીઓના પડખામાં.

(સિંહ ને સિંહણ, ને બે ગેલતાં સિંહબાળો, મન્દિરદ્વારમાં આવી ઉભે છે; ચક્રાવા ખાતી આંખે મન્દિરઘુમ્મટને નિહાળે છે.)

**ચારણિયાણી:** પધારો, ભવનાથનાં ભક્તરાજો!
નરસૈયાની વનવેલ!
દિદાર કરો દાદાનાં
ભવમાં અખંડ છે ભવનાથ.

( દેવીપુત્રીની વાણુ સ્હમજતા હોય એમ અગ્ર પાય પ્રલંબાવી સિંહસિંહણુ ભવનાથને દંડવત્ કરે છે, ને અન્તરિક્ષ નિહાળતાં ક્ષણેક મન્દિરદ્વારમાં ઉભે છે; અને પછી કૈલાસીને બોલાવતો આભમાં પોકાર નાંખે છે. મન્દિરશિખરનો મહાધ્વજ સાવજહુંકારે ફડફડવા માંડે છેઃ જાણે જગતને કાંઈક કહેતો હોયને. )

**પૂજારી :** સિધાવો—હવે સિધાવો
વનરાજવી ! મહાવનમાં

**જ્યોતિકાઃ** જાવ, જોગન્દરો !
તમ કાજે વન છે વિશાળાં.

( પૃથ્વીમાપતા પગલે સિંહ ને સિંહણુ જાય છે. એક સિંહબાળ પણુ પાછળ પાછળ પગલીમાં પગલી પૂરે છે. બીજો સિંહબાળ મૌનભાવે મન્દિરદ્વારમાં ઉભે છેઃ જાણે દાદાની દહેરીએ અન્ય કોના ન હોય હુંકાર.)

**પૂજારી :** એ આવે છે ત્ય્હારે ત્ય્હારે
જાય છે આરતી કરીને.
આરતી ગાવ ભવનાથની.

**ચારણિયાણીઃ** ન્હોતરો ગિરનારીનાં મહેમાનોને
કે ભવનાથના સાંભળે ભવબોલ.

( ઘંટા વાગે છે, દુંદુભિ ગાજે છે, શંખ ઘોરાય છે, પંચજ્યોત આરતી પ્રગટે છે. ગિરનારનો સંઘ આવી ઝરૂખાદ્વારમાં ઉભે છે, ચારણિયાણીઓ ઉપાડે છે ભવનાથની આરતી. એ આરતઘોષણાથી ભવનાથનો ચોક છલકાય છે.

( આરતીશબ્દો સિંહણબચ્ચાની આંખોમાં તેજ પૂરે છે. )

હો ! જય જય, ભવસ્વામી ! ભવસ્વામી !
અહો ! ભવની ભભૂત અંગ જામી :
હો ! જય જય.

જોગી! જોગ ત્હારો તે ય ભોગ જેવો;
ત્હને વન્દે છે વિશ્વવન્દ્ય દેવો :
હો! જય જય.
ભાલે ચન્દ્ર, જટાજૂથ મંહી ગંગા;
પીધાં વિષ, પીયૂષ પાઠવ્યાં પૃથ્વીમાં :
હો! જય જય.

( આન્તર્દેશે ડૂબી ગયેલ પૂજારી મનમાં મન્ત્રો સાધે છે. )

વિબુધ ક્‌હે ભૂલી ઉદાસીને વિલાસી;
સૂરજ એક—એક છો ત્હમે કૈલાસી;
અહો! કૈલાસી છો સ્વયંપ્રકાશી :
હો! જય જય, ભવસ્વામી! ભવસ્વામી!
ગૌર અંગે ભવની ભભૂત જામી :
હો! જય જય.

( પૂજારી સૌને શગજ્યોત આપે છે, પ્રસાદ વ્હેંચે છે. )

**પૂજારી** : જોગીઓનાં બાળ! દિદાર કીધા.
જાવ હવે મહાવનમાં
ને થાવ વનના વનરાજ.
વન ખ્હોત્તેરાં છે બાવનવીર કાજે.

( સિંહબાળને એક છાલસોતું કેળુ નાંખે છે. એને પડતું ઝીલી સિંહબાળ એક છલંગે ગિરનારચરણોમાં જઈ ઉભે છે, બીજી છલંગે ગિરિવનોમાં અલોપ થાય છે. )

**ચારણિયાણીઓ** : જય ભવના ભવનાથનો.

( સ્વયંજ્યોતિને ને પૂજારીને પાયે લાગી સિંહણપગલે ચારણિયાણીઓ પણ વન ભણી પગલાં માંડે છે.

સંભ્રમંડળ મન્દિરમાં આવે છે. જ્યોતિકા ભવનાથની જ્યોત જેવી ઝગમગે છે. )

**ચારણિયાઓ**: ( જતાં જતાં ) પધારજો, પુરવાસીઓ!
ગીરનું છે ન્હોતરૂં સહુને.
દૂધ પીશો તો દૂધમલ થાશો;
ખડબાં દંહી ખાશો તો
રૂપનાં ખડબાં જામશે મુખડે;
તેજ તગતગશે ભાલમાં.
આવજો અમ નમણા નેહડે.
ઉઘાડાં છે ઉર ને આંગણાં;
નથી તાળાં કે નથી આગળા.
આભ જેવા છે ઉઘાડ.

**જ્યોતિકા** : ( ભવનાથની દીવડી બોલતી હોય એમ )
પુણ્યાળુ છો, પ્રકૃતિપુત્રીઓ છો;
તે સૂવો છો ઉઘાડે બાર.
આભને તાળાં શાં ?
પણ વીસરશો મા અમને ય તે;
ને પગલાં કરજો ક્ય્હારેક
અમ આંબાવાડિયાંઓમાં.
સાખો ચખાડીશું–વનપક્વ સાખો.
તમ પગલે ભોગળો ભાગશે—
ભોગળો ભવદુર્ગોની.
ને આવજો ગીરની હરિયાળીને
નયણાંમાં ભરી–સંભરીને.
ગીરની નાગરવેલીઓ !
પધારજો ગુજરાતને આંબાવાડિયે,
ને ઢાલવજો ગુજરાતમાં ગીરને.

( વનલહરીઓશી લહેરાતી ગીરની ચારણિયાણીઓ વનઘટાઓમાં સંચરે છે.

એકલી આથડતી શિલા સમો પરાક્રમ અન્ધારી ચૌદશના અન્ધકારમાંથી તેજપ્રતિમા શો પ્રગટી મન્દિરનાં દેવતેજમાં આવીને ઉભે છે.)

**પ્રભા** : સિંહ ગયા ને નૃસિંહ આવ્યા.

**બંસરી** : જ્યોતિકા! પરાક્રમ આવ્યો.
ભૂલો પડ્યો ભવનો ભાગેડુ.

**જ્યોતિકા**: ને ભૂલો પડ્યો છે જાણે
ભવનાથના દેવમન્દિરમાં.
પરાક્રમ તો છે સિંહોનો સિંહ.

( જ્યોતિર્દેવને પરાક્રમ હસ્તાંજલિ કરી રહે છે. ઝરૂખાદ્વારમાં થઈને ભવેશ્વરની યે પાછળ નિહાળે છે, ને દિશાવિશાળા ભવમાં ભવનાથને નિરખે છે. )

**પરાક્રમ** : આરતીની ઘંટા આકર્ષી લાવી મ્હને.
( સાશ્ચર્ય )
બીજી દીપમાળા માંડી છે મન્દિરમાં?
( જાગ્યા જેવો )
ભવનાથને મસ્તકે ઉભી છે જ્યોતિકા.
( ક્ષણેક દર્શનમુગ્ધ રહીને )
કોનાં દર્શન કરૂં છું હું?
ભવનાં, ભવનાથનાં,
કે વચ્ચે ઉભેલી જ્યોતિકાનાં?
જ્યોતિકા છે ભવનાથની મહાજ્યોત.
એની કીકીઓમાં છે યજ્ઞકુંડો.

# અંક બીજો

## પ્રવેશ પહેલો : ગરૂડો ઉડાડતો

( કૈલાસશિખરે શંકરગણના મહાનાયક સમો પરાક્રમ ગિરિવરની એક શિલાપાટે છીપર ઉપર બેઠો છે, ને સ્હામે ધૂણી ધખે છે. સીસમકાળી ગિરિકરાડોમાં કોરેલી ગરૂડમાળાઓની ધવળ બખોલો નીચે મ્હોં વિકાસતી પડેલી છે. ગરૂડમાળાઓને માથે શિલામૂર્તિ સમો માનવબાળ બેઠો છે. પરાક્રમ આજે ગગનમાં ગરૂડો ઉડાડે છે. )

**પરાક્રમ** : ( એક ટેટો ફોડીને )

ઉડો, આભ ઉડન્તાંઓ !
માપો સ્વર્ગ ને પૃથ્વીનું અન્તર;
અને કહો અવનીવાસીઓને
સ્વર્ગ કેટલાં છે પૃથ્વીથી આઘે.

( માળામાંથી ગરૂડગરૂડિણીઓ ઉડે છે, અને અન્તરિક્ષ શોધતાં વનમાથે વિચરે છે. ઉડતી ગરૂડપાંખોમાં પરાક્રમ નિહાળી રહે છે. )

વનને વીંધે છે તમ આંખ,
આભને ઓળંગે છે તમ પાંખ.
પેલા પડદાની પાછળ,
વાંચો ગહુનતાના ગગનલેખ,
અને ઉચ્ચારો જગતને આભસન્દેશ.

(બીજો ટેટો ફોડે છે. માળામાંથી ગરૂડબાળ ઉડે છે; પાંખો ખોલતાં જ કોક પડે છે.)

બાળક છો; શીખશો ઉડતાં.
પણ ઉડશો તો શીખશો
આભ છે અનન્ત પંખાળાંનું.

(પંખીરાજનાં ઉડ્ડયનોને નિહાળે છે. ઉડતો ઉડતો એક ગરૂડ આવી સમીપની શિલામાં ઝડપ મારી જાય છે.)

પંખીરાજ! ભૂલ્યા ત્હમે.
આ તો છે ગિરિવરની શિલા;
આ તો છે પ્હાડો વચ્ચેનો ખડક.
એને ન ફોડે પીંછાંની સમશેર.
પ્રારબ્ધ ફૂટે તો આ શિલા ફૂટે.
કાળો છે કૈલાસીનો કટકો.
જોજો; વાગ્યું ન હોય પાંખને.

(ગગનચક્રાવે ઘૂમતા ગગનપંખેરૂઓમાં આંખડી થંભાવીને)

ઉડો અનન્તની અગાસીઓમાં.
તમ પાંખોમાં છે જગત્પ્રેરણા.

(પરાક્રમને શોધતી ભમતી ગુંજારતી મેઘમાળા ઉપરની ઘટાઓ નીચે, ગિરિદેવી જેવી, બીજી પાર્વતી સમી, પેખાય છે.)

**મેઘમાળા:** મ્હારી વાડીમાં મ્હેકમ્હેક મોગરો,
મોગરે ઉજળાં ફૂલ;
ગહન કો પરિમળો ગહનતા પાથરે,
ડાંખળીએ ઝૂલે છે ઝૂલ:
મ્હારી વાડીમાં મ્હેકમ્હેક મોગરો.
લીલેરી પાંદડીમાં ગોરાં ગોરાં ફૂલડાં,
લીલમમાં મણિઓ સોહાય;
મધુપો આવે છે એના મધુરસ માણવા,
આવે–આવે ને ઉડી જાય:
મ્હારી વાડીમાં મ્હેક–મ્હેક મોગરો.
દુનિયાંને દેશ વાયુ! દેજે સન્દેશડો,

જગતના ન્યારા ન્યારા રંગ;
સહુમાં સોહાગિયો વિહરે વિહારીલાલ;
એ તો છે એકલો અરંગ:
હરિની વાડીમાં રેલમછેલ મોગરો,
મોગરે મોંઘાં ફૂલ.

(વિચારતી-વિમાસતી)

કળીઓ ખીલે છે; ફૂલડાં ફૂલે છે;
પરાગ ઢોળાઈ ઢોળાઇ જાય છે:
એ સૌ છે શું નિરર્થકતાના ઢગલાઓ ?

(ઘડીક થંભી આસપાસ નિહાળીને)

અને આ બેઠા મ્હારા બાવનવીર.
બાવનવીર તો ઉડાડે છે ગરૂડોને !

(ઉભી ઉભી આભરમતને નિરખે છે.)

**મેઘમાળા:** ગરૂડો ઉડાડે છે એ
ને ન્હોતરે છે જગના જોગન્દરોને.
ગગન ઓળંગશે એના ગરૂડો.

(કાળમીંઢની શિલાને અઢેળીને આરસશિલા શી ઉભે છે. નીચે પરાક્રમ ગરૂડોના ગગનવિમાનો ઉડાડે છે.)

**પરાક્રમ :** પૃથ્વી છે વિશાળી,
પણ આભ છે અનન્તા.
આનન્દો ને ઉડો અનન્તમાં.
પૃથ્વી ન્હાની પડી ત્હમને.
ત્હમને ભાવ્યાં અનન્તનાં આંગણાં.
નિ:સીમમાં વિહરો, ગિરિવાસીઓ !
વિશ્વવિરાટનાં છો સન્તાન.

(ટેટા ફોડે છે; ટેટાના મન્ત્રોચ્ચારે માળામાંથી ગરૂડો
ઉડી વનમાં જાય છે. મેઘમાળા પ્રત્યક્ષ થાય છે.)

**મેઘમાળા:** ગરૂડોને ઉડાડ છ? પરાક્રમ!

**પરાક્રમ :** આવ, ને તું ઉડાડ
ત્હારી ગરૂડિણીઓને.
આવી–આવી વનની વનદેવી.

**મેઘમાળા:** પૃથ્વીના પરાક્રમને શોધવાને.
સન્તાયો છે ગિરિવરની કરાડોમાં.

**પરાક્રમ :** સન્તાયો નથી; સંભરે છે
માનવલોકનાં સરોવરોમાં ઠાલવવાને.
પેલું સ્મરણે છે સિદ્ધરાજનું સહસ્રલિંગ?

**મેઘમાળા:** તે ત્હારે યે રચવું હશે દેવસરોવર.

**પરાક્રમ :** ના, ના; પણ વીસરી તો નથી ને
એક દોરી ખેંચ્યે હજાર ઘંટડીઓ વાગતી એ?
એવું શોધું છું હું કંઈક;
એક દોરી ખેંચે ને હજાર ઘંટડીઓ વાગે.

**મેઘમાળા:** શા છે વીરના કોડ સિદ્ધરાજ થવાના!

**પરાક્રમ :** —પણ, મેઘમાળા! આ કેડી!
ક્ય્હાં આવી આ કેડીએ?
વિકટ છે શિલાઓની પગદંડી:
માથેરાનની પેલી શિવાજીસ્હીડી સમોવડી.

**મેઘમાળા:** શિવાજીસ્હીડી ચ્હડે તે શિવાજી થાય.
સંગાથે ન્હોતાં ચ્હડ્યાં શિવાજીસ્હીડી આપણે?

**પરાક્રમ :** મેઘમાળાનો તો ગગનગોરમ્ભો:
ગરૂડો ઉડે છે ત્ય્હાં સંચરે.

**મેઘમાળા:** જ્‌હાં વીર, ત્‌હાં વીરી.
કારમી નથી કોઇ કેડી.
પરાક્રમ ! વીર વિચરે,
ત્‌હાં ન વિચરાય વીરીથી ?
પુરુષો કાજે જ છે પરાક્રમો ?
ગરૂડની સંગાથે ગરૂડબ્‌હેનઃ
બન્ને છે એક માબાપનાં સન્તાનો.
( પરાક્રમ ચમકીને ઉઠે છે; ક્ષણેક વિચારસમાધિમાં ડુબે છે; ગિરિશિલા શો અનુત્તર ઉભે છે. )

**મેઘમાળા:** ડૂબ્યો—ગિરિશિખર સમો ડૂબ્યો
આભની ગહનતામાં કોક.

**પરાક્રમ :** (જાગીને) ભારે કહી, મેઘમાળા !
નારીજીવનનું નવસત્ય બોલી.
મેઘમાળા ગાજી આભભરતી.
ત્‌હેં તો ઉચ્ચાર્યું નવજાતીયશાસ્ત્ર.
'વીર ને વીરી:—
એક જ માબાપનાં સન્તાનો.'
પાટલીપુત્રનો બોલ્યો જાણે ઇતિહાસ.
પેલો ઉભો અશોકનો શિલાલેખઃ
કાળમાર્ગના માર્ગસ્તંભ સમો.
એ નિરખીને સાંભર્યા અશોકદેવ ?
હા; સાગર ઓળંગતાં'તાં
તથાગતનાં કુંવરકુંવરી
રાજજોગી મહેન્દ્ર ને રાજજોગણ સંઘમિત્રા;
ને શિખરો ચ્‌હડે છે સંગાથે

પૃથ્વીનાં પુત્રપુત્રી પરાક્રમ ને મેઘમાળા.
હા; એક જ માબાપનાં સન્તાનોઃ
સંગાથે ઉડશે વીર ને વીરી સદા.

**મેઘમાળાઃ** ને પુણ્યાળુ પતિપત્નીઓ
જૂદાં જૂદાં ઉડતાં હશે ત્ય્હારે?
શિલાઓ બોલે છે બોલ; સાંભળ.

**પરાક્રમ :** સાંભળું છું, મેઘમાળા!
સાંભળું છું ગિરનારના બોલ.
અંહી ઓઢ્યો'તો નેમીનાથે સંજમ,
અંહી ઓઢી'તી રાજુલે સંન્યસ્તઓઢણી.

**મેઘમાળાઃ** ત્હને સ્વપ્નાં પડે છે જોગનાં
તે સાંભળ છ જોગના બોલ.
ત્હારે થવું છે નવનરસિંહ.
નરસૈયો જોગી હતો કે ગૃહસ્થી?
અધુરા વાંચ છ ઇતિહાસ
ગિરિવર ગિરનારના.
જગતના જોગીઓ કાજે જ છે
અઢળક સૌન્દર્ય છલકાતો ગિરનાર?
ને નથી સભર સંસારીઓને કાજે?
ભવનાથના આચાર્ય ક્‌હેતા'તા કે
સ્વપ્ને પડી ગયાં ભવાની.
ગિરનાર જોગનો છે, સંસારનો છે;
ને ચોરો ને ઉપરકોટ બોલશે,
નવયુગ સાંભળે એમ ગિરિઘોષથી બોલશે
ગિરનારની સતીઓના મહામન્ત્રોચ્ચાર.
ભવોભવ છે ભવનાથના.

**પરાક્રમ** : તું યે સાંભળ છ ભવના ભણકાર ત્ય્હારે.

**મેઘમાળા:** જો, પેલા શિખરે ઉભો પાર્થ
જોગીનો જોગિયો ધારીને.
અને, જો, આવે પેલી સુભદ્રા:
ચન્દ્રિકા લઈ ઘડેલી જાણે ચન્દ્રમૂર્તિ.
પાર્થ જોગીએ કીધું સુભદ્રાહરણ
ને જીત્યો જઇને કુરુક્ષેત્રના જંગ.
ગિરિવર ગિરનારને શિખરેથી
તું યે હરી જા ત્હારી સુભદ્રાને,
ને જીત ત્હારાં કુરુક્ષેત્ર.

**પરાક્રમ** : પાર્થ હતો ગાંડીવધન્વા.

**મેઘમાળા:** સુભદ્રા યે હતી ભદ્રમૂર્તિ.
પછી સુભદ્રાએ પ્રસરાવ્યો પાંડવવંશ:
ઇતિહાસયશસ્વી ને પૃથ્વીગાજન્તો.
મ્હારે જોઇયે છે ભાણેજડાં
રમાડવાને ને ખોળો ખૂંદવાને:
મ્હારા પરીક્ષિતો ને મ્હારા જનમેજયો.
નહી—નિર્વંશ નહિ જાય
મ્હારા મહાભાગ પિતાનો વંશમહિમા.
સૂર્ય સમોવડો એકાકી પુત્ર,
અને એ ઓઢશે જોગ?
પૃથ્વી રસાતળ જશે તો તો.

**પરાક્રમ** : (શિલા હસે એમ હસતો હસતો)
ઓહ્‌હો! કોઈબા ગાજ્યાં

—આ તો ફોઈબા ગિરનારમાં.
શિખરો પડશે હવે પૃથ્વીમાં.
(શિલા ભીંજાય એવો ભીંજાય છે.)

**મેઘમાળા:** શિખર પડશે પાણી થઈ ને
તો સંસાર ધરપાશે અમૃતજળથી
ને થશે સૌન્દર્યસોહામણો.
ને હા; ગિરિવર શા કૃષ્ણચન્દ્રને યે
માથે ગાજતાં'તાં ફુન્તા ફોઈબા.
તું છો મ્હારા પિતાનો પુત્ર;
મ્હારે માથે બેસીને નગરોમાં ઘૂમેલો.
કાલે હતો બાળુડો કહાન;
આજ થયો છે આકાશગોત્રી કૃષ્ણદેવ.
જા, પૂછ ગિરીશ્વર ગોરખને કે
સંસારમાં જાઉં કે શિખરે ?

**પરાક્રમ** : (કૈલાસશિખરની હિમશિલા ઓગળે એમ ઓગળતો ઓગળતો)
હવે ગરૂડો ઉડાડવા દે મ્હને.

**મેઘમાળા** : (વર્ષાની વાદળી ગાજે એમ ગાજતી)
તું જ છો મહાગરૂડરાજ.
ત્હારી પાંખે બેસીને
પૃથ્વીમાં પરવરશે પરબ્રહ્મ.
ચાલ; જ્યોતિકા વાટ જૂવે છે
દેવને પૂજવાની.

(ધીમે ધીમે, હંસહંસીને પગલે, વીર ને વીરાં ગિરિવર ચ્હડે છે ને ઘટાઓમાં જાય છે.)

## પ્રવેશ બીજો : નિર્ઝરણીનાં નીરતીરે

ઝરણીઓ ઝરી ઝરી જાય છે હો !
સરોવરો ! ભરી લ્યો ઉરનાં આભ.

(શિખરેથી નિર્ઝરણી ઝરી રહી છે ને સંસારવિશાળી સૌન્દર્ય-ખીણ પગમાં પથરાયેલી છે. ગહનતા ત્ય્હાં હેલિયાં ખાય છે. ઘેરા ઘેરા આભરંગી શિલાપગથારોમાં ટહેલતાં ટહેલતાં માર્તંડ ને પ્રભા આવે છે.)

**માર્તંડ** : આમ વહે છે જગત:
સનાતનઃ અખંડપ્રવાહે;
ઝીલાતું ને વણઝીલાતું.
ઢોળાય છે ય તે; સંભરાય છે ય તે.

**પ્રભા** : ભગીરથે વૃથા વહાવી 'તી ભાગીરથી ?
કે ગોત્રગુણવન્તાઓને તારવાને ?
ન્હાની, કે મ્હોટી, કે પૂરપૂર્ણા,
ગંગાનાં છે સંજીવનજળ.
સૌ પાણી પાય છે સંસારને
ગાઉં ? માર્તંડ ! ગાઉં ગીત ?
કવિતા જાગી છે સૌન્દર્યદર્શને.

**માર્તંડ** : માર્તંડ ક્‌હેશે ત્‍હો યે પ્રભા ઝરશે;
માર્તંડ ના ક્‌હેશે ત્‍હો યે પ્રભા ઝરશે.
નિર્ઝરણીને કોણ કહેશે 'મા ઝરતી ?'
હેલે ચ્હડી મ્હારી મન્દાકિની રે.

(પાર્વતીજી સમીપે નાચતા નટેશ સમો માર્તંડ નખરે નાચતો ગાય છે.)

**પ્રભા** : કવિતાએ કીધાં કામણ ત્‍હને.
યોગીશ્વરે નાચતા 'તા કૈલાસશિખરે.

(આંખોમાં તેજ ભરી, કંઠમાં નિર્ઝરણીનો કલરવ ભરી, હૈયામાં સૌન્દર્યલીલા ભરી, દેવવીણા શી પ્રભા ગાય છે.)

**પ્રભા** : ઝરણીઓ ઝરી ઝરી જાય છે હો!
સરોવરો! ભરી લ્યો ઉરનાં આભ.
સૂકાં સરોવરો ને સૂકી નિર્ઝરણીઓ,
સૂકાતો સારો સંસાર;
સૂકી શિલાઓ છે જોગી ને જોગણોની,
સૂકાતાં નર ને નાર :
સુન્દરતા સરી સરી જાય છે હો!
સજનવા! ભરી લ્યો ઉરનાં આભ:
સજનીઓ! ભરી લ્યો ઉરનાં આભ :
ભરી લ્યો ઉરનાં આભ.

**માર્તંડ** : તુજ ગીતગંગાનાં નીર
દેવો ઝીલશે અને દેવીઓ.
વૃથા નથી વહતી જગતમાં
નીરની નિર્ઝરણીઓ.

(સૌન્દર્યછલકાતી ખીણનો વનવિસ્તાર નિહાળતાં પ્રભા અને માર્તંડ શિલાઓની સાંગામાંચીઓમાં બેસે છે.)

**માર્તંડ** : પરાક્રમનું આ સિદ્ધાસન.

**પ્રભા** : મહાજોગીનું આ તે સિદ્ધાસન?
કે મહાકવિનું કાવ્યાસન આ?
જળમાં નાચતી જો! કિરણાવલિને
ને ઉપર નાચતાં જો! ઇન્દ્રધનુષ્યો.
પ્રકૃતિ હિન્ડોળા ખાય છે અંહી.
આ તો છે કવિતાની કુંજ.

કો કાલિદાસ કાજે સરજી છે સરજનહારે.
(ખીણનું સૌન્દર્યસરોવર નિહાળી રહે છે.)

**માર્તંડ** : નિત્યનિત્યે અંહિયાં માંડે છે
પરાક્રમ ચિન્તનસમાધિ.

**પ્રભા** : નિર્ઝરણીનાં પાણી તો જાણે
પદ્મપત્રનાં પગથાર.

**માર્તંડ** : પરાક્રમ અંહી શોધે છે જગત્પ્રેરણા.

**પ્રભા** : સૌન્દર્યને સિંહાસને વિરાજે છે
પૃથ્વીપ્રગટેલો પરાક્રમ.
અંહી ભરી છે ભવ્યતાની ભરતી
સૃષ્ટિના સરજનહારે.
પરાક્રમ જગતને જૂવે છે
કવિતાનાં દૂરબીનોમાંથી.
મહાકવિતાની પાંખે ઉતરશે
જગતમાં જગતકલ્યાણ.
એ ચિન્તનસમાધિ નથી, માર્તંડ!
પરાક્રમની છે કવિતાસમાધિ.

**માર્તંડ** : ખેવટિયાને ખેડવા છે સાગર.
સૂકાને બેસશે ત્હારી સહિયર ?
કે શઢમાં ભરાશે એના જહાજના ?

**પ્રભા** : એકલે હાથે કોણ તરી ઉતર્યું છે
સંસારનો પારાવાર ?
નાવડીને યે હોય બે હલ્લેસાં.
ભગવાને યે સરજી છે
હાથપાયપાંખોની બેલડીઓ.

માર્તંડ : એ કોડીલાને કોડ હતા
એકલપાંખે આભ ઓળંગવાના.
પણ સ્વપ્નાં છે–સ્વપ્નાં એનાં;
મિથ્યા સ્વપ્નાં શેખચલ્લીનાં.

પ્રભા : ના, ના, માર્તંડ! ના;
એ નથી શેખચલ્લીનાં સ્વપ્નાં.
પરાક્રમ ચલિયાં નથી ઉડાડતો;
પરાક્રમ ઉડાડે છે ગરૂડરાજને.
એનાં સ્વપ્નાં છે ગહન સત્યોનાં;
એ ઉચ્ચારે છે આવન્તા આગમ.
વાંચે છે કવિતાની આંખે એ
ને બોલે છે મહર્ષિની વાણે.
જનતા ઝીલશે એના સન્દેશ
ને જગત થશે પરાક્રમી.

માર્તંડ : શિખરે શિખરે ચ્હડે છે પરાક્રમ
ને શિલાશિલાના સાંભળે છે મહામન્ત્રો.
એને ગિરનાર બોલે છે નવા વેદો.
સાંભળે છે ને કોડ જાગે છે એને
જગતને સંભળાવવાના.

પ્રભા : પરાક્રમ છે નવયુગનો વાલ્મીકિ
ને જ્યોતિકા થશે એની કવિતા.
જ્યોતિકાની સૂરાવલિની પાંખે
પરાક્રમના પરાક્રમમન્ત્રો ભરશે
દિશાદિશાની કુંજઘટાઓ.

માર્તંડ : કૃષ્ણચન્દ્રને હતી બંસરી.

એ બંસરી ભરતી ’તી કૃષ્ણસન્દેશ
વ્રજમાં ને વ્રજવાસીઓમાં.
જો આ નીરની નિર્ઝરણી;
એવાં વહે છે જગતનાં પૂર.

**પ્રભા** : શિખર વહે છે એ વારિ.
પરાક્રમનું શિખર વહશે એવાં નીર;
ને જ્યોતિકા વહાવશે પૃથ્વીમાં
પરાક્રમની નિર્ઝરણી થઈ ને.

**માર્તંડ** : વ્યોમ વરસે છે, સરિતાઓ ઝીલે છે.
મન્ત્રોચ્ચાર છે મહાકવિના;
ને કવિતા છે કવિની પાંખ
એ પાંખે પરવરે છે
દેશદેશની લોકહૃવેલીઓમાં
મહાનુભાવ મહર્ષિઓના મહાભાવ.
પ્રભા ! જય છે જ્યોતિકાનો.

**પ્રભા** : જય છે ગીતનો કે વીણાનો ?
મહાકવિનો કે મહાકવિતાનો ?
બંસીનો કે બંસીબજાવણહારનો ?
મ્હારા કાનમાં ને આંખોમાં
મ્હારો માર્તંડ ભરે છે જાદુઈ ફૂંક,
એટલે બોલું છું બંસરી જેવી.
એવી પરાક્રમની ફૂંક ફૂંકશે પરાક્રમ
ને જ્યોતિકાની બોલશે બંસરી;
જગત્‌ભરતી ને જનમનોહારિણી.

**માર્તંડ** : પ્રભા ! તું નથી બોલતી આ;
આ તો બોલે છે ગિરનારની કવિતા.

**પ્રભા** : ના, ના, વ્યોમવિહારી માર્તંડરાજ!
આ તો છે પરાક્રમનો મન્ત્રોચ્ચાર:
જાણે કવિએ માંડ્યો છે કાવ્યયજ્ઞ.
મેઘમાળા રોજ કહે છે અમને:
શિખર બોલે છે–શિખર ગિરનારનું.
માનવલોકે પરાક્રમ છે માનવશિખર.

**માર્તંડ** : શિલાઓનો ખડકલો: એમ ને?

**પ્રભા** : ના. શિલાની અવિચળતા, પુરુષનું પરાક્રમ;
જોગીઓનો યજ્ઞકુંડ, સ્વર્ગનું પગથિયું;
કાળની કાળવહી, કવિતાની જ્યોત:
એ છે શિખરના શબ્દોચ્ચાર.
પરાક્રમ તો છે પૃથ્વીનું પરાક્રમ.

**માર્તંડ** : જ્યોતિકા છે યજ્ઞકુંડની જ્યોત
ને મેઘમાળા છે હૈયાંઠારતી વાદળી.
પરાક્રમ ગાય છે તમ ગુણગીતા,
ને ન્હોતરે છે જગની જોગણોને.
ગાઉં પરાક્રમનાં ન્હોતરાં ત્હમને?

**પ્રભા** : ગાતાં આવડે છે? ગા.

**માર્તંડ** : કોયલ ટહૂકે નહી; મયૂર ટહૂકે.

**પ્રભા** : તો તો કેકા રેલાશે જગત ભરીને.

(ધીમે, થામાં, નિર્ઝરણી ભરતો, દૂરનો ઝીણો મોરલો બો
એમ, પરાક્રમનાં જગની જોગણોને સનાતન ન્હોતરાં માર્તંડ ગાય છે
જુગજુગનાં જોગી ને જોગણો એ ગીત સાંભળે છે.)

**માર્તંડ** : જગની જોગણો! અહાલેક.
તરસી અમારી મરૂઢીઓ,

રસની લહરી ઘો એક:
જગની જોગણો ! અહાલેક.
યોગીજને યોગ આદર્યા,
આત્મા ઉંડું ઉંડું થાય;
તપસી ઉભા એક પાવલે,
કહોને કેટલું ઉડાય ?
કરિયે, આવો, યાત્રા યોગની :
જગની જોગણો ! અહાલેક.
સૂના સૂના વનના માંડવા,
સૂની સ્વર્ગની વાટ;
આભ તપે, ને અવની તપે,
તપે ઉરના યે ઘાટ :
ત્હમે ને અમે તપશું એકલાં;
જગની જોગણો ! અહાલેક.
ગેરૂ ધર્યો ને કન્થા ધરી,
ધરિયો પ્રભુજીનો ભેખ;
ભેખ એ લેશે ભજ્યો નહિ,
આડી કર્મની રેખ :
જીવને છે કર્મના અંચળા;
જગની જોગણો ! અહાલેક.
પુરુષ ને પ્રકૃતિની બેલડી,
બેલડી શિવ ને ઉમા ય;
જોગી-જોગણુનાં યે જોડલાં,
અદ્‌ભુત એવો યોગન્યાય :
દ્વૈતે રમે છે અદ્વૈત ત્ય્હાં :
જગની જોગણો ! અહાલેક.

આવો–આવોને, અલબેલડાં !
વનમાં વિધુરૂં જણાય;
આવો તો લે હવિ દેવતા,
ઉરની ઉણપો પૂરાય:
પ્રભુનાં પનોતાં પધારજો;
જગની જોગણો ! અહાલેક.

પ્રભા : (નયણેથી હાસ્ય છલકાવતી)
જોગણુ જોઇયે ત્હારે જોગીને યે ?

માર્તંડ : (ગિરનારની દૃઢ મુદ્રાથી)
ભગવાનને લક્ષ્મીજીની જેમ.
એના વિના યોગ કોનો ?
અદ્વૈતમાં જ વસે છે દ્વૈત:
દ્વૈત ન હોય તો અદ્વૈત ન હોય.
જેમ ગર્જના ઉચ્ચારે છે મેહુલાને,
તેમ શબ્દો ઉચ્ચારે છે અર્થને.
છાકે ચ્હડયાં છો–છાકે ત્હમે.
ભરિયાં સરોવર સમાં હૈયાં
હેલે ચ્હડયાં છે તમ સહિયરોનાં
—જ્યોતિકા ને મેઘમાળાનાં.
સંસારમાં સમાશો તો ખરાં ને ?

પ્રભા : અને ઓછા ઉતરતા હશે
તમ સોહાગીઓના સોહાગ ?
હા; તું છો યજ્ઞકુંડ
ને હું છું યજ્ઞકુંડની જ્વાળા.
તું ચન્દ્ર ને હું ચન્દ્રિકા:
ઉભયની અખંડ બેલડી.

સુદૃઢ છું શિલા સમોવડી,
અને સુદૃઢ રહેજે ગિરનાર સમો.
ચાલ, જઇયે જગતઉદ્યાનોમાં.
અઢળક પીધી કવિતા અંહીની;
હવે સંસારને કરિયે કવિતાસોહામણો.

(સુન્દરતાથી આંખો આંજી, કવિતાથી હૈયાં ભરી, કાળનાં કહેણ સાંભળી, પ્રભા ને માર્તંડ સૌન્દર્યની સરોવરપાળેથી ઉઠે છે ને ગીત-ચરણ ગુંજારતાં ગુંજારતાં શિખરોમાં અદૃશ્ય થાય છે.)

ઝરણીઓ ઝરી ઝરી જાય છે હો!
સરોવરો! ભરો લ્યો ઉરનાં આભ.

---

## પ્રવેશ ત્રીજો : મહામાયાની નટડી

આવો–આવો, વીરા રે! આવો–આવો, વીરા રે!
આ આંખડી પરોવો અનન્તમાં હો જી!
ગિરિવરને ઝરૂખે રે! ઉભો'તો હું એકલો હો જી!
જોતો'તો એ પાથર્યાં જગતના પગથાર;
સાગરના સીમાડા રે! વનની ઝૂલતી વેલીઓ હો જી!
આથમતાં કંઇ જહાજો એ ક્ષિતિજની પાર:
આવો–આવો, વીરા રે!
આભને ઝરૂખે રે! ઉભો'તો હું એકલો હો જી!
જોતો'તો એ નવલખ તારલિયાની માળ;
તેજતેજના ગોળા રે! ગગનોમાં ઘૂમતા હો જી!
દીઠા મ્હેં ત્યહાં રૂમઝૂમતા દીનદયાળ:
આવો–આવો, વીરા રે!
અન્તરને ઝરૂખે રે! ઉભો'તો હું એકલો હો જી!

જોતો’તો એ ઉંડાં ઉંડાં વિશ્વનાં ઉર;
દિશદિશ ભરતાં પ્રગટ્યાં રે ! કિરણો આતમદેશમાં હો જી !
ભાસ્યાં મુજને સૂનાં બ્રહ્માંડો ભરપૂર:
આવો–આવો, વીરા રે !
આ આંખડી પરોવો અન્તમાં હો જી !

(ગગનમંડળેથી અપ્સરા ઉતરે છે.)

**અપ્સરા :** શબ્દ તો સાંભળાતો’તો અંહીથી.
આ જ એ ગોરખશિખર.
ગોરખનાથજી સ્વયં ગાતા હતા.

(ચોમેર નિહાળે છે.)

કેમ પેખાતું નથી કોઈ ?
શિખર પણ જાણે પડ્યું સમાધિમાં.

(ઉરનો પાલવછેડલો ઉઘાડી હૈયામાં જોતી)

ઓસરે છે જાણે ઉરના ઉલ્લાસ.

(ઉંચે જૂવે છે. ગોરખશિખરના બ્રહ્મરન્ધ્રમાં શિલાઓ વચ્ચે શિલા જેવા અખંડઅવધૂત ગોરખનાથજી સમાધિમાં ધ્યાનસ્થ વિરાજેલા છે એમને નિરખે છે.)

જોગી તો ઢળ્યા છે સમાધિમાં:
જાણે શિખરને માથે શિખર.
પુરુષો કેમ હશે પથરા જેવા ?
ઝરે ત્ય્હારે શિલાજીત ઝરે;
ન ઝરે ત્ય્હારે જાણે કાળમીંઢના થંભ.
સુન્દરી તો જાણે સુકુમાર સરિતા:
કોમળ પાંખડીથી યે કોમળી.
જોગી છે જાણે જોગની શિલા પડી.

(બ્રહ્મિક ચિન્તવે છે; આસપાસ જૂવે છે; પડેલું પુષ્પ ઉપાડી ગાલે પંપાળે છે.)

અમે પરદેશી પાન, વાનાં વળૂધ્યાં આવિયાં. (પ્રાચીન)

(ઉડી આવેલા ફૂલડા જેવી ગોરખશિખરે ઉભે છે.)

શિખર સમા છે અડોલ.

સૌરભે વધાવું કે સુન્દરતાથી ?

કે શિવજીને જલાધારી ધરે છે

એવી જલાધારી ધરૂં માથે ?

કે જાગે સમાધિમાંથી ?

(જોગીનું પડ્યું કમંડળું લે છે ને કનેના કુંડમાંથી ભરી લાવી સમાધિસ્થને મસ્તકે ધીરે ધીરે જલાધારી ચ્હડાવે છે.)

ગોરખનાથ : (છીપ ઉઘડે એમ આંખો ઉઘાડતાં ઉઘાડતાં સ્વગત)

આવી અપ્સરાની સુન્દરતા

જોગીનો જોગ વિખંડવાને:

જાણે મહામાયાની નટડી.

જોગન્દર ! સાવધાન.

(ચાસન) મેનકા ! ઉતરતી દીઠી'તી અવનીમાં

ત્હને આભની પારથી:

જાણે વીજળી પડી.

મેનકા : નરનાથ ! નર છો નરલોકના.

નારી ઉભી છે સન્મુખે યાચતી.

ભદ્ર પુરુષ ! ભિક્ષા આપો.

ગોરખનાથ: ભસ્મ આપું ? કે રૂદ્રાક્ષમાળા ?

એ છે જોગીની જગતલક્ષ્મી.

મેનકા : પુરુષનું આપો પુરુષાતન.

આપને એકને નહી આજ:

આજ તો ઉતરી છું ચોખંડ જીતવાને.
કૌશિક ઋષિવરે દીધું હતું
એક શકુન્તલાનું વરદાન;
ને ત્હારે જીતી હતી દુષ્યન્તદેવને.
અવધૂત ! ચાર આપો શકુન્તલાઓ
કે જીતું જગતના ચોખંડને
અને ચારે દિશાઓનાં ચોગઠાં.

**ગોરખનાથ:** ભૂલી પડી છો-ભૂલી, મેનકા !
આ નથી પુષ્કરની પુષ્કરણી.
આ તો છે ગોરખનું ગિરિશિખર.

**મેનકા :** ભૂલી નથી પડી, જોગન્દર !
આવી છું આહ્વાન ઝીલીને.
અમે રમતાં'તાં વસન્તવાડીઓમાં;
ને નાંખતાં'તાં રૂપનાં અમોઘ બાણ.
ત્હાં આવી ત્રિયારાજ્યની મહારાણી
ત્રિલોકને જીતવા ન્હડેલી.
કહે: અપ્સરાઓ તો છો તારલીઓ;
અન્ધારામાં તગતગો ઝીણી જ્યોતે.
કહ્યું: તું છે પૃથ્વીનું પુષ્પ;
આજે ફૂલે ને કાલે કરમાય.
મછંદરને જીત્યા ને ગોરખથી હારી.
કહે: ગોરખ છે અજીત ગિરનારશિખરે.
અખંડઅવધૂતને જીતે
એ જગતની સૌન્દર્યરાણી.
રૂપગર્વિલી ત્રિયારાજ્યની મહારાણીનુ

એ આહ્‌વાન ઝીલીને
આવી છું ગોરખશિખરે.
આપો, અવધૂત ! ચાર શકુન્તલાઓ
કે જીતું ચતુર્દિશાઓને.

**ગોરખ** : ભૂલી પડી છો, મેનકા ! ભવભૂલી.
તપસ્વી, પણ સંસારી હતા વિશ્વામિત્ર.
અમે ત્યાગી, વૈરાગી, સંસારપર.
ભાદર જેવડી ભૂલ છે ત્હારી.
ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના. ( પ્રાચીન )

**મેનકા** : જગજગના વાયુ વાય છે અંહીં.
એ વંટોળોમાં અડોલ
ઉભું છે આ શિખર.

**ગોરખનાથ**: મેનકા ! એ હતી ડોલતી
પાણીની પાળ ને કમળોની કુંજ;
આ છે પત્થરના ખડકો.
ગિરનાર ડોલશે તો ગોરખો ડોલશે.

**મેનકા** : ( ઓઢેલા અંબરની મોરકળા કરતી )
ત્હમને આંખ નથી કલાનાં કામણની.

**ગોરખનાથ**: નાગને કાજે હોય
નાગિણીની આંખનાં કામણ.
કલાની આંખ ન હોત મ્હને
તો તું આવત નહિ અંહીં.
પુણ્ય આંજવાને નહિ,
તું આવી છો પાપ આંજવાને;
ને પાપનાં અંજનને કહે છે કલા.

સ્મરણે તો છે ને—કે ભૂલી ?—
ત્ર્યંબકેશ્વરના ત્રીજા લોચનની ઝાળ ?

**મેનકા** : (નિજ કમળપંખાથી સૌરભ ઢોળતી)
નથી ગમતી આ સુન્દરતાની સૌરભ ?

**ગોરખનાથ:** સુન્દરીઓ જેટલી છે સુન્દરતાની ભાતો.
કુમારિકાની છે સુન્દરતા;
કુલવધૂની છે સુન્દરતા;
ગણિકાની યે છે સુન્દરતા.
જોગીઓને આંખ નથી
ગણિકાની સુન્દરતા નિરખવાને.

**મેનકા** : સહુ જોગી થશે—જોગી
તો સંસાર કેમ નભશે ? જોગીરાજ !

**ગોરખનાથ:** કહે છે ત્હારો અનુભવ કે
જોગ સજશે સારૂં જગત ?
ગિરનારનો ગોરખો કહે છે કે
જોગી થવાની નથી જગત્‌જનતા.
અખંડ ને અનન્ત વહતી રહેશે
સંસારની સોનરેખગંગા.
અપ્સરાઓનાં જતનથી જીવશે સંસાર ?
કે સીતા સમી કુલવધૂઓનાં જતનથી ?
જા, વિશ્વામિત્રો છે જગતમાં
ને આપશે મનભર શકુન્તલાઓ.

**મેનકા** : (અજબ નખરે નાચતી)
સિંહ છો, પણ પીંજરપૂરેલા:
જોગના પીંજરમાં.

**ગોરખનાથ:** વનેરૂને ભાવે વનેરૂઓ.
સંસાર એટલે જ સંયમ.
સિંહને યે છે વનની સીમાઓ.

**મેનકા :** સમાધિમાં નથી, જોગીરાજ !
ઉંઘો છો—ત્હમે ઉંઘો છો ઉંઘમાં.

**ગોરખનાથ:** વાગી જગતની જાગૃતઘંટા !
વિશ્વકુંજે સ્નેહધર્મ નથી ત્હમારો;
ત્હમારો છે નરવિજયનો અપ્સરાધર્મ :
નરસિંહોને પાડવા—પછાડવાનો.

**મેનકા :** નરસિંહો હજી કેટલાક છે પૃથ્વીઘાટે ?

**ગોરખનાથ:** નારીસિંહણોથી ઝાઝેરા.
પર્વતો છે એટલા છે નરપર્વતો.

**મેનકા :** જાવ, જાવ, જગતને હસાવશો મા.
થાકી જશો—થાકી, જોગીરાજ !
સરિતાઓ જેટજેટલા સાગરોને ગણુતાં ગણુતાં.

**ગોરખનાથ:** પણ એક સાગર પી જાય
સહસ્રાવધિ સરિતાઓને.
આભ જેવડો છે અવધૂતનો અંચળો.

**મેનકા :** આદ્યશક્તિ કઈ ? જોગન્દરજી !
મહામાયા કે પરબ્રહ્મ ?

**ગોરખનાથ:** મહીતલમાં મહામાયા;
અધ્યાત્મદેશે પરબ્રહ્મ.

**મેનકા :** નર બઢે કે નાર જગતે ?

**ગોરખનાથ:** નારને મન નર બઢે
ને નરને મન નાર.
જગત છે દોપંખાળું મહાપંખી.

(આઘે-આઘેનાં વનમાંથી મીઠડો મનમોહન કોયલટહુકો, ધીરો ને જગતભરતો, સંભળાય છે. કોયલટહૂકાની લહરીમાં મેનકા ડોલી જાય છે.)

**મેનકા** : આવ, કોકિલા! આવ;
ને જગાડ જોગન્દરને.
કોકિલા! ન્હવરાવું કાંઇ તુજને ચન્દનથી,
જગત્મોહના! તુજ મોહની મધુમાધુરી વહાવ;
જગત્મોહના! તુજ મોહની મધુમાધુરી વહાવ.
ત્હને દૂધથી અભિષેકી કરૂં દૂધલી;
ત્હને સૌન્દર્ય સજાવી કરૂં સુન્દરી;
ત્હને ચન્દ્રિકા વધાવી કરૂં ચન્દ્ર શી.
મધુરી! માધુરીના મલકન્તા ચાપને ચ્હડાવી
મીઠી! વિશ્વવિજયી કામણનાં બાણને ઉડાવ:
મીઠી! વિશ્વવિજયી કામણનાં બાણને ઉડાવ.
કોકિલા! ન્હવરાવું કાંઇ તુજને ચન્દનથી—

**ગોરખનાથ**: કોકિલા ટહૂકી વિશ્વલહરાતી.
લહરી પાછી પડશે લેખડે પછડાઇને.
કોકિલાને યે કાળી કરીશ તું.

**મેનકા** : (ગીતના આરોહઅવરોહ શાં નયનો નચાવતી)
કવિતાની સેરો સૂકાઇ ગઇ જોગીની?

**ગોરખનાથ**: નખરાંને જ કહેતાં હશો કવિતા?—ને કલા?
જગત્કવિતા તો ઝળહળે છે
જોગીઓના જોગમાં ય તે.
કુંજકુંજમાં નથી વિલસતી
વિશ્વંભરની વિશ્વવિભૂતિઓ?
જગત મહાકાવ્ય છે જગત્સ્વામીનું.

જો આ ભસ્મરેખાઓ ને જટાજૂથ :
મંહીથી ઉડે છે કવિતાના પરાગ
અનન્તને યે ઓળંગતા.
ત્હારી આંખો યે અંજાય છે
આ શિખરના પરિમલોથી.
મહાસરોવરને હોય પાળ
ને મહાસાગરને યે હોય સીમા.
પૃથ્વી બાંધીને પડ્યું છે ક્ષિતિજમંડળ.
જા, મેનકા! જા બીજા જગતમાં.
આ જગત નથી ત્હારે જીતવાને.

**મેનકા** : ( અંગના અદ્‌ભુત અંગમરોડ દાખવતી દાખવતી )
આ રૂપની વેલ જેવી દેહલતા ?—

**ગોરખનાથ:** રૂપ છે અંગનું ઓઢણું :
મંહીનાં તેજ છે આતમદેશનાં.
ઓળખું છું ત્હારા આત્મન્‌ને.
ગોરખ છે જોગની શિલા,
ને ગિરનારનું છે ગિરિઅંગ.
આભ પડે તો ગોરખો પડે.

**મેનકા** : શિલામાંથી યે ઝરે છે શિલાજીત.
જોગન્દર! જાઉં છું આજ.
જાણું છું ત્હમે છો અખંડઅવધૂત.
પણ આવીશ વળી કોક પર્વે
જોગનો અંચળો ઉતરાવવાને.

( મોરલાની કળા કરી પાંખો પ્રસારી આભ પાછળ જાય છે. )

**મેનકા** : (જતાં જતાં) પત્થરો છે—પત્થરો પુણ્યના.

---

## પ્રવેશ ચોથો : માણેક મહેતીની મૃત્યુશય્યા

(ઇતિહાસયશસ્વી નરસિંહ મહેતાના ચોરામાં એક એકઢાળિયામાં મૃત્યુશય્યા ઢાળેલી છે, અને મંહી જગદંબા જેવાં માણેક મહેતી પોઢેલાં છે. પડખે પૂજા કરતા નરસિંહ મહેતા બેઠા છે. ચોરેથી રાસઝીલનારાંઓનું રાસચરણ વિશ્વસૌરભ સમું આવે છે.)

અંબર ગાજે, મેઘાડંબર ગાજે;
પાવા ગોવાળિયાના પાવા ગાજે. (પ્રાચીન)

**મહેતી** : ત્‍હારે જાઉં છું હું.

**મહેતાજી** : (ગોપીચન્દનનું તિલક કરતાં કરતાં)
કય્‍હાં જશો ? જગદંબા !
સોરઠથી છે કો સોહામણો દેશ ?
—એક વિશ્વંભરના વૈકુંઠ શિવાય ?

**મહેતી** : સરવો સોરઠ છે જગસોહામણો;
ને સોરઠથી યે સોહામણો છે
હરિવરના સન્તોનો દેશ.
અજાણ્યું નથી તમથી એ.
જાઉં છું હરિવરના દેશમાં.

**મહેતાજી**: સંસારને સંકેલશો ત્‍હારે ?

**મહેતી** : સંસાર કોના રહ્યા છે અમ્મર ?

**મહેતાજી**: હા; સંસાર છે સાન્ત.
અનન્ત છે એક આપણો નાથ.
અનન્તમાં ભળી અનન્ત થશો ત્‍હારે ?

**મહેતી** : આપે દાખવી છે એ દિશા
ને વાળ્યા મ્‍હારા પાય એ પગથીમાં.
હું તો છું આપની શિષ્યા.

મ્હેતાજી : (પૂજા સંકેલતા સંકેલતાં)
સદ્‍ભાગ્યને સાંપડે છે એવી સતૂશિષ્યા.
(રાસઝીલનારાંઓની ગીતફરફર વાય છે.)
એક–એક છે દેશ અનન્તા,
જ્‍હાં હરિવરના રહે સન્તા.
મ્હેતી : અનન્તનો દેશ એ આનન્દનો દેશ.
મ્હેતાજી: ત્‍હમે સંભાળ્યો ને સોહાવ્યો
મ્હારો રંક સંસાર;
હવે જાઓ છો જગત તરીને.
અખંડ ને અનસ્ત છે ત્‍હાં
હરિવરના ચોરાનો રાસ.
આત્મા પામશે ત્‍હાં પુનશ્ચેતના.
મ્હેતી : મશાલિયા વિના રમાશે ત્‍હાં રાસ ?
હા; લોકપરલોકમાં જલાવી છે જ્યોત
પ્રેમભક્તિની મ્હારા પ્રેમભક્તે:
વૈકુંઠને યે અજવાળે છે એ અજવાળાં.
એ અજવાળે હરિવર ખેલે છે રાસ.
(રાસઝીલનારાંઓની રમઝટ ઢોળાય છે.)
મહારાસમાં રમે છે બ્રહ્માંડ રે !
ત્રિલોક એમાં ઘૂમતાં રે.
મ્હેતાજી: બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે;
મ્હારો બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે. (પ્રાચીન)
મ્હેતી : તેજ–તેજ જોઉં છું ઉભરાતાં :
તેજનો જાણે પારાવાર.
મ્હેતાજી: અન્ધારાં ઉતર્યાં અવનીનાં;

પટ સંકેલાયા પડદાઓના.
પુણ્યાણુ છો પ્રભુનાં,
લાડીલાં છો હરિવરનાં.
ત્હમારે તો ઓવારણે ઉતરે
બ્રહ્માંડનાં તેજ અવનીમાં.

**મ્હેતી** : એ સૌ મ્હારા પ્રેમભક્તનાં પુણ્યે.
ત્હમે વાળ્યાં એ વહેણમાં,
ત્હમે પાળવી આ સરિતાને.
હું તો હતી હરણી,
ને સંસારનો ચરતી'તી ચારો;
હું તો હતી ઝરણી
ને સંસારનાં વહતી'તી નીર.
ત્હમે સાધ્વી સરજી સંસારિણીની.

**મ્હેતાજી**: સૌ–સૌનાં પ્રાશે છે પ્રારબ્ધ સૌ.
મનુબાલ તો છે માત્ર નિમિત્ત
બ્રહ્મની બ્રહ્મલીલાનાં
સાંઈ કહેજો ત્ય્હાં સન્તોને.

**મ્હેતી** : સન્તોને સહાયની છે
સન્તવરાની સાંઈ.
નહી ભૂલું–સ્મરણો જીવશે તો તો.

**મ્હેતાજી**: સ્મરણો જીવે છે ને જીવશે.
સંભારજો હરિવરની છાંયડામાં,
સુખ દીઠાં હોય આ છપ્પર નીચે તો.
કાલે નહિ તો પરમે
હું યે આવીશ ત્ય્હાં રમવાને.

**મ્હેતી** : તો રમીશું ત્ય્હાં
અનન્તને આરે અનન્તનો રાસ.
આજે તો અંહી જગતઘાટે
માગું છું મનભરની વિદાય.
છેલ્લી ક્ષમા, નાથ ! જીવનનાં વનની—
(ફૂલની પાંખડીઓ ઉડતી આવે એવી ગીતપાંખડીઓ ઉડતી આવે છે.)
ત્હેં તો પ્રેમની પાંખો દીધી,
રે હો મોરલીવાળા !
**મ્હેતાજી**: મ્હારી ને પ્રફુલ્લી વ્રજની વેલી,
ને પછી વહી ગઇ—ગઇ જમનાજળમાં;
એ વેલીને ક્ષમાપન કોનાં ?
ત્હમે તો પરિમળ પાથર્યા જીવનમાં.
**મ્હેતી** : ત્ય્હારે વિદાય ?—
**મ્હેતાજી**: આવ્યું ખમાય;
ગયું ખમાયું છે કોઈથી યે ?
ત્હો યે ખમીશું ખમાશે તેમ.
**મ્હેતી** : ત્ય્હારે અનન્તનાં વધામણાં.
આયુષ્યની ઘડી ભરાય છે;
હવે ડૂબશો મહાજળમાં.
**મ્હેતાજી**: મહાજળમાં જે ડૂબે છે
તે તરવાને ને તારવાને.
જગત્વાસ છે યાત્રા જગત્વાસીઓને:
રામસેતુથી દ્વારિકા—જગતછેડે,
ને દ્વારિકાથી વ્રજમાં ને વૈકુંઠમાં.
વૈકુંઠ છે આયુષ્યનો વિશ્રામઘાટ.

ત્હમે તો ગામોતરાં માંડયાં—ગામોતરાં.
ગિરનાર ન ગમ્યો ?—કે બહુ માણ્યો ?

**મહેતી** : ગિરનાર છે ધરતીનું ગૌરવ;
હવે ત્હમને ભળાવું છું ગિરનાર.
દામોકુંડ ને રાસચોરો
છે મહેતાજીના અખંડજ્યોત અમૃતદીવડા.

**મહેતાજી**: પ્રેમભક્તિની એ છે ઝરણીઓ.
હરિવર જતન કરશે સૌનાં.

**મહેતી** : ત્ય્હારે વિદાય ? મ્હારા પ્રેમભક્ત !

**મહેતાજી**: કોણ છે સંસારભરમાં રોકણહારો
હરિવરની યાત્રાના યાત્રિકને ?
કલ્યાણમાર્ગે જાવ છો; કલ્યાણ થશે.
અનન્તકોટી બ્રહ્માંડોનો બ્રહ્માંડનાથ
પગમાં પાથરશે ત્હમને તારલા.

(પથરાતાં તેજ જેવાં ગગનમંડળમાં ગીતકિરણો ઉડે છે.)

મહામૃત્યુનાં અમૃતે રે !
કે અમરોને અમરો કીધા.

**મહેતી** : એક નાંખું વેણ જતાં જતાં ?

**મહેતાજી**: કોણે અને કોઇનાં ય તે
કેટલાં ઉથાપ્યાં છે છેલ્લાં વેણ ?
એક પાય છે નરલોકમાં
ને બીજો પાય છે હરિભોમમાં:
અત્ય્હારે તમ બોલ છે હરિવરનો બોલ.

**મહેતી** : તો સાંભળો જતાંનું વેણ.
જગત સારાનું કરો છો જતન;
જગત બહાર છે આપણું ઘર ?

જૂઓ, સ્હામું જૂઓ જરાક,
મ્હારાં સામળ ને કુંવરની સ્હામું.
એ ય છે હરિવરનાં બાળકડાં,
ને—હરિવરનાં—આપેલાં.
હરિવરના—ધામમાં—

(મહાશ્રમે, લડથડતી જીભે, માણેક મહેતી છેલ્લા શબ્દો ઉચ્ચારે છે. શ્રમભારથી કંઠ રૂંધાય છે, મીંચાતાં પોયણાં જેવાં નેત્રો મીંચાય છે-બીજા જગતમાં ઉઘડવાને માટે. માણેક મહેતી શ્રી હરિની યાત્રાએ સંચરે છે.)

**મહેતાજીઃ** સંસાર સૂકાતો હતો;
ભાંગ્યો આજ.
લેખડ ભાંગી પડી.
મહેતીએ માંડ્યાં ગામોતરાં.

(વિચારલીન રહીને)

અને એ યે હતી
હરિવરની લીલાની પંખિણીઃ
હરિવરના લ્હેરખડે લ્હેરાતી.

(આંખમાંથી પડતું ટીપું ઝીલે છે.)

જગદીશ જેટલી સાચી છે જગતલીલા.

(દિશાઓમાં જાણે મહેતીના જતા આત્માની પાછળ નિરખે છે.)

વંટોળ વાયો; વન વેડાયું;
ને ખરી પડ્યું ફૂલડું.

(આતમઊંડા નિશ્વાસ નાંખે છે.)

શ્રી–ઈ હરિ–ઈ !

(આભની ગુફામાં નિરખી રહીને)

આવે છે; સત્કારજે.

(રાસઝીલનારાંઓનો અખંડટહૂકો જગત અને જગદન્તર ભરતો વહે છે.)

હરિ ! મ્હારે આજે આનન્દલોમ ઢૂંકડી.

---

# પ્રવેશ પાંચમો : ગિરનારનો સંઘ

(ગૌમુખીગંગાના ચોકનું સરોવર કરી, ચન્દનીથી છલાછલ ભરી, અજવાળી અષ્ટમીનો ચન્દ્રમા ચમકી રહ્યો છે. સરોવરજળમાં ઝીલે એમ ગિરનારનો સંઘ ચન્દ્રિકાજળમાં રમે છે. હરિણબાળ સમાં બાળકો આનન્દતાં આવે છે.)

**બાળકો :** ચન્દની રે ! ચન્દની,
વહે મન્દમન્દિની;
નન્દજીની નન્દિની
ઉડતી આનન્દિની;
ચન્દ્રની તું ચન્દની.

**એક બાળક:** આ આવ્યાં મેઘમાળાબા
અને એમની સહિયરજોગણો.

(જગતના ભાલપટ જેવો ગૌમુખીગંગાનો ચોક વિસ્તરેલો છે, ને મંહી વિધાત્રીના વ્હેણ સમી ગૌમુખમાંથી ઝરણી ઝરે છે. ઉપરથી ચન્દ્રિકાની ઝરમર વરસે છે. એ ચન્દ્રિકાચોકમાં મેઘમાળા ને હેની સહિયરો આવે છે. જોગન્દર ગિરનારના સન્માનાર્થે આજે સહિયરોએ જોગણવેશ ધારેલા છે: જાણે પાર્વતીની પુત્રીઓ. મેઘમાળા ને જ્યોતિકાને યે મોખરે ચાલતી બંસરી ને પ્રભા ગીત ગવરાવતાં હોય છે)

**બંસરી ને પ્રભા :** એક અવધૂતે વાંસળી વગાડી,
એણે નીંદરતી દુનિયાં જગાડી.
એના વહતા દિગન્તે દેવસૂરો,
એનો શબ્દ પડ્યો જગતમધુરો.
મહામન્ત્રના બોલ કંઇ ચન્દનીઝણ શા ઝણઝણે;
પછી વનવન વાગ્યા ઢોલ ભવ્ય સિંહહાકલ સમા.
એક અવધૂતે પાંચજન્ય પૂર્યો,

એનો ઘોર પડ્યો મધુરો મધુરો.
એના દિલદિલમાં વાગતા ડંકા,
એને ઝીલતા જગવીર કો અટંકા.

જ્યોતિકા: ગરવો છે ગિરિવર ગિરનાર
ને ગરવો છે ગિરનારનો સંઘ.
પૂર્ણિમાની યજ્ઞજ્યોતે પાવન થઇ
સંઘ સંચરશે પછી સંસારમાં.
અમૃત પ્રાશી અમૃત પાશે જગતને.

અંસરી : ત્હમે પાશો ત્ય્હારેને ?
વેલીઓ વ્હીલાય છે વનવનમાં.

જ્યોતિકા: મેઘમાળાના ઝરમરવે ય તે ?
તો તો ઝંખવાયેલાં શે થશે વર્ચસ્વી ?

અંસરી : મેઘમાળા વરસે તો તો
સૂકાં સહુ થાય લીલાંછમ.
દુનિયાં દીન છે ને દામણી આજ;
કાલે પ્રફુલ્લી ઉઠશે જગત.

મેઘમાળા: સ્ત્રીધર્મ છે જગતને હૈયાંદૂધ પાવાનો.
જ્યોતિકા જાગે તો જગત જાગે.

જ્યોતિકા: જય છે જગતનો ને જગન્નાથનો.

પ્રભા : જયવન્તું છે જ્યોતિકાનું જગત.

જ્યોતિકા : (ઉછળતી ચન્દની સમી પ્રોત્સાહનનાં પૂરે ચ્હડતી)
જોજેને, આભમાં ઉડતેલી પ્રભા !
ગગનમંડળમાં ઉડાડશે પૃથ્વીને
ગિરનારનો આ સંઘ
સંઘને મસ્તકે તપે છે, જો !

પેલો વ્યોમમણિ ચન્દ્રમા.
વિમાનો ઉડે છે વનમાથે,
પણ પાંગળાં પંખેરૂ સમાં.
વિમાનોને ઓળંગાવશું સાત આસ્માન
ને કરાવશું પડદા પાછળની ઝાંખી.
ગિરનારની કરીશું બેસણી;
વાદળીઓની કરીશું પાંખો;
ને વહશું ચન્દ્રિકાના સાગરોમાં.
જગત્પ્રેરણા જાગશે,
ને જગતે ચ્હડશે ભાગ્યની ભરતી.
આવશોને બ્રહ્મચોકમાં
મનભર બ્રહ્મરમતો રમવાને કાજ ?
ઓટ ઉતર્યા જાણજો અવનીના.

**મેઘમાળા:** ત્હારા મ્હોમાં શેલડી ને સાકર,
મ્હારી મીઠાબોલી મેના !
ઉછરંગના મહાતરંગોમાં ઉછળે છે
ત્હારી નૌકા આજે.
ત્હને ચ્હડ્યાં છે ચન્દનીનાં પૂર.
રાત્રિનો થશે હવે દિવસ.

**જ્યોતિકા:** ત્હમે ગાવ તો હું વગાડું;
ને રમાડું સંસારના સ્વામીને ય તે.

**મેઘમાળા:** જગત્ દુંદુભિ જેવું લે ત્હારૂં ઢોલક
ને ઝૂલાવ ગિરનારની વેલીઓને,
ને બોલાવ વનના વનરાજોને.

( સખીઓ ચન્દ્રાકારે ટોળે મળે છે. તારિકામંડળમાં ચન્દ્રજ્યોત સમી

સહિયરમંડળની મધ્યે બેઠેલી જ્યોતિકા ઢોલક વગાડી જોગણસહિયરોને ઘૂમાવે છે. જ્યોતિકાના મેઘમીઠડા ઢોલકનાદે મેઘમાળા ગીત ઉપાડે છે.)

**મેઘમાળા:** વાદળી આવે–આવે, ને ઉડી જતી;
વાદળીના કુંકુમકેસરરંગ્યા પાય, રાજ !
વાદળી આવે–આવે, ને ઉડી જતી.
વાદળીના હૈયે વિલાસતી વીજળી;
વીજળીની ઝબકે જગત ઝંખવાય, રાજ !
વાદળી આવે–આવે, ને ઉડી જતી.
વાદળીની અંબરઆભા વડાં આભ શી;
વાદળીનાં દુંદુભિ વાગે મન્દ્ર મન્દ્ર, રાજ !
વાદળી આવે–આવે, ને ઉડી જતી.
વાદળીને ઝાલનાર ગગનગામી વીરલા;
વાદળીના રંગે રંગાય કૃષ્ણચન્દ્ર, રાજ !
વાદળી આવે–આવે, ને ઉડી જતી:
વાદળી આવે–આવે—

**જ્યોતિકા:** (ગગનજ્યોત સમી આગળ આવીને)
મોંઘા છે વાદળીના ઝીલનાર,
ને મોંઘેરા છે વીજળીના ઝાલનાર.
શિખરોને ઓળંગતું, મેઘમાળા !
વિશ્વમાં વહતું'તું ત્હારૂં ગીત.

**મેઘમાળા:** ત્હારા ઢોલકની પાંખે.
તું નચાવ છ ગિરનારના સંઘને.

**જ્યોતિકા:** ગિરનારી છે ગિરનારનો રાજરાજેશ્વર;
આપણે તો એની પાંખનાં પીંછાં.
પેલો કાલિદાસ કહે છે ને

જગતમંડન હિમાલયને—એવો
સૌરાષ્ટ્રનો માનદંડ છે ગિરનાર:
દિશાદિશાનો દેવતાત્મા:
સંસારનું શિખર ને કાળની દીવાદાંડી.

**મેઘમાળાઃ** ગિરિવર છે રાણકનો ગિરનાર.

**જ્યોતિકાઃ** અડધેરૂંક બોલી તું, મેઘમાળા!
ગિરિવર છે રા' ખેંગારનો ગિરનાર.
ભૂલ્યાં ભાસો છો રાણકનો બોલ.
ગઢ ગરવો ગિરનાર વાદળ શું વાતો કરે;
મ પડ, મ્હારા આધાર! ચોસલાં કોણ ચ્હડાવશે?
ગયા ચ્હડાવણહાર ધીંગા સોરઠના ધણી. (પ્રાચીન)

(ચન્દ્રને પગલે પરાક્રમ ચોકમાં આવે છે. આશ્ચર્યદર્શન નિહાળીને)

**પરાક્રમ** : અંહી તો જોગણો રમે છે રાસે!
ગીત સાંભળ્યું જગદંબાને ઝરૂખે.
ગૌમુખાંએથી જોવાને ઉતર્યો
તો જોઉં છું જગતનાં અદ્ભુત!
જોગનો ને સંસારનો સમન્વય.

( ચન્દનીમાં ક્યહાંકથી ગીતચન્દની દોળાય છે. )

આવી રૂડી લીલૂડા લીમડાની છાયા;
એવી મ્હારા માવતરની માયા:
મહિયારી મહી વેચવાને ગ્યાં'તાં. (પ્રાચીન)

**પરાક્રમ** : (ક્ષણેક સ્થિરદષ્ટે અન્તરિક્ષ નિહાળી રહીને)
મ્હારા વદનમાં એ ન્હાળે છે પિતાને;
એના વદને હું ભાળું છું માતાને.
મેઘમાળા છે ભદ્રમૂર્તિ સુભદ્રા.
એનો પાર્થ જો હોત જગતમાં—

**મેઘમાળા** : (પરાક્રમની ચન્દ્રજ્યોતને તીરછી નજરે જોઈને સ્વગત)
આવ્યો—આવ્યો જોગી
જગની જોગણોનાં જગતમાં.
ઉતર્યો જગદંબાને ઝરૂખેથી
ગૌમુખીગંગાના ચોકમાં:
જાણે ચન્દ્ર ઉતર્યો આકાશઝરૂખેથી.
ત્ય્હાં હતી ગોરખછાયા;
અંહી છે સંસાર સમી નિર્ઝરણી.
(ચાસન) જ્યોતિકા! તું ગાય તો
ચોસલાં ચ્હડાવિયે ગિરનારને:
ઈન્ધણાં પૂરિયે શિખરજ્વાળામાં.

**જ્યોતિકા:** મેઘમાળા! ભાખું જગતની જન્મોત્રી?

**મેઘમાળા:** તો તો જન્મે નવો જોષી જગતમાં.

**જ્યોતિકા:** જગતમાં જાગશે જગત્પ્રેરણા
ને ચ્હડશે પરાક્રમની ભરતી.

**મેઘમાળા** : (શ્લેષશબ્દના અર્થનો મર્માર્થ ઝડપીને)
હજી પરણ્યાં તો છો નહિ,
ને માંડી પરણ્યાની વકીલાત!
તું વકીલ થાય તો, સાચે જ ને!
જગત હારી જાય ત્હારાથી.
તુજ સમીની વકીલાતે તો
પરાક્રમ જગતો જીતે—જગતોને.
જ્યોતિકા! તું B. Sc. થઈ;
વાંચ્યું એટલું વિશ્વનું વિજ્ઞાન.
એનું હૈયું વાંચ્યું ત્હેં ?

(શરમના શેરડા નહિ; ચન્દ્રની ચન્દ્રિકા જ્યોતિકાના વદને ચમકે છે.)

જ્યોતિકા: ત્હેં વાંચ્યું છે એટલું નહિ.
પ્રથમપહેલાં બ્હેન વાંચે છે,
ને પછી વાંચે છે પત્ની,
પુરુષજ્યોતના હૈયામન્ત્રો.
મેઘમાળા : ( બોલનો ગૂઢારથ વાંચીને )
એ જ પૂછવાની હતી ત્હને.
ત્ય્હારે એને પરણીશને તું ?
પરાક્રમની પ્રગટાવીશ આતમજ્યોત ?
મ્હારા અધૂરા રહ્યા અભિલાષ:
તું પૂરીશ હવે એના કોડ ?
જ્યોતિકા: આભ સમા ઉદાર
ને વિશ્વ સમા વિરાટ
છે ત્હમારા વીર તો.
એમને કંઠે સરિતા એ તો
માનવતાને હૈયે જાણે મોતીસરી.
હું કોણ પરાક્રમને પ્રગટાવનારી ?
પણ, મેઘમાળા ! B. Sc. થઈ છું;
M. Sc. થઈશ એમનાં ચરણોમાં.
મેઘમાળા: કવિતાનો ફૂવારો ફૂટ્યો જાણે.
ગિરિવર ગિરનાર છે કવિતાનો ફૂવારો.
જ્યોતિકા: ગિરનાર છે સોરઠનો ફૂવારો,
ને ફોરે છે આભઉછળતો.
મેઘમાળા: ને સાવજડાંને ખેલાવતો.
ગા એ ત્હારૂં સાવજડાંનું ગીત
ને તું યે ઉછાળ ધારાઓ અનન્તમાં.

ગવરાવ ને નચાવ સંઘને ને સંસારને.

જ્યોતિકા : (ગંભીર ગગનભાવના હાવભાવે લહરાતી)
મેં તો હરિગુન ગાવત નાચુંગી;
નાચુંગી, રે હો! નાચુંગી;
મેં તો હરિગુન ગાવત નાચુંગી. (મીરાં)

મેઘમાળા: નવયુગનાં મીરાંબાઈ પ્રગટ્યાં આ તો.

જ્યોતિકા: મહારાણી મીરાં યે નાચતાં
ને નરસૈયો યે નાચતો'તો
હરિવરનાં ગુણગીત ગાતાં ગાતાં.
મીરાંની પેરે ગાશે ને નાચશે
મ્હારો યે સહિયરોનો સાથ.
સાગર નાચે છે; વન નાચે છે;
ને નાચે છે સૂર્યચન્દ્રનાં તેજ:
હરિમન્દિરોમાં નાચે છે હરિસન્તો.
સારૂં બ્રહ્માંડ નાચે છે બ્રહ્મનૃત્યે.

મેઘમાળા: તું તો જગતને યે નચાવીશ
ને નચાવીશ ત્‍હારા નાથને ય તે.

જ્યોતિકા: ત્ય્હારે વહુ એકલી જ નાચે
ને ગાય જીવનનાં ગીત?
સંઘ મ્હારો છે સોહામણો.
સંઘને પાઈશ જીવનનાં અમૃત.

મેઘમાળા: તું છો પરાક્રમની પાંખ
ને ગિરનારીની આંખ.
તું પેખ છ ગિરનારીની આંખે
ને ઉડાવ છ પરાક્રમની પાંખે.
તું છો રૂકિમણીનો નવઅવતાર.

જ્યોતિકા : ( ગિરનાર ગાજે એમ ખડખડાટ હસતી )
ત્ય્હારે પરાક્રમ છે કૃષ્ણચન્દ્રનો નવઅંશી.
( સ્વસ્થ થઈને સંપૂરણ ગંભીરતાથી )
પરાક્રમ છે પૃથ્વીની પુરુષજ્યોત.
ત્હમારા વીર છે વીરત્વમૂર્તિ.

મેઘમાળા: ને સૌન્દર્યમૂર્તિ વરશે વીરત્વમૂર્તિને.

જ્યોતિકા: ચન્દની ચન્દ્રને વરે જ ને.

મેઘમાળા: તો થજે પરાક્રમની ચન્દની.
આજ તો ગા ત્હારૂં સાવજડાંનું ગીત.

(મુગટધારિણી મહારાણી સમી જ્યોતિકા સહિયરોમાં જાય છે.)

મેઘમાળા : (આઘે-ગૌમુખીગંગાને આરે ઉભેલા પરાક્રમને નિહાળીને)
જાણે મ્હારા પિતાની મહિમામૂર્તિ !
સળગી–સળગી જ્વાળા
પરાક્રમની આંખડીઓમાં.
સફળ થયો મ્હારો આજનો સમારંભ.
કમંડળુ કુંડના આગમ યજ્ઞની
આ તો છે પૂર્વતૈયારી.
અહો ! જોબનની વેલી રે !
જીવન કેરે ઝોલે ચ્હડી.
સખિ ! જોબનની વેલી રે !—

(વાદળીને પગલે મેઘમાળા સહિયરસાથમાં સંચરે છે; હૈયાબોલ શું મીઠડું ઢોલક વગાડે છે; જ્યોતિકા સાવજડાંનું ગીત ગાય છે. વિશ્વમંડળના મહારાસમાં રમતી પૃથ્વી જેમ બે ગતિઓના સમન્વયે–નિજ ધરી ઉપર ચકાવો ખાતી ને સૂર્યરાજ ફરતી ચકાકારે ઘૂમતી–ઘૂમે છે એવો જ્યોતિકાનો સહિયરસાથ નિજ જોગઅંબરો ઉડાડતો પાયફૂદડીએ ફરતો રાસરમણમાં રમે છે. એક–એક સહિયર હતી જાણે

પૃથ્વીની રસમૂર્તિ. ગગનઅટારીએથી ચન્દ્રમા ને ગૌમુખીગંગાની અટારીએથી પરાક્રમ જ્યોતિકાને નયનચન્દનીના અભિષેક કરે છે.)

**જ્યોતિકાઃ** હો! ગીરનાં સાવજડાં રે!

એ તો બેસતાં શિખરોને શૃંગ:

હો! ગીરનાં સાવજડાં રે!

વનનાં વિમાન સમાં વિચરે હરિયાળીમાં;

ઓળંગે ગિરિના ઉછંગ:

હો! ગીરનાં સાવજડાં રે!

રમતા ને ઘૂમતા એ જાણે જોગન્દરો;

ઘોરમતા ઘોષણાના ઘોર:

હો! ગીરનાં સાવજડાં રે.

કેસરીના ઉછળે છે કેસરજટાજૂથો;

પગલીમાં પૃથ્વીના અંકોર:

હો! ગીરનાં સાવજડાં રે!

મેઘમાં-ગુફાઓમાં હાકલે હુંકારતા;

વનની જાણે મહાવાણ:

ગાંડીવનાં ઘૂમતાં શું બાણ!

હો! ગીરનાં સાવજડાં રે!

હો! ગીરનાં—

(ગૌમુખીગંગાનો અષ્ટમીની આરતીનો ડંકો વાગે છે; ગિરનારનો સંઘ ને સહિયરસાથ ગૌમુખની ગિરિઝરણીનાં દર્શને સિધાવે છે. રજનીગુફામાં પહેલો સારો ગિરિદેશ એ ડંકે ગાજે છે.)

**પરાક્રમ** : (આરતીડંકે ગીતસમાધિમાંથી જાગ્યા જેવો)

જ્યોતિકા તો ખેલાવે છે સાવજડાંને!

(દૂરથી ગૌમુખીનાં દર્શન કરી સિંહને પગલે પરાક્રમ શિલાઓ ચ્હડે છે. ગૌમુખગંગાના ચોકમાં ચન્દ્રિકાની છલકાતી છાલકો પાછળ ઉછળે છે.)

# અંક ત્રીજો

## પ્રવેશ પહેલો : ચન્દનીમાં ગિરિવર ચ્હડતાં

**મેઘમાળા:** વ્યોમેશ! જો વ્યોમમંડળમાં.
ચન્દનીની ઉડે છે વાદળીઓ.

**વ્યોમેશ :** એ છે વિશ્વાનન્દના ફૂવાર;
જગતને સુન્દર કરતી
એ છે વ્યોમસુન્દરીની સુન્દરતા.

**મેઘમાળા:** વ્યોમપુરુષના વદનના
એ છે પ્રભાવર્ણા પરિમળતરંગો.

**વ્યોમેશ :** નરના કે નારના?
આપણે તો આ બેઠા
એ વિશ્વતરંગો ઝીલતા.

(મેઘમાળા અને વ્યોમેશ, પ્રભા અને માર્તંડ વનમાં ભવનાથનાં દર્શને ગયાં હતાં. ત્હાંથી વળતાં માર્તંડ અને પ્રભા નિત્યની પગથિયાં-પાયરીને બીજે માર્ગે વળ્યાં ને વ્યોમેશ ને મેઘમાળા પરસ્પરની દર્શનસમાધિમાં ને વાર્તાલાપમાં ડૂબેલાં નિર્ઝરણીની ખડકશિલાઓને બીજે માર્ગે ગિરિવર ચ્હડવાને નીસર્યાં. અધવચાળેક વ્યોમેશ, જાણે મારગ રોકતો, કેડી વચ્ચે બેસે છે; મેઘમાળા, શિલાસ્થાપી ત્રિશૂળધારિણી દેવી જેવી, પાળશિલાએ બેસે છે. બન્નેયને ચન્દ્ર ચન્દનીના અભિષેક કરે છે.)

**મેઘમાળા:** ભવનાથના ભણકારા વાગે છે
ગિરિવરના આ એકાન્તઘાટમાં.

**વ્યોમેશ :** વાયુ અથડાય છે શિલાઓમાં
ને જગાડે છે એ ભણકાર.
ભૂલના છે, ને ભૂલીશ મા.

**મેઘમાળા:** હું ભૂલતી નથી, વ્યોમેશ!
રખેને ચન્દ્ર ભૂલવતો હોય ત્‍હને.
ચન્દ્રિકા નિર્ઝરે છે ત્‍હારાં નયનોમાંથી.

**વ્યોમેશ:** ને ત્‍હારાં નયનોમાંથી નિર્ઝરે છે
શિલાસ્‍હોરમતી સુગન્ધો.

**મેઘમાળા:** એ સુગન્ધો તો છે
મ્‍હારી વેણીનાં ફૂલડાંની ફોરમ.
પરાક્રમે પરોવેલાં છે.
ગિરિવરનાં ફૂલડાં છે મસ્તકે,
ને મ્‍હેકે છે જોગ જેવાં.

**વ્યોમેશ:** હા; મસ્તક મઘમઘે છે ત્‍હારૂં.
મેઘમાળા! તું છો
પૃથ્વીભરતા સૌરભની પૂતળી.
ગહન પરિમળો ફોરે છે
ત્‍હારા દેહ અને આત્મામાંથી.
એ છે તુજ મુદ્રાના પરાગ
વનલતાની વનફોરમો સમા.

**મેઘમાળા:** કોણ અધિકું ફોરે છે જગતમાં?
—નર કે નાર?

**વ્યોમેશ:** જા, ને પૂછ વાલ્મીકિજીને.
સીતાના સોહાગ ને રઘુવીરના વીરભાવ
ગૂંથાયા સરયૂ ને ગંગા સમા,
ત્‍યહારે રચાઇ રામાયણ
સહસ્ત્રાવધિઓથી સોહાતી માનવવંશે.

**મેઘમાળા:** પણ જય તો રઘુવીરનો ને?

**વ્યોમેશ :** જગતના જય છે નરના ને નારના.
સંસાર છે નરનારનો સમૈયો.
મેઘમાળા! દેહ સુન્દર કે આત્મા ?

**મેઘમાળા:** જો; ચન્દ્રિકા વરસે છે આ ચન્દ્ર;
આભને અડતો ને અવનીને નિરખતો.
ચન્દ્ર સુન્દર છે કે ચન્દ્રિકા ?

**વ્યોમેશ :** આપણે મસ્તકે તપે છે એ વ્યોમમણિ.
નયન કહે છે ચન્દ્ર છે સુન્દર;
અંગ કહે છે ચન્દ્રિકા છે સુન્દર.
એવાં છે સુન્દરતાનાં દર્શન.
આંખ કહે છે દેહ છે સુન્દર;
અન્તર્આંખ કહે છે આત્મા છે સુન્દર.
અને ત્હારાં તો બન્ને ય સુન્દર છે
—ઓપન્તો આત્મા ને દીપન્તો દેહ.

**મેઘમાળા:** વ્યોમેશ! તું છો મ્હારો આત્મા
ને હું છું ત્હારી દેહ.
ભરપૂર વસ્યો છે તું મુજમાં.
(ઢળતી ઘટાઓમાંથી સિત્કાર સંભળાય છે.)
અત્યહારે સિંહ આવે તો ?

**વ્યોમેશ :** સિંહ નીકળે છે ચન્દ્રિકામાં રમવાને,
પણ સિંહણની સંગાથે;
ગુફા એમને ન્હાની ભાસે છે ત્યહારે.

**મેઘમળા:** સિંહણને યે ગમે છે ચન્દની.
( સહસા ચમકીને ને વ્યોમેશને વ્યોમ દાખવીને )
વ્યોમેશ! જો પેલો તારો ખર્યો.
જગત્માં થશે કોક ઉત્પાત.

વ્યોમેશ : क्षीणे पुण्ये मृत्युलोके विशन्ति;
પરવાર્યાં કોકનાં પુણ્ય.
મેઘમાળા: આભમાં દોરી એણે રેખાવલિ-
વ્યોમેશ : કે પુણ્ય ખૂટશે એ પડશે.-
મેઘમાળા: ને પુણ્ય વાવશે એ પાંગરશે.
વ્યોમેશ! પુણ્ય વાવ પૃથ્વીમાં
કે પૃથ્વી થાય પુણ્યવતી.
વ્યોમેશ : વાદળી વરસે તો પૃથ્વી પાંગરે:
તું વરસે તો હું વાવું.
મેઘમાળા: આવડેરિક તે સ્ત્રી.
સ્ત્રી તે કેટલુંક નિર્ઝરશે?
વ્યોમેશ : નિર્ઝરણીના જેટજેટલું.
યજ્ઞની જ્યોત છે યજ્ઞજ્વાળા.
મેઘમાળા! ક્‌ય્હારે ગૂંથાશે
આપણા પરિમળો?
આ છે ચન્દ્રચન્દનીનો યોગ.
મેઘમાળા: પૃથ્વી આભને સ્પર્શશે
ત્ય્હારે સ્પર્શીશ હું ત્હને.
સ્મરણે તો છે ને ગિરનારનું ગીત?
દેવરિયા મુનિવર! સંયમમાં રહેજો. (પ્રાચીન)
વ્યોમેશ : સંયમ છે સજ્જનનો સોહાગ.
મેઘમાળા: વ્યોમેશ! હું છું વિધવા
ને તું છે બાળબ્રહ્મચારી;
આપણા ધર્મ છે નિરનિરાળા.
બ્રહ્મને વાવ કે બ્રહ્મ ઉગે પૃથ્વીમાં.

માનવીને હોય પુણ્ય વાવવાનાં
મહાવિસ્તારી મહીતલમાં.

**વ્યોમેશ :** પુરુષે વાવવાનાં છે વીરત્વ
ને સુન્દરીએ વાવવાની છે સુન્દરતા:
ત્ય્હારે જગત થશે શૂર ને સુન્દર.
જો; ચન્દની ઢોળાય છે જગતમાં.

**મેઘમાળા:** ને મહાવનો પ્રસ્ફુરે છે પરાગ.

**વ્યોમેશ :** મેઘમાળા! ગિરનાર જૂવે છે ત્હારો જોગ.
ને કહીશ, કલ્યાણી!
જગત્ખોળે સુખ છે કે દુ:ખ?
જગતનું ઘૂંચળું છે ઘૂંચોભરેલું.

**મેઘમાળા:** જગત્ખોળે છે કલ્યાણ.
સિદ્ધી છે જગતની જ્યોત—
ગિરિવર ગિરનાર જેવી.
(મેઘમાળા ગિરિવર ચ્હડવાને ઉઠે છે. વંટોળમાં વૃક્ષરાજ આમળો ખાય એવો અંગમરોડનો આમળો ખાતો ખાતો વ્યોમેશ, શિલાનો મારગ રોકી, છેલ્લો પ્રશ્ન પૂછે છે. ચન્દની પણ એ પ્રશ્નોત્તરીએ સહજ થરથરે છે.)

**વ્યોમેશ :** મેઘમાળા! એકાન્તમાં યે અડતી નથી તું;
અડકીશ તો અભડાઈશ?

**મેઘમાળા:** ના; અભડાઈશ નહિ.
પણ યજ્ઞના યે અગ્નિને
અડકે એ દાઝે.
ત્હને અડકીશ હું તો
હું દાઝીશ ને તું હોલવાઇશ.

આચાર્ય યજ્ઞજ્યોતને પૂજે છે
એમ પૂજું છું ત્હને.
સાંભળ, ગિરનાર બોલે છે.
ગિરનાર છે કાળની જીભ.

(ગિરનારના યે અન્તરના અન્તરમાં આંખડી પરોવતી, ગિરિવર ગિરનારનું હૈયું વાંચતી મેઘમાળા ગાજી ઉઠે છે.)

**મેઘમાળા:** અમે જોગીઓનાં બાળ,
અમે જોગીઓનાં બાળ;
ગેરુ ધરીને ધરાવશું,
પી ને પાઇ દઇશું કાળ:
અમે જોગીઓનાં બાળ.
ધોળ્યા ચાંદા ને ધોળ્યા સૂર્યને,
ધોળ્યાં દિવસ ને રાત્ર;
ધોળી-ધોળીને સોમ સારવ્યો,
છલકે એ અમ પાત્ર:
પાત્ર ધર્યું મુખ જગતને:
અમે જોગીઓનાં બાળ!

(એક પાયપડછન્દવે એક શિલાને વ્યોમેશ ખીણમાં ગબડાવે છે. પોકાર પાડતી શિલા નીચેના અન્ધકારમાં અલોપ થાય છે.)

**મેઘમાળા:** શો વાંક હતો બિચારી શિલાનો?
કે પાડી પૃથ્વીના પાતાળમાં?

**વ્યોમેશ:** ત્હારા વ્યોમમાર્ગમાં ઉભી'તી એ
ઉર્ધ્વગમનનો આડકોટ થઈને.
હૈયું હળવું થયું મ્હારૂં.

**મેઘમાળા:** શોક ને મોહ સરી પડ્યા,

લાધ્યાં સ્નેહ ને કલ્યાણ;
ઝોળી ભરી ભરી લાવિએ,
અમને ચાખવાની આણ:
થાળ પૂરી જગ પાઠવ્યા:
અમે જોગીઓનાં બાળ!

( ગાતાં ગાતાં એક શિલા ચ્હડે છે. )

ગિરિગિરિના કણ સંઘર્યા,
સોંપ્યા મનુને સમાજ;
કોઈ એ રચ્યાં રક્ષણ દેહનાં,
કોઈએ પ્રાણ કેરા સાજ:
ઉત્સવ જોઈને આનન્દિયે:
અમે જોગીઓનાં બાળ!

( મેઘમાળા ને વ્યોમેશ ગિરનારમાં ભળી જાય છે. પાછળ ગીતની પડઘાપરંપરા ઢોળાય છે. )

---

## પ્રવેશ બીજો : ઉપરકોટના કાંગરાઓમાં

(સોનગંગાની તટહરિયાળીમાંથી ઉપસતી ખડકકરાડે ઉપરકોટના ખડ્ગપાનની પાંખડીઓ સમા કાંગરાઓની પત્થરમાળ ખડી છે; અને એ વજ્રપાંખડીઓમાં સોરઠનો મહારાજ રા' ખેંગાર ને મહારાણી રાણકદેવી દેવજ્યોતો જેવાં ઉભાં છે. એમને એક પડખે ગિરિવર ગિરનાર છે; ને બીજે પડખે, સોનગંગાની પેલી પાર, બારબાર વર્ષોથી તાપણાં તપતી ગુર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહની મહાસેના પડેલી છે. દ્વાદશવર્ષીના ઘાવ ઝીલતો ઉપરકોટ કાળના ખડક સમો ખડો છે. ઉડતી રાત્રિનું અંબર સહુને આચ્છાદે છે. પૂર્વમાં આછીઆછોતરી સૂર્યપગલીઓ ઝંખાય છે, પાછલી રાતનું ચાંદરણું પણ ફિક્કું પથરાયેલું છે.)

રા'ખેંગાર : રાણક ! તું છો મ્હારી સોનેરેખા
આ અન્ધારી કાળરાત્રિમાં.
વ્હેલી જાગી ને વ્હેલો જગાડ્યો.

રાણકદેવડી: અને ત્હમે મ્હારા ગરવા ગિરનાર:
ઉરના આનન્દ અને આભના થંભ.
બન્ને સોહાય સંગાથે.

રા'ખેંગાર : સ્વર્ગમાં યે સંગાથે સંચરશું
સ્વર્ગનાં ફૂલડાં વીણવાને.
રાણક ! જો આ ઉગમતો સૂર્ય;
ગિરિવરના પડદા પાછળથી આવતો
ને ગિરનારની ભમ્મરે ચ્હડતો.
નવો દિન ઉગે છે આપણો.

રાણકદેવડી: મ્હારા રાંના મુગટ સમો સોહામણો.
ગિરનાર છે સોરઠનો મુગટ,
ને સૂર્ય છે સૃષ્ટિનો મુગટ.

(સૂર્યના કિરણ સમું અન્તરિક્ષવીંધતું એક બાણ પદ્દણી-દિશામાંથી ઉડતું આવે છે. ખડ્ગછટાથી કરવેલ ઉછાળી રાણકદેવડી એ બાણને ઝાલી લે છે; લતાડાંખળીને વાળે એમ વાળી, ત્રણ કટકા કરી, નીચે ખીણમાં નાંખે છે.)

રા'ખેંગાર : ઝેર જેવું ઝેરીલું
ને ડંખ સમુ ડંખાળું
હતું એ વીંછણબાણ
ત્હેં મોડ્યું. રાણક !
પાટણના કીર્તિબાણને.

રાણક : આજ તો અલાબલા ગઈ
મ્હારા નયનમનોહર રા'ની.

ઇન્દ્રેશ્વરે રક્ષ્યા મ્હારા ઇન્દ્રને.
નિરખો—દર્શન કરો
ઘારછાયાઓમાં ઢળેલી
ઇન્દ્રેશ્વરની ઘટાઓનાં.

રા'ખેંગાર: ને પાછળ પડી છે પેલી મજેવડી
ઝાડઝુંડમાં સન્તાયેલી

રાણકદેવી: સ્મરણોને સતાવે છે એ.
નીરઝરણીનો એ સોહામણો આરો
ને ઝૂકીનમી જતી ઝાડવેલો:
જાણે આવ્યાંને આદરતી.
અને એ સોહાગણ સોરઠિયાણીઓ—
પદ્મની પાંખડીઓ સમી પદ્મણીઓ:
માથે નિર્મળાં નીરની હેલ
ને અંગે સોહાગની રેલમછેલ:
અમૃતકુંભે ઓપતી જાણે અપ્સરાઓ.

રા'ખેંગાર: ત્હારા રા'ને યે સાંભરે છે
મજેવડીની એ માણીગર મોજું.
હરણીને હણતો'તો સાવજ;
ને હરણી ભરાઇ'તી રાણકની સ્હોડમાં.

રાણકદેવી: ને સાવજને વધેર્યો પછી રા'એ.
સૌને સાંભરે નિજ શૂરાતનની રમતું
ઘોડીલા ખેલાવતા જોબનજોધને
ન ભૂલાય પરાક્રમના પહાડ.
સોનવેલ ભૂલે જો ગિરનારને
ને મહિયરને ભૂલે જો માણીગરી;

તો નરનાર ભૂલે બાળાપણુને.
વીરને ન વિસરાય વસન્તફાગ.

રા'ખેંગાર: વસન્ત ભૂલે તે જોબન ભૂલે;
ન ભૂલે કુંજવેલની સુન્દરતાને.
શે ભૂલાય એ વનના વાસ,
જ્યહાં વસન્તભાવે વિહરતાં'તાં
આપણે સિંહ ને સિંહણુ ?

રાણકદેવી: શૂરની કલગી છે સુન્દરતા.

રા'ખેંગાર: ને સૌન્દર્યનો સોહાગ છે શૂરવીર.

રાણકદેવી: અને ત્હો યે-ત્હો યે, મ્હારા ગિરનાર !
ઉપરકોટને કાંગરે છે કોડામણું,
એ ન્હોતું મજેવડીની મોજુંમાં.

(બાણચાપ ધારેલો કુમાર માણેરો, કાંગરે કાંગરે હસ્તસ્થળીની કેવડાપાંખડી ચાંપતો-સ્થાપતો, સિહબાળ શો ગેલતો, આવે છે; ઉપરકોટની દેવજ્યોત જેવાં મહારાજને ને મહારાણીને વન્દન વન્દે છે.)

રા'ખેંગાર: ના; ન્હોતાં મજેવડીની હરિયાળીમાં
આ પરાક્રમનાં ફૂલડાં.
આવ માણેરા ! દર્શન કર ગિરનારનાં
ને માણુ ગિરિવરને.

(આંખડલીએ વિશ્વદર્શન પીતો કુમાર માણેરો ગિરિવરને વન્દે છે; જગતની જ્યોત જેવા શિખરે વિરાજતા સૂર્યદેવનાં નયનકિરણમાં નયનકિરણ પરોવે છે: જાણે શરમાં શર પરોવ્યું.)

રાણકદેવી: શું ભાળ છ સૂર્યમાં ? માણેરા !

માણેરો : સૂર્યમાં ભાળું છું તેજનગરીઓ,
ઈન્દ્રયુવરાજ જયન્તે જીતેલી.

થાય છે કે જીતવાને જાઉં.
મા! કોના હશે મ્હેલો સૂર્યમાં?
(રાજપિતા ભણી અંગની કોર મરડીને)
બાપુ! આ તાપણાં હોલવોને.
રાત્રે-રાત્રે સળગે છે શઘડીઓ સમાં.

**રા'ખેંગાર:** હોલવાશે કુમાર! એ તાપણાં યે.
ધીર થા, રણતોખાર! રણધીર.
નથી એ જોગીઓનાં તાપણાં
કે અવધૂતોની ધૂણીઓ,
ગિરનાર જેવી અવિચળ ને અનસ્ત.

**માણેરો:** ગિરનાર ભયમાં છે? બાપુ!

**રા'ખેંગાર:** અનલેવાસીને ભય શા?
ગિરનાર છે રાજરાજેશ્વર
ને ગિરનારી છે વિશ્વવિશ્વેશ્વર.
ભવના ભય શા એમને,
જેમનાં અન્તરમાં બેઠા છે ભવનાથ?

**માણેરો:** જોગન્દરોનો ગિરનાર છે અજીતગઢ.

**રા'ખેંગાર:** ખરૂં; જોગન્દરોના ગિરનારને
જોગીઓ કહે છે અજીતગઢ.
પણ સંસારનો ગઢ નથી કો અજીત;
જગતના સૌ ગઢ છે જીતાયેલા.
જા; વાટ જૂવે છે ત્હારા સાથીડા.
સ્હવાર પડે છે આભમાંથી.

(વન્દન વન્દી કુમાર માણેરો સાથીડાને શોધતો ગિરનારનાં મહાવનોમાં સિધાવે છે. પશ્ચિમ દિશાનાં એકએક તાપણામાંથી એવે એકએક સમશેર ને એકએક સમશેરિયો, એકએક

બાણુ અને એકએક બાણાવળી, ઝબકે છે: જાણે અગ્નિમાંથી માનવી પ્રગટ્યા. ઉપરકોટને મસ્તકે શરધારાઓ વરસે છે.)

**રાણકદેવી:** શરધારા આવી રા'ને ન્હોતરે.
સજીવન થઇ સોરઠની સીમ.
શરધારાની વરસી વાદળીઓ.
(ધરણી ધ્રૂજાવતી ગિરનારની એક શિલા પડે છે.)

**રા'ખેંગાર:** રાણક! શેષ ડોલ્યો:
ઉપરકોટ કમ્પે છે જાણે.
ગિરનાર પડશે?

**રાણકદેવી:** ગિરનાર પડશે ત્ય્હારે પૃથ્વી પડશે.
વડલાને દીઠો છે ડોલતો;
ગિરનાર ન ડોલે આપણો.
મહારાજ! સિધાવો રણવાટે.
જાવ, બોલાવે છે ગિરનાર.

**રા'ખેંગાર:** છત્રીસ ઋતુઓનાં છત્ર
ઉગ્યાં અને આથમ્યાં
ગિરનારનું નાકું ઘેર્યે;
પણ ભેદાયું નથી દુર્ગદ્વાર
સીધા સામને કદી.

**રાણકદેવી:** અભેદ્ય છે ગિરનારનો ગઢ.
સોનરેખનો પટ નથી પાતળો
કે હરણાં કૂદે એક છલંગે.

**રા'ખેંગાર:** બીજી પા છે કાળમુખો કાળવો:
પાતાળિયાનો ન્હાનેરો વીર.
મંહી પડે એના પ્રાણ પીએ.

રાણકદેવી: કાળવો ને સોનરેખ
છે ઉપરકોટની ભુજાઓ:
ભવની ભોગળો જેવી.
ઘડીક તો થંભાવે જમને ય તે.
રા'ખેંગાર: ગિરનાર છે જોગીઓનો જોગન્દર;
ને એ છે જોગેશ્વરનાં મહાદ્વાર:
ભેદવા દુર્ગમ ને ભાગવા ભયંકર.
રાણકદેવી: સતીનાં સત પડે
તો પડે જોગીના જોગ;
તો ઓસરે શૂરનાં શૂરાતન.
ખરૂં; ગિરનાર છે જગનો જોગન્દર.
(કોટકાંગરેથી રણભેરી વાગે છે.)
રણભેરી વાગી, મહારાજ!
જાણે કૃષ્ણદેવનો પાંચજન્ય વાગ્યો.
રા'ખેંગાર: જાણે ગિરનારીનો શંખ ફૂંકાયો.
(સોરઠની રણભેરીમાં વદતી ઉપરકોટને કોટકાંગરેથી રાણકની રણભેરી ગાજે છે, અને ઉપર અન્તરિક્ષનાં ઝુંડોમાં ને નીચે સોનરેખની ઝાડીઓમાં પડઘા પાડે છે.)
રાણકદેવી: સિન્ધુડો ગાય છે સોનલનાં નીર;
ભેરીનાદ ઝીલે છે ઝાડીઓ ગભીર:
સિન્ધુડો ગાય છે સોનલનાં નીર.
ધ્રાંગ ધ્રાંગ દુંદુભિ ગાજતાં ગુફામાં;
ધ્રાંગ ધ્રાંગ બોલંતાં દુર્ગનાં દદામા;
શિખરશૃંગ સુભટજંગ નિરખતાં ધરામાં:
ખડ્ગઝલક, ઢાલઢળક;

ગગનઘોર સમરશોર:
સિન્ધુડો ગાય છે સોનલનાં નીર;
અખંડનાદ ઝીલે છે ઝાડીઓ ગભીર:
સિન્ધુડો ગાય છે સોનલનાં નીર.

(ઉપરકોટને કાંગરેથી વળી રા'ની રણભેરી વાગે છે. વન ડોલે છે, ને સોનરેખનાં જળ ડોલે છે. ગિરનારની ગુફાઓ રા'ના પડઘા પાડે છે.)

રા'ખેંગાર: એ છે સોરઠનો સાદ.
જગસંગ્રામની ઝાડીઓમાં ઝૂકાવશે
જોગન્દર શા યોધરાજોનાં ઝુંડ.
જામશે મેઘની ઘટાઓ
ને ઝબકશે ખડ્ગની વીજળીઓ.
જો! વરસવા માંડી શરની ઝરમરો.
સાવધ થા, સાવજડી!
ઉપરકોટ ત્હારો છે.

રાણકદેવી: રા'ના મુગટ સમોવડાં
કરીશ એનાં જતન.

રા'ખેંગાર: મ્હારી મન્ત્રીશ્વરિણી!
નિહાળજે જોદ્ધાઓના જંગ
ને પાઠવજે આશિષોના અંબાર.
ત્હારી આશિષોએ વીંઝાય છે ખડ્ગો
બારબાર વર્ષોના બપ્પોરના.
રણજોધના રક્તરંગોથી
સોરઠ થાય છે સોહામણો.
રાણક! સોરઠની સિંહણ!
વિદાય છે રણવાટની?

રાણકદેવી : (અક્ષતકુંકુમે મહારાજને વધાવતી વધાવતી)
ભેરી વાગી રણુભોમની;
સિન્ધુડો ગાજ્યો સોરઠસીમનો;
ગાજ્યો સોરઠસીમનો.
ઉતરો સોનગંગાના પટમાં;
સોનગંગા છે જગતસોહામણી.
ચોધરાજોનો જામશે ડાયરો,
શૂરવીરોનાં જામશે ઘમસાણુ.
સૂર્યદેવ આવ્યા છે વધામણે.

(ત્રીજી રણભેરી વાગે છે. સ્વહસ્તે રાણકદેવડી દુર્ગના દરવાજા ઉઘાડે છે. વીરત્વજ્વાળાએ ઝબકતો ને ભભૂકતો રા'ખેંગાર શિલાઓની સ્હીડી ઉતરે છે. કાંગરે ઉભી રાણકદેવડી નિજ મુગટમણિને સોનગંગામાં ઉતરતો નિહાળી રહે છે.)

---

## પ્રવેશ ત્રીજો : શિલાછાટોમાંની ગુફા

(માથે શિખરશિલા ધારીને તપ તપતા તપેશ્વરી ભજન ગાતા શિલાપાટે વિરાજેલા છે.)

ગોરખનાથ: હો! સુણજો–સુણજો, જગતના લોક!
જગતના ડુંગરિયા બોલે.
જગતના ડુંગરિયા બોલે; કે દિલના ડુંગરિયા ડોલે:
હો! સુણજો–સુણજો, જગતના લોક!
ગુફા–ગુફામંહિ ભેરીના નાદ, ને
વનવનમાં ચંગઉપંગ;
તારલે તારલે તાળી પડે છે, વીરા!
ધરતી વગાડે મૃદંગ:
હો! સુણજો–સુણજો, જગતના લોક!

ભવની ભૂલામણીની ઘૂંચોને ઘૂંચવી
                    પાથર્યાં જાળજંજાળ;
ડુંગરે ડુંગરે દેવોના દીવડા,
        એ ઉતારે આળપંપાળ:
        હો ! સુણજો–સુણજો, જગતના લોક !
પ્રાત ભયો, ને પ્રકાશ ભયો,
            ભયો સ્થળસ્થળ સૂર્યઉદ્યોત;
ઉર–ઉરમાંહિ પ્રગટાવજો, અવધૂતો !
        આગમયજ્ઞની જ્યોત:
        હો ! સુણજો–સુણજો, જગતના લોક !
આત્મા ભરાય તો અવની છલકાય.
જગતના છે છીછરા જુવાળ આજ.
ઉગમણે જોઈ વળ્યો;
પણ આછોતરૂં ઉગે છે ઉગમણે,
બીજો હિમાલય નથી મંડાતો પૂર્વમાં.
ભવ છે ભાગ્યનો ખેલ.

( શિખરોમાં ભમતો પરાક્રમ આવે છે. )

**પરાક્રમ** : આચ્છાદ્યો આકાશ, લોપી ક્ષિતિજરેખાવલિ;
દિશાદિશાના વાસ પૂર્યા ઝરતી ઝરમરે.
ગગનઘોર છે ગમ્ભીર, ગગનઘોર છે ગમ્ભીર,
            મેહુલા પડે છે મહાકાળ શા;
    હરિનયણાંનાં નીર, હરિનયણાંનાં નીર
            જગમાં ઝરે છે યુગઝાળ શાં.
ફાટ્યા પટ પૃથ્વી તણા ? કે પડિયા નભગોખ ?
કે ગોરખે વાયો શંખ ?
                એવા ગગનધડાકા ધણધણે.

કઇ દિશામાં ઝૂકાવું મ્હારૂં જહાજ ?
ગિરિવર ઉભો છે દશે દિશાઓમાં.
આભ છે ઉદાર ને અનુત્તર.
ગિરનાર છે ગંભીર ને ગુણુગરવો:
વિશ્વંભર શો મૌનધારી.
બોલો, ઓ આસ્માન ઝીલતાં શિખરો!
દાખવો દિશાની કેડી.

( શિખરોમાંથી આવાઝ આવે છે : જાણે ગેબ બોલી : )

'સૃજનહેતુ સિદ્ધ કર.'

**પરાક્રમ** : ગિરિવર બોલ્યો ગિરનાર:
પણ અગમ્યની વાણે.
મ્હારે જવું છે ગોરખમઢીએ.
ગોરખમઢીની દિશા કઇ
આ શિલાઓની ભૂલભૂલામણીમાંથી?
ગોરખનાથ દાખવશે દિશા.

( શિલાઓમાંથી અવધૂત આવે છે. )

**ગોરખનાથ**: કોણુ પોકારે છે ગોરખને ?
વૃથા નહિ પોકારે કો ગોરખનું નામ.
જગતમાં ભૂલો પડ્યો છે
જગનો કો જગત્પ્રવાસી.

**પરાક્રમ** : જગતનો પોકારે છે પોકાર, ગોરખજી! ત્હમને.
માનવી માગે છે નવમન્ત્ર.
જોગ ? કે સંસાર ?

**ગોરખનાથ**: જોગ ને સંસારનો સમન્વય.
આવ, પરાક્રમ! તું પૂછવાને આવ્યો છે
ત્હારા જીવનનો પ્રશ્ન.

સૃજનહેતુ સિદ્ધ કર.
જોગીઓને છે જોગ;
સંસારીઓને છે સંસાર.
પરાક્રમ ! સંસારમાં જા
ને પરાક્રમ વાવ સંસારવાડીઓમાં.
નવયુગનો થા નવનરસંચો.

**પરાક્રમ :** મુજ કાજે નથી ત્હારે જોગ ?

**ગોરખનાથ:** ભૂલ છ તું ભાવ વાંચતાં.
ત્હારે જગતને શીખવવાનો છે
જોગ ને સંસારનો સમન્વય.
કો મન્ત્રીશ્વરે નથી;
કો રાજરાજેશ્વરે નથી;
જોગીથી અધિકો છે એક જગતેશ્વર.
પણ નિજનિજના સૌને છે નિજધર્મ;
નિજનિજને ધર્મક્ષેત્રે સૌ છે મહામહેશ્વર.
મેઘ વરસે છે; નદી પાય છે;
ગિરનાર ગજાવે છે કાળગીત;
ને આભ પ્રબોધે છે અનન્તતા.
જોગી ઉચ્ચારે છે જોગ,
ને સંસારી ઉચ્ચારે છે સંસાર.
જો ત્હારી કીકીઓના કુંભમાં.
એક આંખે છે સંસાર,
ને બીજી આંખે છે સંન્યાસ.
ત્હારી પગલીઓ પડે છે
શિલાઓમાં ને ગુફાઓમાં :

એ પગલીએ ઉગે છે સંસારવેલીઓ.
શિલાદ્દઢ થા સંસારમાં.
સુલભ નથી સંસારદુર્ગોને જીતવા.
તુજ કાજે છે મંલપતી માનવમહેલાતો.
પરાક્રમ! સૃજનહેતુ સિદ્ધ કર.

**પરાક્રમ :** જોવા વિધાત્રીના અક્ષરો.

**ગોરખનાથ:** વાંચ્યા છે વિધાત્રીના મન્ત્રો ત્હારા?
સમાધિમાં કીધી છે મ્હેં ઝાંખી.
માનવીમાનવીના છે સૃજનહેતુ.
સાગરનો છે તે મેઘનો નથી;
મેઘનો છે તે ગિરિરાજનો નથી;
ગોરખનો છે તે પરાક્રમનો નથી.
ગિરનાર છે બહુશિખરાળો;
અને એક આભની છત્રછાયાળુ
જગતે છે બહુશિખરાળું:
ને શિખરેશિખરે છે શિખરદેવ.
સંસારી! સંસારમાં જા.

**પરાક્રમ :** જોગન્દરે ઉચ્ચાર્યો સંસાર.
આદેશ પાળીશ જોગન્દરની જમાતનો.

**ગોરખનાથ:** ગૃહસ્થાશ્રમીઓને ઉપદેશતા
મહર્ષિઓ ને પયઘમ્બરો
બહુધા હતા ગૃહસ્થાશ્રમીઓ.
રામચન્દ્ર કૃષ્ણચન્દ્ર સિદ્ધાર્થદેવ;
અશો ઝરથુસ્ત્ર, હજરત મહમ્મદ,
મૂસા નબી, મહાભાવ કોનફ્યૂશિયસ:
યાત્રા કરી આવ્યો ઉદયદિશાની.

ઈશૂ એક હતો નૈષ્ઠિક બ્રહ્મચારી:
સહુ પયગમ્બરો હતા ગૃહસ્થાશ્રમી.
મહાશાળાવન્તા મહર્ષિઓ હતા સંસારીઓ.
ગોત્રપ્રવરો ગૃહસ્થી ન હોત
તો ગોત્રો જ ન હોત આજે.
અમરવેલ છે જગત-અમરવેલ.
ગૃહસ્થાશ્રમ છે આશ્રમોનો વિશ્રામઘાટ.
પાવન કર પૃથ્વીના પાયાને.

( ચાલતા વડલા સમો વ્યોમેશ આવે છે. )

**વ્યોમેશ** : પરાક્રમ! ગોરખમઢી તો આજ ને?

**ગોરખનાથ** : ( યોગીની આંખે ઓળખીને )
આવ્યો જગતનો જોગી
ગોરખાને શોધતો શોધતો.
જોગન્દર! જોગને ઓઢજે.

**વ્યોમેશ** : એજ યાચું છું-જોગની ભિક્ષા.
સંસાર સળગી ગયો મ્હારો.
—પરાક્રમ! ના પાડી મેઘમાળાએ.
તું જા; હું રહીશ ગિરનારમાં.

**પરાક્રમ** : એ ભેદભાવ એ ત્હારો મૈત્રીભાવ?
આ કઇ સમતુલા? અખંડઅવધૂત!
વ્યોમેશને જોગ ને પરાક્રમને સંસાર?

**ગોરખનાથ**: પહાડને પત્થર ને સાગરને પાણી.
વ્યોમેશનો સૃજનહેતુ છે જોગ;
અને પરાક્રમનો સૃજનહેતુ છે
જોગસંસારનો સમન્વય.

વ્યોમેશ છે નવગોરખો;
પરાક્રમ છે નવનરસૈયો.

**વ્યોમેશ :** મ્હોટો છે ને મ્હોટો રહ્યો પરાક્રમ.

**ગોરખનાથ:** વ્યોમેશને લલાટે લખ્યો છે ગિરનાર:
વ્યોમેશ થશે ગિરનારીનો મહન્ત.
વ્યોમેશ શિખરોમાં રહેશે;
પરાક્રમ પરવરશે સંસારકુંજોમાં;
ને પોકારશે જોગસંસારનો સમન્વય.

**પરાક્રમ :** જગત્પ્રેરણા જડે તો જાઉં જગતે.

**ગોરખનાથ:** અન્તર ખોલીને જો મંહી.
પરાક્રમ! તું જ છો પરમ જગત્પ્રેરણા.
વનવનના ભમે છે વગડા
કસ્તુરી શોધવાને કસ્તૂરીમૃગલું.
પરમે આવજે પૂર્ણિમાના આગમચરણે;
ત્યહાં જડશે ત્હારી જગત્પ્રેરણા.

**પરાક્રમ :** આવીશ ને ઝીલીશ ત્યહાં
પૂર્ણિમાની પરમ જ્યોત.

**ગોરખનાથ:** ઇન્ધણે ઇન્ધણે છે અગ્નિ,
ને જનજનમાં છે જોગ;
એવી જનજનમાં છે જગત્પ્રેરણા:
યજ્ઞની યજ્ઞજ્વાળા જેવી
જાવ ને શોધો હૈયાની ગુફામાં.
—ને સંસારવનોમાં સંચરવે
પરાક્રમ! નહિ ત્યાગે ત્હને
જોગ કે જોગન્દરો.

એક જ છે આભ જગતઆચ્છાદતું.
આભ ત્યાગશે ત્હને,
ત્ય્હારે જોગ ત્યાગશે ત્હને.
અખંડ આચ્છાદશે પરાક્રમને
જોગની મહાછાયાઓ.
વાદળ સમો વિશાળ
ને સૂર્ય સમો વર્ચસ્વી છે જોગ.
જ્ય્હાં આભ ન હોય
કે ન હોય ભાસ્કરના ભર્ગ,
ત્ય્હાં ન હોય જોગન્દરોનો જોગ.
પરાક્રમ! જા સંસારમાં;
સંસાર છે ત્હારૂં જયતીર્થ.
ગોરખ થશે ત્હારી છાયા
જગતના એ જયતીર્થમાં.

**પરાક્રમ :** તો તો આજે જ જીત્યો જગતજંગોને
ગોરખશિષ્ય આ પરાક્રમ.
મછંદર જીત્યા'તા ત્રિયારાજ્યની મહારાણીને:
પરાક્રમ જીતશે મહામાયાને.

**ગોરખનાથ:** પૃથ્વીને જીતશે પરાક્રમનાં પરાક્રમો.
શિખરો ઓળંગે એ સંસારો ઓળંગે.
જા ને થા વિશ્વની વિક્રમજ્યોત.
ગિરિવરને ભૂલતો મા–ગિરનારને;
સંસારમાં સ્થાપજે માનવગિરનારો.
પુણ્યાળુ સજ્જન સંસારી
જગતનો છે પરમ જોગી.

પરાક્રમ! તું છો પૃથ્વીની પુણ્યજ્વાળા.
તારલે તારલે તાળી પડે છે, વીરા!
ધરતી વગાડે મૃદંગ:
હો! સુણજો–સુણજો, જગતના લોક!
જગતના ડુંગરિયા બોલે.

---

## પ્રવેશ ચોથો : કમંડળુ કુંડે આગમયજ્ઞ

( જોગીઓની જમાત જગતની ધા પોકારે છે. )

ધાજો રે!
હરિની ચન્દની ઝરતા ચન્દનચન્દ્રમા!
ધાજો રે!
બળબળતા પાતાળો ફાટે પૃથ્વિના,
જ્વાળામુખીની ગગને ઉછળે ઝાળ જો!
દવ લાગ્યા ભડભડતા ડુંગરડુંગરે,
પૃથ્વી જઈને બેઠી રસાતળપાળ જો!
ધાજો રે!
હરિની ચન્દની ઝરતા ચન્દનચન્દ્રમા!
ધાજો રે!
સળગી ગઇ કંઇ સરિતાની સરવાણીઓ,
ભર્યા ભર્યા સાગરિયા સૂકઇ જાય જો!
વનવનમાં વીલપતાં ઝૂરે ઝાડવાં,
ઉરઉરનાં યે આતમતેજ હોલાય જો!
ધાજો રે!
હરિની ચન્દની ઝરતા ચન્દનચન્દ્રમા!
ધાજો રે!

મહામંગળ જળ હૃદય ભરેલા મેહુલા !
વરસજો કંઇ અમૃતના વરસાદ જો !
ધખધખતી ધરતીની, આતમદેશની,
જાળવજો જુગજુગજૂની મરજાદ જો !
ધાજો રે !
હરિની ચન્દની ઝરતા ચન્દનચન્દ્રમા !
ધાજો રે !
ધીંગડમલ્લ મહાભાવ મીઠપના મોરલા !
સંભળાવજો જગઠારન્તા દેવસૂર જો !
સન્દેશા દેજો વીર ! મ્હારા નાથના,
ભરજો અમ આતમછીલ્લર ભરપૂર જો !
ધાજો રે !
હરિની ચન્દની ઝરતા ચન્દનચન્દ્રમા !
ધાજો રે !—

(આઘે–આઘેનાં ઢોળાતાં વન નિહાળતો, ગિરનારનાં નયન સમો, કમંડળુ કુંડ ગિરનારની ભમ્મર સમી કાળી કરાડેથી નિર્મળાં જોગનીર અવનીમાં નિર્ઝરે છેઃ ત્હાં આજે જોગન્દરોનો સમૈયો–અવધૂતોનો આગમયજ્ઞ છે. પૂનમનો ચન્દ્રમા ઉગ્યો છે; ને ગુફાગુફામાંથી જોગન્દરો મહાયજ્ઞ ઉજવવાને અને જોગનીર પીવાને ત્હાં પધાર્યા છે. ગિરનારનાં શિખરો આશ્રમો વનો ત્હાં ઠલવાયાં છે. કમંડળુ કુંડે આજ ગોરખનાથ ગાજે છે.)

**ગોરખનાથ:** જોગન્દરો ! જગાવો જોગની જ્યોત,
કે અજવાળે અન્ધારિયાં જગતને.

**જમાત** : જય દત્તાત્રેય !

**ગોરખનાથ:** ગાજી મ્હારા જોગન્દરોની જમાત.

આજે છે ગિરનારીનો આગમયજ્ઞ :
ભવનાં ભવિષ્ય ઘડનારો.
આયુષ્યભરની પ્રગટાવજો આતમજ્યોત
કે હોલવાય નહિ આયુષ્ય હોલવાયે પણ.
ભવિષ્ય છે વિક્રમપરાક્રમની ખાણ.
જોગન્દરો ! સિંહો છો દત્તાત્રેયના :
સિંહવનના સિંહોના પાડોશીઓ.

(વનવિસ્તાર દાખવીને)

ત્ય્હાં છે ત્હમારી જોગગુફાઓ.

(બ્રહ્મવિદ્ બ્રાહ્મણ–આચાર્ય ઈન્ધણાં સંકોરે છે, યજ્ઞકુંડમાં આજ્ય હોમે છે. બ્રાહ્મણસ્પર્શે યજ્ઞકુંડ ચેતનવન્તો થાય છે.)

**ગોરખનાથ:** સંસારને તપાવો ને તાવો યજ્ઞકુંડમાં.
અંગેઅંગે ચોળો એ યજ્ઞભસ્મ.
ભસ્મધારીઓ માણશે સંસારને.
જોગન્દરો ! જગતમાં જાવ.

(ઘંટા વાગે છે, દુંદુભિ ગાજે છે, ખીણભરતો શંખનાદ ઘેરાય છે. ચારણિયાણીઓ ને ગિરનારનો સંઘ દર્શને આવે છે.)

**ચારણિયાણીઓ:** રમતલ રમણે ચ્હડ્યા માણારાજ,
રમતલ રમણે ચ્હડ્યા અમ દેશ.
ઘેરી ઘેરી ઝાડીઓનાં ઝુંડ;
દેવ કેરા અગ્નિના કુંડ :
રમતલ રમણે ચ્હડ્યા અમ દેશ.
ગાજ્યા કાંઇ કાળના કિનાર;
ગિરિવર ગાજ્યો ગિરનાર :
રમતલ રમણે ચ્હડ્યા અમ દેશ.

વેડયા વનવગડા વિશાળ;
ફોડયાં જળથળનાં પાતાળ :
રમતલ રમણે વ્હડયા અમ દેશ.

રમતલ રમણે વ્હડયા માણુરાજ—

( વડલાના પીળા પાન જેવી હાથેળી ગોરખનાથ આચાર્ય-મસ્તકે સ્થાપે છે; આગન્તુકોને આચાર્ય યજ્ઞભસ્મ અર્પે છે. )

**સમસ્ત મંડળ**: જય દત્તાત્રેયનો.

**એક જોગન્દર**: આગમ ભાખો, ગોરખજી !
આગમથી અગ્નિ પ્રગટશે.
જગત સાંભળે ને ચેતના પામે.

**ગોરખનાથ** : જનતા ! સાંભળજો;
ગોરખો ભણે છે ગુરુભાખ્યાં આગમ.
ગુરુદેવનો શબ્દ છે કે
જોગ જીતશે જગતને.
ગુરુવરે જીવતાં લીધી સમાધ
ત્ય્હારે એક જ ઉચ્ચાર્યો'તો એ ઉચ્ચાર.
સુણજો, જોગન્દરોની જમાત !
આજે યે સમાધ બોલે છે એ બોલ.
ગુરુવરે આવન્તો દીઠો ઓટનો યુગ;
જોયું પાછાં વળે છે જોગનીર.
મછંદરે વિચાર્યાં સ્વાનુભવશાસ્ત્રો,
અને ભાખ્યાં આવન્તાં આગમ :
'સાવધાન, જોગીઓની જમાત !
ત્રિયારાજ્યની રાજરાણીઓથી સાવધાન.
સુધારી લેજો ઉગતો અવસરયોગ;
તો પ્રભાતપ્હોરે ઉગશે

નવો દિન ને નવો દિનમણિ.
પ્રગટપુરીના વંશવૃક્ષમાં થશે
પ્રભાનાથ પર્વતપુરી:
ગુરુદેવના અવતારે સમા:
જાણે પ્રગટ્યો બીજો સૂર્ય.
પુનરપિ ત્ય્હારે પાંગરશે
ગિરનારમાં જોગનાં મહાવનો.'
જોગન્દરો! ઉગે છે એ કાળયોગ.

(લવ ને કુશ સમા બે જોગન્દરો વિજ્ઞાપન ગાતા આવે છે.)

કો કાળવહીના ભણતલ જોગી આવો રે! તીરથના;
કંઈ અગમનિગમના ગૂઢારથ ઉકલાવો,
આગમતીરથના.

આ ગગન ધડૂક્યાં, ઢંકાયા તારલિયા રે! તીરથના;
કંઇ વીજળીઓ ઝબકી, ટહુક્યા મોરલિયા
આગમતીરથના.

આ રણઝણ કરતાં યુગનાં આભ ઉઘડિયાં રે! તીરથનાં;
કંઈ દિશદિશ મંહિથી મહામેહુલિયા ચ્હડિયા
આગમતીરથના.

આ મધુરસ આતમબોલ દિશાઓ બોલે રે! તીરથના;
કંઈ ભર્યા ભર્યા ભંડારો ભવના ખોલે
આગમતીરથના.

કો જ્યોતિર્ધર, બ્રહ્મભર, બ્રહ્માંડ ભરેલા રે! તીરથના,
કો બ્રહ્મર્ષિ નભભવ્ય વિરાટવરેલા
આગમતીરથના:

કંઈ યુગ ઉજળે એવા સન્મન્ત્ર વરસજો રે! તીરથના;
આ મહીને ભાવે એવાં તેજ ઝીલવજો
આગમતીરથનાં.
નવવસન્તના વાવલિયા! રમતા આવો રે! તીરથના;
કંઇ અભિનવ વેદ સમા યુગમન્ત્ર વહાવો
આગમતીરથના.

(યજ્ઞનારાયણને, જોગજમાતને, ને ગોરખનાથજીને નવજોગીઓ વન્દન વન્દે છે, પૂજ્યતાનો પૂજાપો ધરે છે.)

**ગોરખનાથ:** આવ, વ્યોમેશ! આવ.
જગતનો તું છે પરમ જોગી.
ગિરનાર ત્હારો છે.

(વ્યોમેશ મેઘમાળાને નમન નમે છે. મેઘમાળા વ્યોમેશને કુંકુમઅક્ષતે વધાવે છે.)

**મેઘમાળા:** મુજથી ન થયું, વ્યોમેશ!
એ કીધું ત્હેં.
તું છે પરાક્રમનું યે પરાક્રમ.

**સમસ્ત મંડળ:** જય ગિરનારીનો, કે
જોગન્દર જન્મે છે જગતે;
ને પગલાં પાડે છે ગિરિવરે.

**ગોરખનાથ:** પ્રણમો એ પૃથ્વીના શિખરને.
એ છે દત્તાત્રેયનો ધર્મધુરન્ધર:
પૃથ્વીસોહન્તો પર્વતપુરીનો ગુરુદેવ.
શિખરો થશે સોહામણાં હવે.
દુનિયાંએ કીધી દીપાવલિ,
ને ગિરનારે પ્રગટી યજ્ઞજ્વાળા.

હવે જાગશે નવનરસૈયો;
હવે અવતરશે જગતનો જોગન્દર
ને વિહરશે જગતની કુંજેકુંજે.
ગુફાઓમાં ગાજશે, ગિરિવર ગ્હડશે,
પી જશે નિર્ઝરણીનાં નીર.
ગિરનારમાં પામશે જગત્પ્રેરણા
ને વાવશે જઈને જગતમાં.
એ અવધૂત થશે
જોગીઓની જમાતનો મહાજોગી.
પૂર્ણિમા છે એ નવનરસૈયાની.

(વ્યોમેશની કર્ણગુફામાં ગોરખનાથજી શંખ ફૂંકે છે, જોગનો મન્ત્ર ઉચ્ચારે છે. આચાર્ય આદેશ આપે છે, ને વ્યોમેશ યજ્ઞફળ હોમે છે. અન્તરિક્ષભરતી યજ્ઞજ્વાળા ઉછળે છે, આભ તેજસ્વી થાય છે, શિખરો તેજના સ્તંભ થઈ રહે છે. પરાક્રમ ને જ્યોતિકા શિલાઓમાંથી યજ્ઞજ્વાળાનાં દર્શને આવે છે. એમને આઘેથી આવતાં નિરખી મેઘમાળા સંઘને સીમાડે સ્હામી જાય છે.)

**મેઘમાળા** : (ધીમા, સંયમશાળી, પણ ઘેરા શબ્દે ગાજતી)
આજે ય તે અસૂરાં?
જીવનના મહાયોગે પણ?
પરાક્રમ! વ્યોમેશ જોગી થયો.

**પરાક્રમ** : મ્હને પૂછ્યું'તું; ને વચને બાંધ્યો'તો.
વીરને નહી તો પ્રીતમને
ખોયો ત્હેં, શાણી!

**જ્યોતિકા**: અમે અસૂરાં નથી
કે બસૂરાં નથી આજ.

સૂર્ય ને ચન્દ્ર અસૂરા ઉગે
તો અસૂરાં ઉગિયે અમે જીવનયજ્ઞે—
જીવનની આવી ઘડી ઝીલવે.
જો, ચન્દ્ર ચમકે છે ચન્દનપાંખડીએ.
અમે પૂર્ણિમા પીધી—ઉગતી.
મેઘમાળા! અમે પરણ્યાં.

મેઘમાળા : (આનન્દના ઉર્મિએ મસ્તક ઉછાળતી)
હાશ; હૈયાં ઠાર્યાં મ્હારાં ને જગતનાં.
જગત થશે જ્યોતિકાની જ્યોત.
પણ થયું શું એ જોગભૂખ્યાને?

જ્યોતિકા: પરાક્રમને લાધી જગત્પ્રેરણા.
ઘંટા વાગી ને દુંદુભિ ગાજ્યાં અંહી,
ત્ય્હારે અમે ઘૂમતાં'તાં શિખરોમાં.
દૂરદૂરથી દીઠી એણે યજ્ઞજ્વાળા:
દિગન્તભરતી અને અવની અજવાળતી.
પછી નિરખ્યું મ્હારાં નયનોમાં.

મેઘમાળા: (અધીરી થઈને) ને પછી?
—ત્ય્હાં દીઠા ગગનતારલા.

જ્યોતિકા: પછી?—બસ થયું પછી.
ભૂખ ભાગી જોગભૂખ્યાની.
મોરલી વાગી મોરલીધરની
ને સિંહ ગેલવા લાગ્યો સિંહણ શું.
એ છબ્યો મ્હારા પાલવછેડલે
ને પાલવડે છાપી મુખથી પ્રેમમુદ્રિકા.

મેઘમાળા: જ્યોતિકા જીતી પરાક્રમને.

**જ્યોતિકા** : ( પરાક્રમને દાખવતી )
જૂવો મ્હારો પૂનમનો ચન્દ્ર.
(યજ્ઞજ્વાળા સમી જ્યોતિકાનાં ને ચન્દ્રદેવ
સમા પરાક્રમનાં બ્હેનડ મીઠડાં લે છે. )

**જ્યોતિકા**: કેમ બોલતો નથી? પરાક્રમ!

**મેઘમાળા**: પરાક્રમે કીધાં પરાક્રમ
તે શું બોલે? ને શું ઉચ્ચારે?
પૃથ્વીને જીતી પરાક્રમે.

**પરાક્રમ** : (પ્રફુલ્લેલાં અંગોને સંકોરતો સંકોરતો)
મેઘમાળા જીતી પરાક્રમને.
ત્હારા છે જીવનના જય.
વીરીથી વીર હાર્યો.
તું છે ગિરનારની ગોરખી.

**મેઘમાળા**: હું નથી જીતી, પરાક્રમ!
ગુરુનાં આગમ જીત્યાં છે:
'પર્વતપુરીના પ્રગટશે ગુરુદેવ;
તે એથી યે અધિકો અવતરશે
નવયુગનો નવનરસૈયો,'
ગુરુના એ આગમબોલ.
અબઘડી ભાખ્યાં જોગીઓના જોગેશ્વરે.
ચાલો, ચરણવન્દના લ્યો.
યજ્ઞભસ્મ ધારો ભાગ્યદેશે.

(આગળ માર્ગદાખવતી મેઘમાળા ને પાછળ પગલીમાં પગલીઓ પૂરતાં જ્યોતિકા ને પરાક્રમ યજ્ઞ નારાયણનાં દર્શને જાય છે. ગિરનારનો સંઘ ને જોગીઓની જમાત એ સંસારીજોગન્દરોને મારગ આપે છે. જનતાની કેડી રચાય છે, ને મંહી થઇને માનવત્રિવેણીનાં હૈયાંનીર વહે છે.)

ગોરખનાથ : ( ત્રિમૂર્તિને આવન્તી નિરખીને )
આવ્યો–આવ્યો મ્હારો સિંહલો
સિંહણને જીતીને સજોડલે:
સંસાર ઉભો છે પુણ્યાળુઓના પાયમાં.
આવ્યો મ્હારો નવનરસૈયો.
આવો ને પૂરો આગમને.
જોગી ! સંસારમાં યે વાવજે જોગ.

(ત્રિમૂર્તિ આવી, યજ્ઞનાગાયણને વન્દી, સમસ્ત યજ્ઞમંડળને પ્રણમી, નવજોગન્દરોને પ્રણમે છે, પરસ્પરની આંખોમાં હસે છે. ગોરખનાથજીનાં ચરણોમાં પરાક્રમ ઢળી પડે છે. પાયમાં પડતાને ઝીલી લઈ ગોરખનાથ હૈયે હૈયું ચાંપે છે, નયને નયન ચાંપે છે. )

ગોરખનાથ: શિષ્ય નથી, ભાઇ છો તું:
ગોરખનો ન્હાનેરો ભાઇ.
જૂવો, જોગન્દરોની જમાત!
એને ભાગ્યદેશે છે જોગટીલું,
ને નયનોમાં આંજેલો છે સંસાર.
પૂરશે એ ગિરનારીનાં આગમ
ને શીખવશે જોગસંસારનો સમન્વય.
એનો સંસાર પાંગરશે જોગવર્ણો.
જોગન્દરો પડશે ચરણોમાં
એ સંસારી સાધુનાં,
ગિરનારના એ નવનરસૈયાનાં.
નરના વૃક્ષરાજે ને નારીની વેલડ
પ્રફુલ્લશે પ્રારબ્ધયોગનાં ફૂલડાં.
જગત થશે જયની જ્યોત.
ગગનગરવો છે ગિરનારી.

યજ્ઞાગ્નિ છે બ્રહ્માગ્નિ:
બ્રહ્મમન્ત્રની આતમજ્યોત સમી
અગ્નિહોત્રની પુણ્યજ્યોત
જગતની છે જગત્પ્રેરણા.
જગત્જાહ્નવીના ઘાટવાસીઓ !
ત્ય્હાં શોધજો જયની જ્યોત.
જા ને જમાવ, પરાક્રમ !
સંસારી જોગીઓની જમાત.
યજ્ઞાગ્નિની પુણ્યજ્યોત
છે પરમ જગત્પ્રેરણા.
(અખંડઅવધૂતની જ્યોતિકા ચરણવન્દનાએ જાય છે.)

**ગોરખનાથ :** (હાથી શુંઢ ઉછાળે એવી હસ્તશૂંઢો ઉછાળીને)
જ્યોતિકા ! જગદંબા થજે જગતની.
તું જ છે મૂર્તિમન્ત જગત્પ્રેરણા:
જગતના આગમયજ્ઞની જવાળ.

(વળી ઘંટા વાગે છે, દુંદુભિ ગાજે છે, પૃથકપૃથક શંખઘોષણા ઘોરાય છે; ને ગિરનારનો એ મહાઘોષ જગતવનોમાં ઢોળાય છે. પરાક્રમ યજ્ઞકુંડમાં નિહાળે છે ને જ્યોતિકાને વદનમંડળે નિહાળે છે. સિંહની કેશાવલિ ઝોલાં ખાય એવી એની કેશાવલિ ઝોલાં ખાય છે.)

**પરાક્રમ :** (યજ્ઞકુંડની ને જ્યોતિકાની જ્યોત અમિનિષ આંખે ઝીલતો ઝીલતો)
એની કીકીઓમાં છે યજ્ઞકુંડો;
ને મંહી ઉછળે છે યજ્ઞજ્વાળાઓ.
હલમલાવશે પૃથ્વીના હિમાલયોને.
ભવિષ્ય ભાખે છે–ભવિષ્ય
એની આંખડીઓ.

---

## પ્રવેશ પાંચમો; દત્તાત્રેયની શિખરજ્વાળાઓ

( દત્તાત્રેયને શિખરે જતાં જ્યોતિકા ને પરાક્રમ ગગનપાયરીનાં પગથિયાં ચ્હડે છે. )

**જ્યોતિકા:** શિખરોનાં સોણલાં આવે, સોહાગીલાલ!
વનવનના વાયુઓ બોલાવે, સોહાગીલાલ!
તું છે પૃથ્વીનું પરાક્રમ.

**પરાક્રમ :** ને તું છે જગતની જ્યોત.
આ શિખરવાટ લીધી છે
એ ય છે પ્રારબ્ધ શુ ખેલ.
ગોરખશિખરેથી ને ઓઘડશિખરેથી
શિખરવાટે આવ્યાં દત્તાત્રેયે.
અને વચમાંની પેલી ત્રિપગલીઓ!

**જ્યોતિકા:** પરાક્રમનાં એ તો મહાપરાક્રમ.
સપ્તપદી ભરીશ તુજ શુ સંસારે;
મ્હારે નથી ભરવી એ ત્રિપગલી.
એ તો હતી વિરાટની ત્રિપગલીઓ;
ભરતાં ભૂલે એ પાતાળમાં પડે.
સિદ્ધા મારગ સ્વર્ગના.

**પરાક્રમ :** ખરૂં; પુણ્ય છે સ્વર્ગની પ્રેરણા.
સંસારની પરમ પ્રેરણા છે
સજ્જન અને સન્નારીની જ્યોત.

**જ્યોતિકા:** શિખરો ચ્હડતાં બિરદાવે છે મ્હને.
ત્હારાં પગલાંમાં પગલી પૂરી
હું ચ્હડું છું શિખરોને.
જગત છે સ્વર્ગનું સોપાન.

**પરાક્રમ** : સત્પત્ની છે પરાક્રમની પ્રેરણા.
પૃથ્વીખોળે સારાં કે નરસાં
પ્રારબ્ધ ઘડનારી છે પત્ની
—પુરુષની વિશ્વવિધાત્રી.
જગતની પુણ્યયાત્રાનો
જ્યોતિકા! તું છે મ્હારો જયધ્વજ.
નરની પ્રેરણા છે નાર.

**જ્યોતિકા**: હવે જઈશું પૃથ્વીના પરાક્રમદેશમાં ?
જોગી થયો ભોગી;
ભોગવશે ને ભોગવાવશે કલ્યાણભોગ:
સંયમથી, સદ્‌ભાવથી, સદ્‌ઉલ્લાસથી.
જગત ભોગવવાને છે; ત્યાગવાને નથી.
માણીગર માનવીને સરજ્યાં છે જગન્નાથે
પુણ્યપાંખે જગત માણવાને.
પુણ્ય ચરે તે પરાક્રમી;
ને જીતે જગતને ને જગન્નાથને.

**પરાક્રમ** : જ્યોત જાગે તે જીતે.
લગ્ન છે પૃથ્વીનાં પુણ્યનો પરિપાક.

**જ્યોતિકા** : (પહેલા જ ચોકમાં પગ મૂકતાં)
પરાક્રમ! મ ભૂલતો મેઘમાળાને.

**પરાક્રમ** : બ્હેનડને ભૂલું તો જીંદગીને ભૂલું
બ્હેનડ મઠ માંડવાની છે
સંસારમાં સંસારની જોગણોનો.
કર્પુરકાન્તિ દેવનાં દર્શન પામી

આપણે યે પગલાં ભરીશું
સંસારકલ્યાણાર્થે સંસારમાં.

જ્યોતિકા: ગંભીર ગિરિગુફાઓ ન્હોતરે, સોહાગીલાલ!
જોગન્દર ચાલ્યા ગામોતરે, સોહાગીલાલ!

(શિખરે ચ્હડતી, ને પગલે પગલે વિસ્તરતી દિશાઓ નિહાળતી, જ્યોતિકા અદ્‌ભુત નિરખે છે ને જાગ્યા જેવી બોલી ઉઠે છે.)

જ્યોતિકા: પરાક્રમ! જો જો–ન્હણે શિખરે:
અદ્‌ભુત ઉગે છે અજવાળાં:
જાણે આભ સળગ્યો!
જ્યોત જાગી ગિરનારની.

પરાક્રમ: હા, જ્યોતિકા! અદ્‌ભુત ઉગ્યાં.
આ છે દત્તાત્રેયનું શિખર;
ને શિખરે છે ગિરનારીની જ્વાળા.
સૂર્ય ને ચન્દ્ર બન્ને વરસે છે
બ્રહ્મતેજ ગિરનારને શિખરે.
જગત થશે જયભોમ.

જ્યોતિકા: આ તો ભભૂકા છે ભોમજ્વાળાના:
વિશ્વયજ્ઞની જાણે યજ્ઞજ્વાળાઓ.
કાલે કહેતા'તાને ગોરખનાથજી
કે યજ્ઞજ્વાળા છે બ્રહ્મજ્વાળા–એવી.
અવધૂતોનાં ભસ્મઅંગોમાં યે
ભભૂકે છે જગત્‌જ્વાળા.

પરાક્રમ: (શિખરે ચ્હડતાં ચ્હડતાં)
વિશ્વ સમગ્રને આકર્ષતી
એ છે જગત્પ્રેરણા.

જગતનું આકર્ષણ છે નાર.—

જ્યોતિકા: ને નારીનું આકર્ષણ છે નર.
તો તો નર છે જગત્પ્રેરણા.

પરાક્રમ : જગત્પ્રેરણા છે નીરવાસી નારાયણ
ને મહાદેવી મહાલક્ષ્મી.
( ઘડીક વિચારીને )
આજે છે પૂનમ ઉપર પડવો.
સંગાથે સુહાય છે સૂર્યચન્દ્ર.

જ્યોતિકા: પરાક્રમ ને વ્યોમેશ સમા.

પરાક્રમ : જ્યોતિકા ને મેઘમાળા જેવા.
( ઘડીક થંભી પરસ્પરની આંખોમાં ઉંડું-ઉંડેરૂં કંઈક વાંચે છે. )

જ્યોતિકા: ચાલ, ચ્હડિયે શિખરે;
દત્તાત્રેયની જ્વાળા ઝીલવાને.

પરાક્રમ : શિખરોનો માર્ગ છે દેવોનો માર્ગ.
જ્યોતિકા ! તું છે દેવમાર્ગની પ્રેરણા.
( જ્યોતિકાના ગીતસૂરે પરાક્રમ શિખરે ચ્હડે છે. )

જ્યોતિકા: શિખરોનાં સોણલાં આવે, સોહાગીલાલ !
વનવનના વાયુઓ બોલાવે, સોહાગીલાલ !
જોગમાં સંસાર જો ! ઢોળાયે, સોહાગીલાલ !
જોગથી જગવાડીઓ સોહાયે, સોહાગીલાલ !
પરાક્રમ ! તુજમાં છે મૂર્તિમન્ત
સંસારનો ને સંન્યસ્તનો સમન્વય.

પરાક્રમ : જગત જગતેશ્વરનો જય છે ?
કે જગતેશ્વરીનો ?
( અગમ્યેથી કોઈક જયશંખ વાય છે, ને જયદુંદુભિ વગાડે છે.

એ જયનાદ જઈ જગતને વધાવે છે. )

**પરાક્રમ** : ચાલ શિખરે ચ્‍હડિયે;
ગિરનાર બોલાવે છે.

**જ્યોતિકા:** થાક નથી લાગતો, પરાક્રમ!
શિખરો ચ્‍હડતાં?
કે શિખરો ચ્‍હડતાં થાકે
એ પરાક્રમ નહિ?

**પરાક્રમ** : જગતે જ્યોતિકાને શોધતાં
થાકે એ પરાક્રમ નહિ
જનજનને જડશે નિજ જ્યોત
—શોધશે ત્‍હેમને.

**જ્યોતિકા:** શિખરશિખરેથી ગિરનાર બોલે છે
કે દત્તાત્રેયની જાગી જ્વાળા.
વિશાળું વિશાળું–સાગરસીમવિશાળું
જગત ઝીલશે એ જ્વાળ.

**પરાક્રમ** : અને આપણે પ્રગટાવશું એના દીવડાઓ
સંસારદેશમાં જઈને.

**જ્યોતિકા:** અને જાગેલું જગત જોશે
પરાક્રમનાં પુણ્યવર્ણાં પરાક્રમો.

( જાળવી–જાળવીને, ધીરે ધીરે, ફૂલની પાંખડીઓ પડેઉપડે એમ, છેલ્લાં પગથિયાં ચ્‍હડે છે, અને આસ્માનના મહાઘુમ્મટ નીચે જઈ ઉભે છે: જાણે પર્વતમાંથી પ્રગટેલાં પદ્મરાજો. )

**જ્યોતિકા** : (જગતજ્યોતો દાખવતી દાખવતી)
ઓહો! આ તો સૂર્યદેવનાં ભર્ગ,
અને ચન્દ્રદેવનો અમૃતકુંભ:

સન્ધ્યાની સન્ધિકાને અજવાળતા.
એક ચ્હડે છે શિખરશૃંગે;
ને શિખરે સોહાતો હતો
એ બેઠો જઈને પૃથ્વીપાળે;
ને પરવરે છે કલ્યાણયાત્રાએ
પૃથ્વીનું બીજું પડ ઉજાળવાને.

( શિખરેથી ગીતચરણો ગાય છે તે દિશાદિશામાં ઢોળાય છે. )

જૂવે છે સૂર્ય, જૂવે ચન્દ્રમા, સોહાગીલાલ!
નિરખે છે આભની અનન્તતા, સોહાગીલાલ!

**પરાક્રમ** : સૂર્ય છે પરમ જગત્પ્રેરણા.
મહર્ષિએ ભાખ્યું છે ગાયત્રીમન્ત્રમાં
ને વિજ્ઞાનશાસ્ત્રીઓ પૂરે છે આજ સાખ.
સૂર્યોના યે સૂર્યથી વિશ્વમંડળ છે વર્ચસ્વી.
દત્તાત્રેયની જ્વાળાએ, જ્યોતિકા!
ચ્હડાવ્યાં આ શિખરોએ.

**જ્યોતિકા**: પૃથ્વીનાં પુણ્ય જીવાડે છે પૃથ્વીને.

**પરાક્રમ** : શિખર છે પૃથ્વીનું બ્રહ્મરન્ધ્ર.
નર ને નારનો, શ્રેયસ્ ને પ્રેયસ્નો,
અગ્નિ ને ઇન્ધનનો, સૂર્ય ને પૃથ્વીનો,
આત્મન્ ને પરમાત્મનનો
યોગાગ્નિ છે જગત્પ્રેરણા.

**જ્યોતિકા**: હા, યજ્ઞાગ્નિ છે બ્રહ્માગ્નિ.
આર્યો અને ગ્રીકો યુદ્ધે ચ્હડતા
પુણ્યવર્ચસ્વી યજ્ઞજ્યોતને પૂજીને;
ને જીતતા'તા મહાજંગો.

**પરાક્રમ** : ગિરનાર છે ગુર્જરોનો ગૌરવમણિઃ
જોગની જ્યોત ને સંસારનો સોહાગ;
સ્વર્ગપન્થનું પુણ્યપગથિયું.
પચ્ચાસ–પચ્ચાસ ગાઉ પ્રલંબાયેલી
એની છે પૃથ્વીપથરાતી પાંખો;
અને એ મહાપાંખોએ
ગિરનાર ઉડે છે અનન્તમાં.

**જ્યોતિકાઃ** અને આપણે યે ઉડીશું
અનન્તનાં યાત્રાળુઓ
અનન્તનાં આંગણુમાં એ મહાપાંખોએ.
પરાક્રમની વગાડું છું ઘંટા.

**પરાક્રમ** : વગાડ જગતઘંટા કે જગત જાગે.
આ તો છે જગત્પ્રેરણાની જયઘંટા.
જગત સાંભળશે ત્હારો જયનો ઘંટાનાદ.

( યોજનો પથરાતો ને દિશાઓમાં ઢળી જતો વિસ્તરેલો છે સોરઠનો સરવો દેશ. આભના આધાર જેવો મધ્યે ઉભો છે ગિરિવર ગિરનારઃ ગગનમંડળમાં નિરખતો ને જગત્મંડળને અભિષેકતો. ગિરનારીનું શિખર છે ગિરનારની શિખાજ્યોત. એ ગિરિશિખરે ઉભાં ઉભાં જ્યોતિકા ને પરાક્રમ ગિરનારની ઘંટા વગાડે છે; અને સોરઠનું સારૂં ક્ષિતિજમંડળ ઝીલે છે એ ઘંટાનાદ. )

**જ્યોતિકાઃ** અખ્યાતો રહો મ્હારો નવનરસૈયો.
નવયુગના ઘાટમાં ભૂલું પડેલું
સારૂં જગત શોધે છે નવનરસૈયાને આજ.
સંસારનાં સોણલાં આવે, સોહાગીલાલ!

( જગતની જયઘંટા જેવી જ્યોતિકા જગત્મંડળમાં ગાજી રહે છે. )

# ગીતાવલિ


અર્પણ; ગિરનારને ચરણે. પાનું ૭

## અંક પહેલો

પ્રવેશક : પ્રારબ્ધની ડાળીએ ફૂલ્યું એક ફૂલ. ૧૯

પ્રવેશ ૧લો : માનવી ! માનીશ મા. ૨૭

પ્રવેશ ૨જો : આંબાના મ્હોર, પેલા આંબાના મ્હોર. ૩૩–૪૦

પ્રવેશ ૩જો : અવધૂત ! આવજો હો ! ૪૬

પ્રવેશ ૪થો : વડાં વિશાળ જગનાં આભ. ૫૩

પ્રવેશ ૫મો : જગની વાડીમાં અમે રમવાને ગ્યાં'તાં. ૫૪

ઝીણું ઝીણું ઝરમર વરસે નીર. ૫૮–૫૯

હો ! જય જય, ભવસ્વામી ! ભવસ્વામી ! ૬૩

## અંક બીજો

પ્રવેશ ૧લો : મ્હારી વાડીમાં મ્હેકમ્હેક મોગરો. ૬૮

પ્રવેશ ૨જો : ઝરણીઓ ઝરી ઝરી જાય છે હો ! ૭૬

જગની જોગણો ! અહાલેક. ૮૦

પ્રવેશ ૩જો : આવો–આવો, વીરા રે ! ૮૩

કોકિલા ! ન્હવરાવું કાંઈ તુજને ચન્દનથી. ૯૦

પ્રવેશ ૪થો : રાસનાં આદિ ચરણો ૯૨,૯૩,૯૩,૯૫,૯૬,૯૭

પ્રવેશ ૫મો : ચન્દની રે ! ચન્દની. ૯૮

એક અવધૂતે વાંસળી વગાડી. ૯૮

વાદળી આવે–આવે, ને ઉડી જતી. ૧૦૧

હો ! ગીરનાં સાવજડાં રે ! ૧૦૭

## અંક ત્રીજો


| | | |
|---|---|---|
| પ્રવેશ ૧લો: | અમે જોગીઓનાં બાળ. | ૧૧૩ |
| પ્રવેશ ૨જો: | સિન્ધુડો ગાય છે સોનલનાં નીર. | ૧૨૦ |
| પ્રવેશ ૩જો: | જગતના ડુંગરિયા બોલે. | ૧૨૨ |
| | આચ્છાદ્યો આકાશ. | ૧૨૩ |
| પ્રવેશ ૪થો: | હરિની ચન્દની ઝરતા ચન્દનચન્દ્રમા. | ૧૩૦ |
| | રમતલ રમણે ચ્હડ્યા માણુરાજ. | ૧૩૨ |
| | કો કાળવહીના ભણુતલ જોગી આવો રે! તીરથના. | ૧૩૪ |
| પ્રવેશ ૫ મો: | શિખરોનાં સોણલાં આવે, સોહાગીલાલ! | ૧૪૧-૪૩-૪૪-૪૬-૪૭ |

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ગિરનારને ચરણે | પાનું ૭ |
| પ્રસ્તાવના | ૯ |
| **અંક પહેલો** | |
| પ્રવેશક | ૧૫ |
| પ્રવેશ ૧ લો, ગિરિવરને ઝરૂખે | ૨૦ |
| પ્રવેશ ૨ જો, શેષાવનની કુંપળોમાં | ૩૩ |
| પ્રવેશ ૩ જો, ગિરિશિખરોના મન્ત્રોચ્ચાર | ૪૦ |
| પ્રવેશ ૪ થો, સેવાદાસજીની અગાસીમાં | ૪૭ |
| પ્રવેશ ૫ મો, ભવનાથનાં દર્શને | ૫૪ |
| **અંક બીજો** | |
| પ્રવેશ ૧ લો, ગરૂડો ઉડાડતો | ૬૭ |
| પ્રવેશ ૨ જો, નિર્ઝરણીનાં નીરતીરે | ૭૫ |
| પ્રવેશ ૩ જો, મહામાયાની નટડી | ૮૩ |
| પ્રવેશ ૪ થો, માણેક મહેતીની મૃત્યુશય્યા | ૯૨ |
| પ્રવેશ ૫ મો, ગિરનારનો સંઘ | ૯૮ |
| **અંક ત્રીજો** | |
| પ્રવેશ ૧લો, ચન્દનીમાં ગિરિવર ચ્હડતાં | ૧૦૮ |
| પ્રવેશ ૨જો, ઉપરકોટના કાંગરાઓમાં | ૧૧૪ |
| પ્રવેશ ૩જો, શિલાછાટોમાંની ગુફા | ૧૨૨ |
| પ્રવેશ ૪થો, કમંડળુ કુંડે આગમયજ્ઞ | ૧૩૦ |
| પ્રવેશ ૫મો, દત્તાત્રેયની શિખરજ્વાળાઓ | ૧૪૧ |
| ગીતાવલિ | ૧૪૮–૧૪૯ |